કુમાર

[આવ]તી કાલનાં નાગરિકોનું માસિક · વર્ષ તેત્રીસમું · અંક સાતમો · જુલાઈ ૧૯૫૬ · આવતી કાલનાં નાગરિકોનું માસિક · વર્ષ તેત્રીસ[મ]ું · અં




વંદના · કલાકાર નંદલાલ વસુ · 'કેસૂડાં'ના સૌજન્યથી

૩૯૧ તંત્રી · બચુભાઈ રાવત
સંસ્થાપક · રવિશંકર રાવળ




ભગત • કલાકાર રસિકલાલ પરીખ

કલમની કાબેલિયત દર્શાવતો સ્કેચ



કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૯; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ: બાર આના



અહીં પ્રગટ થતા દરેક પત્ર તથા ચિત્ર માટે એક ત્રિ-રંગી ચિત્ર ભેટ મોકલાશે.

'કુમાર'ના મે અંકમાં અપાએલી ગણિતગમ્મતની એક બીજી વિશિષ્ટતા તરફ ધ્યાન દોરવા માગું છું કે તેમાં ક્રમવાર લીધેલ ત્રણ સંખ્યા(દા. ત. ૪,૫,૬)માં છેલ્લી બે સંખ્યાના ગુણાકાર કરતાં વચ્ચેની સંખ્યાનો વર્ગ મોટો હોવા ઉપરાંત તે વર્ગ તથા પહેલી અને છેલ્લી સંખ્યાના ગુણાકારનો તફાવત હમેશાં '૧' રહે છે. જેમકે ૧૫, ૧૬, ૧૭. એમાં ૧૫×૧૭=૨૫૫; અને વચ્ચેની સંખ્યા ૧૬નો વર્ગ ૨૫૬; તફાવત=૨૫૬-૨૫૫=૧.

(સીનુગરા) —જુગતરામ જોશી

[ભાઇ કનુ ડાભી (જૂનાગઢ) તથા પ્રદીપ દેસાઈ(અમદાવાદ)એ પણ આ જ મુદ્દો અમને લખી જણાવ્યો છે.]

મે અંકમાંના 'ડુંગળી : ગરીબની કસ્તૂરી'વાળા વૈદ્યશાસ્ત્રી જાદવજીભાઈના લેખ અંગે નીચેના પ્રશ્નોના જવાબ આપવા કૃપા કરશો : (૧) ડુંગળીને આંખ માટે સેવન યોગ્ય કેવી રીતે બનાવાય? (૨) ડુંગળીનું ચર્વણ કેમ બને?

શ્રી રામુભાઈ પટેલની દરખાસ્ત મને ગમી. તેને યોગ્ય રૂપ આપશો તો વાચકો ખુશ થશે.

(કચ્છ-માંડવી) —જગદીશ ર. શાહ

ભાઇ અસગરઅલી પટેલે 'બંદરનાયક'નહિ પણ 'બંડારનાયક' સાચું હોવાનું લખ્યું છે. હું માનું છું કે બંદરનાયક સાચું છે. જેમ સેનાના નાયક ઉપરથી સેનાનાયક અટક પડી તેમ બંદરના નાયક ઉપરથી બંદરનાયક અટક છે.[૧]

આવતે વર્ષે બહાર પડનારા નવા પૈસાના આકારો તથા માપ એક સરખાં છે.અત્યારે જૂના પૈસામાં ચાર આના તથા એક આનામાં જે રાત્રે ગોટાળા થાયછે[૨] તે આ નવા પૈસામાં થવા સંભવ છે. શું કમિટીની મીટિંગો મળે તેમાં કોઇને ખયાલ નહિ આવ્યો હોય?[૩]

(ભાવનગર) —સુમન ભટ્ટ

[(૧) એમાં આપણી માત્ર 'માન્યતા'ન ચાલે. અમારી એક માહિતી પ્રમાણે 'બંડાર' ગામના તે હોવાથી 'બંડારનાયક' થયું છે. અમુક સ્થળે તેમને 'ભંડારનાયક' પણ કહ્યા છે. પણ 'બંદર' નથી એ તો નિશ્ચિત છે. (૨) અત્યારના ચાર આનાના તથા એક આનાના સિક્કા વચ્ચે કદમાં ફેર હોવાથી સામાન્ય સમજદાર માણસને હાથે એવી ભૂલ ન જ થાય. (૩) કમિટીમાં અક્કલ ન હોવાની શંકા કરવીએઆપણી નાનમ દર્શાવે છે. આ નવા સિક્કાનાં કદ પણ નાનાંમોટાં રાખવામાં આવનાર છે.]


હવેથી આ સ્થળે દર મહિને આગામી માસનું કૅલૅન્ડર એક કલાકણિકા સાથે આપતા રહેવાની યોજના છે. આ માસનું ચિત્ર વિખ્યાત કલાકાર શ્રી જગન્નાથ અહિવાસીએ રાજપૂત શૈલીએ કરેલું લલિત રેખાંકન છે, જે મુંબાઇની કળાશાળાના વાર્ષિક 'રૂપભેદ' માંથી અહીં સાભાર ઉતાર્યું છે. આ કૅલેન્ડરને કાપીને, પોસ્ટ-ઑફિસનાં રદ્દી કાર્ડ જેવી વસ્તુ ઉપર ચોડી ટેબલ પર, ડાયરીમાં,- ભીંત પર કે હિસાબ-પોથીમાં રાખી શકાય. કાર્ડની પાછળના ભાગમાં કોરો બ્લૉટિંગ પેપર ચિટકાવીને બ્લૉટર પણ બનાવી શકાય.



ઑગસ્ટ ૧૯૫૬

રવિ	સોમ	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ
ૠ	ૠ	ૠ	૧	૨	૩	૪
૫	૬	૭	૮	૯	૧૦	૧૧
૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮
૧૯	૨૦	૨૧	૨૨	૨૩	૨૪	૨૫
૨૬	૨૭	૨૮	૨૯	૩૦	૩૧	ૠ

માર્ચ અંકમાં રહસ્યકથાના ઉકેલ માટે આપેલાં કારણોમાં એક મહત્ત્વનું કારણ બ ફી રહ્યું છે. નસની નાડ તપાસવાની બનાવટી રીત પણ ખોટી છે. સાચી રીત આંગળીઓ કાંડાની નીચેની બાજુએ (હથેળી તરફ) અને અંગૂઠો ઉપર રાખીને જોવાની છે.



મે અંકમાં છેલ્લે પાને આપેલી જમીનની આકૃતિના ચાર સરખા ભાગ ઉપર પ્રમાણે પાડીએ તો વધુ વ્યવહારુ ગણાય. એમાં કોઇ પણ ભાગમાં ટ ટુકડા નથી થતા.

(મોરબી) —જગદીશ થાણાવાળ

[એમાં 'એકસરખા' એટલે આકારમાં તેમ ક્ષેત્રફળમાં બંને રીતે એવું અપેક્ષિત છે. ભા જગદીશે સૂચવેલા ભાગ ક્ષેત્રફળમાં એકસ ખા છે, પણ આકૃતિમાં નહિ.]

આઇન્સ્ટાઈનના સાપેક્ષવાદનો સિદ્ધ ગુજરાતીમાં ઉતારનાર ફક્ત 'કુમાર' જ છે. જ રીતે 'અણુશક્તિ' પર અભ્યાસપૂર્ણ લે આપવાની ગોઠવણ થાય તો માસિકની ઉન પ્રણાલિકા સચવાવા ઉપરાંત અભ્યાસી વા વર્ગ પર ઉપકાર થશે.

(મુંબાઇ) —રોશનઅલી લાખા




સત્તરમા સૈકાની 'દશાવતાર'ની એક ચિત્રપોથીમાંનું ચિત્ર **કલ્કિ-અવતાર** પ્રો. કાન્તિલાલ વ્યાસના સંગ્રહમાંથી તેમના સૌજન્યથી

સત્તરમા શતકની ગુજરાતી લોકચિત્રકલા વિષેના આ અંકમાંના પ્રો. વ્યાસના લેખ 'દશાવતાર ચિત્ર'માં જણાવેલાં દસ ચિત્રો પૈકીનું છેલ્લું કલ્કિ અવતારનું ચિત્ર એના સુરેખ આલેખનને લીધે સુંદર હોવાથી અહીં પૂર્ણ રંગમાં પ્રકટ કર્યું છે. એની પુરોભૂમિમાં નદી વહેતી બતાવી છે, જેમાં કમળો ખીલ્યાં છે. નદીને તીરે તીરે એક કેડી ચાલી જાય છે. એના ઉપર પાર્શ્વભૂમિ લીલાશપડતી ભૂરી છે. 'પૅનલ'ને સૌથી અગ્રભાગે આકાશની નાની પટી આછા ભૂરા રંગ વડે આલેખી છે. ચિત્રની મધ્યમાં કલ્કિ ભગવાનનો દિવ્ય અશ્વ છે. એનું રેખાંકન ઉત્તરકાલીન રાજસ્થાની અને પહાડી ચિત્રોની હરોળમાં બેસે છે. અશ્વ શ્વેત રંગનો છે જે દિવ્યતાનો સૂચક છે. એનાં પડખાંમાંથી બે પાંખો ફૂટતી દર્શાવી છે. એનું જીન કીમતી છે અને લગામ સોનાની છે. ચારે પગે એને તોડા પહેરાવેલા છે ને માથે લાલ છત્ર ધરેલું છે. ઘોડા પર કોઈ જ બેઠું નથી, પણ એક વ્યક્તિ એની લગામ પકડીને ઊભી છે. એ છે કલ્કિ અવતાર. કલ્કિ ભગવાને સફેદ બારીક વસ્ત્રનો અંગરખો પહેર્યો છે, ધોળો કમરબંધ સજ્યો છે અને સિંદુરિયા રંગની સુરવાલ પહેરી છે. માથે સોનાનો મુગટ ને પગે રાજસ્થાની જોડા છે. એમનો વર્ણ વિષ્ણુના જેવો નીલ છે. એમના જમણા હાથમાં કરવાલ અને ડાબા હાથમાં લગામ સાથે બાંધેલું દોરડું છે. ચિત્રમાં ડાબા છેડા ઉપર કેળના ઝાડનું અર્ધચિત્ર આપ્યું છે, જેમાંથી લાલ કેળાંની લૂમ ઝઝૂમી રહી છે. સામી બાજુએ ઊંચું તાડવૃક્ષ ને એની પાસે મહોરેલો આંબો ઝઝૂમી રહ્યો છે. ચિત્રની રેખાઓ વિશદ અને સંયોજન આકર્ષક છે.









'માનવકુટુંબનું મહાગાન' પ્રદર્શનનાં ચિત્રો

પ્રદર્શનની ગોઠવણી ખૂબ સમજદારી પૂર્વક કરી છે. તેનો પ્રથમ વિભાગ છે 'પ્રણય': (ડાબી બાજુ મથાળે—માર્જરી લુઈસ) 'એણે મને પૂછ્યું હા? અને મેં કહ્યું હા.' (મથાળે જમણી બાજુ—ન્યૂ ગિની: લૉરેન્સ લગ્વે)...પછીનો વિભાગ છે 'લગ્ન': (નીચે ડાબી બાજુ—ભારત: ફ્રૅંક હૉર્વટ) 'મુખદર્શન'...ને પછી આવે છે 'ગર્ભાવસ્થા' (મેક્સિકો—મૅન્યુઅલ આલ્વારેઝ બ્રાવો)

વધુ ચિત્રો માટે જુઓ પાછળની ચિત્ર-પ્લેટ

મેહુલિયો

· ગાન ·

મેહુલિયો વંન વંન વરસ્યો જાય.
ફૂવે ફૂવે તે રંગલે'યું ચડે રે
એવી શોભે વસુંધરાની કાય...

પીળાં તે પર્ણ કેરી ડમરી શમી ને
ભીની ધરતીની આવતી સુગંધ,
નીરવ એકાન્ત કેરી કુંજ મહીં નાચંતો
ટહુકી રહેલ નીલકંઠ;
નવેલાં સરવર જલ છલકાય...

નીડમાં ભીંજાય ભેળાં બેઠાં પારેવડાં
તે પાંખની મધુર હૂંફ માણે,
પાંપણ પલકે ને નર્યો નીતરંતો નેહ
એની વાતને વણાય કેમ વાણે?
રે ડોલતી ડાળીઓમાં વ્યોમ વીંટળાય...

હું રે ભીંજું છું મારા ખેતર મોઝાર
મારો શામળો ભીંજાય મારી સાંતી,
આંચમાંહિ કુંજફૂલ લેઇને ઊડે તે
મારું હૈયું કે હંસની પાંતી!
ગોવાળિયો મોરલીમાં મનડું વાય...

રાજેન્દ્ર શાહ

કોણ માનશે?

· ગઝલ ·

કંટકની સાથ પ્યાર હતો, કોણ માનશે?
એમાં ય કાંઇ સાર હતો, કોણ માનશે?

કે એક વાર બાગમાં આવી હતી બહાર,
દેનાર યાદ ખાર હતો, કોણ માનશે?

જન્નતની વાત મેં ય પ્રથમ સાંભળી હતી,
હું યે ત્યહીં જનાર હતો, કોણ માનશે?

હારી ગએલ જિંદગીથી બોધ દઈ ગયા
એ સાર ખુદ અસાર હતો, કોણ માનશે?

આવી હતી બહાર કદી ઘરને આંગણે,
ને હું જ ઘર-બહાર હતો!–કોણ માનશે?

ખખડી રહ્યાં સુકાયલાં પાનો પવન થકી,
હસવાનો એક પ્રકાર હતો, કોણ માનશે?

હસવું પડ્યું જે કોઇને સારું લગાડવા,
એ શોકનો પ્રકાર હતો, કોણ માનશે?

જેથી હું અંધકારને ભાળી શક્યો નહિ,
જ્યોતિનો અંધકાર હતો, કોણ માનશે?

મહેફિલમાં જેણે મારી ઉપેક્ષા કરી 'અનિલ',
હૈયામાં એના પ્યાર હતો!–કોણ માનશે?

રતિલાલ 'અનિલ'

અષાઢ

ગાન ·

આયો અષાઢ!
સઘન ગગન ઘન ગરજ સુણીને થરથર કંપ્યા પ્હાડ!

કાજળ ઘેરાં વાદળ છાઇ દિશા ચૂવે અંધાર,
ઝબકે સબકે લબકે વીજ કરી નાગણ શા ફુત્કાર,
વન વન દંડન ખંડન કરતો સમીરણ પાડે ત્રાડ!

ઉઘલ ઉઘલ દલ વાદળ પલપલ વરસે મૂશળધાર,
પ્રકૃતિ રૂઠી ઊઠી આજે ધરે પ્રલય-સિંગાર,
રંગરંગીલી ઓઢણી છોડી ઓઢે જળ-ઓછાડ!

આભ ચીરીને ઊતરે જાણે વૈતરણીનાં વાર,
આકુલ જનગણ કંઠે ઊઠતો ઘેરો એક પુકાર,
પ્રલયંકર હે શંકર! એને ઝીલો જટાની આડ!

પ્રદ્યુમ્ન તન્ના

નહિ આવું

· ગાન ·

ગોકુળથી ગોવર્ધન જાવું
ને શ્યામ, તો ય વચ્ચે વૃંદાવન નહિ આવું.

દાણ તણો લેશ નથી ડર રે ઓ કાન!
એમ અમથા ફુલાતા નહિ મનમાં,
બંસરીનો નાદ હવે ભૂલવે ના રાહ
હવે સુણતી એ સૂર ક્ષણેક્ષણમાં;
સંતાશો તો ય નહિ શોધું ઓ કાન,
તમે કહો તો એ માન પણ મુકાવું.
હવે વચ્ચે વૃંદાવન નહિ આવું.

ફોગટના પોરસાઓ નહિ રે ઓ કાન,
હવે ભૂલી પડું ન કુંજગલીએ,
સામે આવીને તમે રસ્તો રોકો તો અમે
આડબીડ મારગે ઊપડિયે;
કોઈની યે રોક કે ન કોઈની યે ટોક,
હવે મારગ મળે એમ જાવું:
તો ય વચ્ચે વૃંદાવન નહિ આવું.

અમને મિલન કેરો આવડિયો મંતર રે
ખોવાયું હોય એ જ ખોળે,
દીધું'તું એથી તો કૈંકગણું પામિયાં રે
આપ્યું રતન કોણ રોળે?
જેને ગરજ હોય આવે ને સ્હાય હાથ
મારે તે શી ને મૂંઝાવું!
હો શ્યામ, હવે વચ્ચે વૃંદાવન નહિ આવું.

ગોકુળથી ગોવર્ધન જાવું
ને શ્યામ, તો ય વચ્ચે વૃંદાવન નહિ આવું.

હરીન્દ્ર દવે

દશાવતાર ચિત્ર

આ અંકમાંના
રંગચિત્રને અનુલક્ષીને
ગુજરાતની તળપદી ચિત્રકળાની
આલોચના કરતો લેખ



લેખક
પ્રો. કાન્તિલાલ બ. વ્યાસ
એમ.એ.; એફ.આર.એ.એસ.

પ્રાચીન સાહિત્યમાં આવતા અનેક ઉલ્લેખો–તામિલ કવિતા મણિમેખલઇ, સોમદેવકૃત કથાસરિત્સાગર અને તિબ્બતી ઇતિહાસકાર તારાનાથના ઉલ્લેખો-ઉપરથી, તેમજ બાઘની ગુફાઓમાં આલેખાયેલા હાંડિયારાસ જેવા, ગૂજરાતનું સાંસ્કારિક જીવન પ્રદર્શિત કરતા ભિત્તિચિત્ર ઉપરથી પ્રાચીન અને મધ્યકાલીન ભારતવર્ષની કલા-કારીગરીમાં ગૂજરાતનું ઊંચું સ્થાન હતું એની પ્રતીતિ થાય છે. મધ્યકાલીન ગૂજરાતી ચિત્રકલાની ખાસ વિશિષ્ટ આલેખનપદ્ધતિ (technique) અર્ધથી અધિક પાર્શ્વદર્શન (three-fourths profile)–[૧] (ફૂટનોટ લેખને છેડે છે) એટલે કે બીજી બાજુ મુખરેખામાંથી બહાર ઊપસતી દેખાતી આંખ, લાંબું અણીદાર નાક વગેરે ઇલોરાના કૈલાસનાથના મંદિરની છત પર આલેખેલું લક્ષ્મીનું ભિત્તિચિત્ર ગૂજરાતી ચિત્રકલાનાં ઘણાં વિશિષ્ટ લક્ષણો પ્રકટ કરે છે. અને એ પછી કેટલેક કાળે ગૂજરાતની લઘુચિત્રોની પરંપરા શરૂ થાય છે. એ પરથી અજંતા-ઇલોરાનાં ભિત્તિચિત્રો ઉપરથી ગૂજરાતની ચિત્રકલાની ઉત્પત્તિ થયેલી મનાય છે.

ગૂજરાતી ચિત્રકલાનો ઉદ્‌ગમ ઈ. સ. ૧૧૦૦થી થયેલો જણાય છે. ત્યારથી ભિત્તિચિત્રોનો યુગ પૂરો થઈ હસ્તપ્રતોનાં લઘુચિત્રો (miniatures)નો યુગ આરંભાય છે. ઈ. સ. ૧૪૦૦થી ગૂજરાતી લઘુચિત્રો તાડપત્ર ઉપર આલેખાયેલાં મળી આવે છે, પણ પછી તાડપત્રનું સ્થાન કાગળે લીધું છે. ઈ. સ. ૧૬૫૦ પછી ગૂજરાતી ચિત્રકલા રાજપૂત ચિત્રકલામાં વિલીન થઈ જાય છે. ગૂજરાતી લઘુચિત્રો બહુધા જૈન ધર્મ-ગ્રંથોનાં સુશોભન રૂપે પ્રાપ્ત થયાં છે, જોકે થોડાંક વૈષ્ણવ અને શાક્ત ગ્રંથોનાં લઘુચિત્રો પણ મળી આવ્યાં છે.

જૈન ગ્રંથોમાં લઘુચિત્રો અતિ વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ થવાથી આરંભમાં કલા-મીમાંસકોએ આ કલાને 'જૈન ચિત્રકલા' તરીકે ઓળખાવી હતી. ડૉ. કુમારસ્વામીએ આરંભમાં એને 'જૈન સાંપ્રદાયિક કલા' કહી, અને પ્રો. નૉર્મન બ્રાઉને એને પ્રથમ 'શ્વેતાંબર જૈન કલા'નું નામ આપ્યું, પણ પછી એ અવ્યાપ્ત અને અસંતોષકારક જણાતાં એને 'પશ્ચિમ ભારતીય ચિત્રકલા' એવું નવું અભિધાન આપ્યું.

જાણીતા ગૂજરાતી ચિત્રકલામીમાંસક શ્રી નાનાલાલ ચમનલાલ મહેતાએ પ્રથમ આ ચિત્રકલા ગુજરાતી હોવાનું પ્રતિપાદન કર્યું.[૨] લોકકલાની જે પરંપરા પશ્ચિમ ભારતમાં ૧૧મી સદીથી પ્રચલિત હતી તેમાંથી 'વસંતવિલાસ'ના જેવાં ગૂજરાતી લઘુચિત્રોનો ઉદ્‌ગમ થયો છે એવું એમનું મંતવ્ય છે.

'ગૂજરાતી ચિત્રકલા' એ નામ સ્વીકારતાં એ વાત લક્ષમાં રાખવાની છે કે એ યુગના ગૂજરાતની સીમાઓ આજના કરતાં કેટલેક અંશે જુદી હતી. ત્યારે 'ગૂજરાત'માં બહુધા ઉત્તર ગૂજરાત ઉપરાંત દક્ષિણ રાજસ્થાન અને માળવાના કેટલાક ભાગનો સમાવેશ થતો. આથી કુમારસ્વામી કહે છે તેમ આ કલાને 'દક્ષિણ રાજસ્થાની' પણ કહીએ, કે પ્રો. બ્રાઉનને અનુસરીને 'પશ્ચિમ ભારતીય કલા' પણ કહીએ. પરંતુ ગૂજરાતના ગ્રંથોમાં જ અધિકાંશે આ કલાનાં નિદર્શનો મળતાં હોઈ એને 'ગૂજરાતી કલા' કહેવામાં વધારે ઔચિત્ય છે.

ગૂજરાતી ચિત્રકલાને એની આગવી વિશિષ્ટતાઓ ને સિદ્ધિઓ છે. એ પ્રધાનપણે રેખાંકન (draughtsmanship)ની કલા છે. એનું રંગવિધાન સચોટ છે, પણ એની લાક્ષણિકતા તો એના ઝડપી પણ દૃઢ રેખાંકનમાં છે. એમાં સચોટ સાદૃશ્ય કે મનોહારી લાવણ્ય નથી, પણ પ્રસંગનિરૂપણમાં, વૃત્તાંતકથનમાં આવશ્યક પ્રતીકો નિમેષમાત્રમાં ખડાં કરી દેવાનું સામર્થ્ય છે. આ ચિત્રોમાં એક પ્રકારની મુગ્ધતા (naivete) છે. એ ઉપરાંત આ લઘુચિત્રો દ્વારા સમકાલીન લોકજીવન—વસ્ત્રાભૂષણો, ગૃહોપસ્કર, લોકરિવાજ આદિ સંબંધે પુષ્કળ માહિતી મળે છે.

આ ચિત્રોની રચનાકલા(technique)નાં કેટલાંક લક્ષણો ધ્યાન ખેંચે છે. એ પાર્શ્વાલેખન (profile) દર્શાવે છે, છતાં મુખની બીજી બાજુની આંખ અવકાશમાં ઊપસતી આલેખે છે. આંખો સવિશેષ લાંબી, અને નાક લાંબું તથા અણીદાર (pointed) આલેખે છે. આ ચિત્રો પૂર્ણ સન્મુખદર્શન(full frontal view) ભાગ્યે જ બતાવે છે, અને જ્યાં સન્મુખદર્શન બતાવ્યું હોય છે ત્યાં એ 'પરસ્પેક્ટિવ'ને અભાવે જરા યે આકર્ષક લાગતું નથી.

ચિત્રનાં પાત્રોનાં વસ્ત્રાભૂષણો સુંદર અને આકર્ષક હોય છે. પુરુ પરિધાનમાં ધોતિયું મુખ્ય છે; કટિ ઉપરનો ભાગ ખુલ્લો રાખેલો છે. પુરુષો માથે મુકુટ ધારે છે અને હાથ ઉપર તથા ગળામાં પુ આભૂષણો પહેરે છે. એમની ટૂંકી દાઢી ખાસ ધ્યાન ખેંચતી વિ ગણાય. સ્ત્રીઓના વસ્ત્રપરિધાનમાં આજની માફક ચોળી ને સાડ઼ મુખ્ય છે. ઊંચા મોભાદાર કુટુંબની સ્ત્રી હોય તો માથે મુકુટ પહે ચણિયો હજી આ પ્રાચીન ગૂજરાતી ચિત્રકળાના સમય સુધીમા વપરાશમાં આવ્યો જણાતો નથી. સ્ત્રીઓ પણ ઘરેણાં ખૂબ પહેરે છે; પણ નાકની વાળી કે કટિમેખલા નજરે પડતી નથી. સ્ત્રીઓ ચોટલો છૂટો રાખી છેડે ફૂમતાં બાંધે છે.

ગૃહોપસ્કરમાં મોટા પલંગો, આસનો, ચંદરવા, ગાલીચા, હીંચકા ઇ૦ નજરે પડે છે. પ્રકૃતિનું આલેખન સાંપ્રદાયિક શૈલીનું (conventional) પણ ચિત્તાકર્ષક હોય છે. વૃક્ષો સુશોભન માટે તેમ અવકાશ પૂરવાને આલેખાયાં હોય છે. વનસ્પતિનું તેમજ પ્રાણીઓનું આલેખન સાંપ્રદાયિક પદ્ધતિનું હોવા છતાં વિરૂપ લાગતું નથી.

સોળમી સદી પછીથી ગૂજરાતી ચિત્રકલા રાજપૂત કલામાં વિલીન થઈ જાય છે, અને એના ઉપર મુગલ ચિત્રકલાની વ્યાપક અસર પડે છે. સૌમ્ય અને ગંભીર રંગવિધાન અને નિતાન્તસુન્દર માનવ-મુખાકૃતિનિરૂપણ એ મુગલ ચિત્રકલાનાં તરી આવતાં લક્ષણો છે.[૩]

રાજપૂત કાળની ચિત્રકલા ઉપર વૈષ્ણવ સંપ્રદાયની અસર પુષ્કળ થઇ છે. એ અસર નીચે 'ભાગવત', 'ગીતગોવિંદ' આદિ સંખ્યાબંધ ગ્રંથોના સુશોભનાર્થે અનેક લઘુચિત્રો આલેખાયાં છે. 'ગીતગોવિંદ'ની હસ્તપ્રતોમાં દશાવતારના પ્રસંગોનું આલેખન સવિશેષપણે થયું છે.

આવી એક દશાવતારપોથી મને પાટણમાંથી મળી આવી હતી. પોથીની સ્થિતિ ઉપરથી, ચિત્રોનાં પાત્રોની વેશરચના ઉપરથી, એમાં લખાયેલી મધ્યકાલીન ગૂજરાતી નોંધોના ભાષાસ્વરૂપ ઉપરથી એ ઇ.સ.ના સત્તરમા શતકની હોય એમ લાગે છે. (અનુસંધાન પૃ. ૨૫૩મે)

ગુજરાતની તળપદી ચિત્રકળાનો તંતુ


વિક્રમના બારમાથી સત્તરમા સૈકા સુધીના ગાળાની જૈન તેમજ અન્ય સંપ્રદાયોની હસ્તલિખિત પોથીઓમાં, અણિયાળાં નાક તથા આગળ ધસી આવતી બીજી આંખનાં આલેખનવાળાં જે સાદાં ને ઝડપી, અપભ્રંશ જેવી શૈલીનાં ચિત્રો મળી આવે છે તેને કલાવિવેચકોએ 'ગુજરાતી શૈલી' તરીકે ઓળખાવી છે. પણ તેનું મૂળ તો, એક કાળે જે સમસ્ત પશ્ચિમ ભારતમાં (દક્ષિણમાં અજંતાથી તે ઉત્તરમાં બાઘની ગુફાઓ સુધી) સુંદરતાની ચરમ સીમાએ પહોંચી હતી તે અજંતાની ચિત્રશૈલીમાં જ રહેલું છે એમ હવે સાબિત થયું છે. એ સાબિતીની ત્રણ કડીઓ જેવાં ત્રણ ચિત્રો અહીં આપ્યાં છે. એમાં પહેલું ચિત્ર અજંતાનું વિખ્યાત બોધિસત્ત્વ પદ્મપાણિનું છે. બીજું તે અજંતા પાસે આવેલી ઇલૂરાની ગુફાઓમાંના કૈલાસ મંદિરની છતમાંનું ગરુડવાહન વિષ્ણુ-લક્ષ્મીનું ચિત્ર છે. તે અજંતા પછીના કાળમાં ચીતરાએલું હોઈ મૂળ શૈલી કરતાં થોડું અપભ્રંશ થએલું છે. ત્રીજું ચિત્ર જૈન કલ્પસૂત્રમાંનું, વાળનો લોચ કરતા, ભગવાન મહાવીરનું છે. ગુજરાતી ચિત્રશૈલીના અભ્યાસી ડૉ. મંજુલાલ મજમુદારના શબ્દોમાં જ આપણે એનું અનુસંધાન મેળવીએ. એઓ લખે છે: 'એક તરફ અજંતાનાં ભીંતચિત્રો અને બીજી તરફ શ્વેતાંબરીય ગ્રંથોમાંનાં નાના કદનાં ચિત્રો, એ બેની વચ્ચેની સંયોગી કડી જેવાં ઇલૂરાનાં ભિત્તિચિત્રો છે. લગભગ આઠમી–નવમી સદીમાં ચીતરાએલાં આ ચિત્રોમાં ગુજરાતી ચિત્રોની મુખાકૃતિઓમાં ઊતરી આવેલું અદ્ભુત સામ્ય રહેલું દેખાય છે. કાન સુધી પહોંચતી આંખો, ત્રણ ચતુર્થાંશ ચહેરાના આલેખનમાં બીજી અરધી આંખનું નિદર્શન, અણિયાળાં નાક અને વધુ આગળપડતો છાતીનો ભાગ, એ બધાં લક્ષણો ઇલૂરામાં પહેલવહેલાં મળી આવે છે. તેની પરંપરા ગુજરાતી તાડપત્રીય અને કાગળની પોથીમાંનાં ચિત્રોમાં ઊતરી આવેલી છે, એટલે એ ભિત્તિચિત્રો ગુજરાતી નાના કદનાં ચિત્રોનાં પુરોગામી છે એમ સિદ્ધ થયું.'



↑અજંતાની ગુફામાંનું જગખ્યાત બોધિસત્ત્વ પદ્મપાણિનું ચિત્ર; નીચે ડાબી બાજુ : જૈન સંપ્રદાયની કલ્પસૂત્રની પોથીમાંનું, માથાના વાળનો લોચ કરતા ભગવાન મહાવીરનું ચિત્ર.

જમણી તરફ : ઇલૂરાના કૈલાસનાથ મંદિરની છતમાં, અજંતા પછીના કાળમાં, પ્લાસ્ટરના બીજા પડ ઉપર આલેખેલું, ગરુડવાહન ઉપર આકાશમાં વિચરી રહેલાં વિષ્ણુ-લક્ષ્મીનું (ઇતિહાસદૃષ્ટિએ મૂલ્યવાન) આ આલેખન અત્યંત ઝાંખા ચિત્ર પરથી તૈયાર કરાવ્યું છે.→






દશાવતાર ચિત્ર (અનુ૦ પૃ. ૨૫૧થી)

એ એક સ્વતંત્ર ચિત્રપોથી (album) લાગે છે, કોઇ ગ્રંથનો ભાગ હોય તેમ જણાતું નથી. ચિત્રો સરાસરી ૮ાા"×૪ાા" માપનાં છે. એમની સાચવણી બરાબર થઈ નથી, તોપણ એમનું રંગવિધાન અદ્યાપિ હૃદયંગમ લાગે છે. એ તૈયાર કરવામાં ચિત્રકારે કાગળને બરાબર ઘૂંટાથી ઘૂંટીને, એના ઉપર પ્રથમ આકૃતિઓની રૂપરેખા આલેખીને, પછી લાલ કે અન્ય રંગની ભોંય (back-ground) પૂરીને, પછી આકૃતિઓમાં ઉચિતરંગપૂરણીકરીછે.

આ ચિત્રપોથીની કલા લોકકલાનું ઉદાહરણ છે.એમાં સાદાઇ છે,તેમ આત્મશ્રદ્ધા પણ છે. પાત્રસંયોજનકલા આકર્ષક છે,ને રંગપૂરણી અત્યંત મનોરમ છે.વૃક્ષો ને પ્રાણીઓનું નિરૂપણ વાસ્તવિક પ્રકારનું અને મનોહર છે. કલ્કિ અવતારનો ઘોડો કે આંબા, કેળ અને પીપળનાં વૃક્ષો સપ્રમાણ અને સુંદર લાગે છે. (જુઓ આ અંકનું રંગચિત્ર) વૃક્ષના આલેખનમાં મુઘલ ચિત્રકલાની અસર સ્પષ્ટ છે. વૃક્ષો ચિત્રોની બંને બાજુ આલેખાયાં હોય છે તે ખાલી અવકાશ પૂરીને ચિત્રમાં સુશોભન આણે છે. સમુદ્રના તરંગો પણ ચિત્રકારે વિશદ બતાવ્યા છે.



'બાલગોપાલસ્તુતિ' નામે વૈષ્ણવ પોથીના હાંસિયામાંનાં રાજસ્થાની ચિત્ર પરથી તૈયાર કરેલું આ રેખાંકન ઉપર્યુક્ત શૈલી-પરંપરા સમજવામાં સહ યભૂત થશે.
(ડૉ. મં. ર. મજમુદારના સૌજન્યથી)

વસ્ત્રાભૂષણનું આલેખન ચિત્રકારે આકર્ષક રીતે કર્યું છે. પુરુષોએ–બ્રાહ્મણો અને દેવોએ–પીતાંબર પહેર્યાં છે અને ખભે ખેસ રાખ્યા છે. કમર ઉપર કમરબંધ સજ્યો છે. ક્ષત્રિયો અને અનુચરોને અંગરખા અને પાયજામા પહેરેલા અને ખેસ જેવા વસ્ત્રથી કમરબંધ બાંધેલા આલેખ્યા છે. રાજાઓ ને દેવોને માથે મુકુટ છે. બ્રાહ્મણોએ માથું ખુલ્લું રાખ્યું છે, અને લાંબા વાળ રાખીને અંબોડો બાંધ્યો છે તથા એમાં ફૂલો ભરાવ્યાં છે. અનુચરોએ માથે રાજસ્થાની પાઘડી પહેરી છે.કેટલીક પુરુષાકૃતિઓએ પગે જોડા પહેર્યા છે. પુરુષોમાંથી કેટલાકને દાઢી છે.

સ્ત્રીઓનો પોષાક લગભગ આજના જેવો જ છે. તેમણે ચોળી, ચણિયો અને સાડી પહેર્યાં છે. પીળાં કે લાલ વસ્ત્રો સ્ત્રીઓ વધારે પસંદ કરે છે. એમના પગમાં જોડા પહેરેલા બતાવ્યા નથી.

પુરુષો અને સ્ત્રીઓ બંને ઘરેણાંનાં ખૂબ શોખીન જણાય છે. સ્ત્રીઓએ ચૂડી, કંકણ, બાજુબંધ, હાર, હાંસડી, દામણી, કુંડલ, ઝાંઝરી વગેરે આભૂષણો ધારણ કર્યાં છે, અને વેણી છૂટી રાખી એને છેડે ફૂમતાં બાંધ્યાં છે. પુરુષોએ હાર, કડાં, કુંડલ અને સોનાનો કંદોરો કે કમરબંધ સજ્યો છે! પુરુષો અને સ્ત્રીઓ બંનેના કપાળ ઉપર તિલક કરેલાં છે.

બે ચિત્રોમાં નિવાસસ્થાનનો બેઠકનો ખંડ બતાવ્યો છે. એના કમાનવાળા નાજુક થાંભલા, છત, કાંગરા, ગોખ, ઝરૂખા વગેરે આકર્ષક લાગે છે. ઘરમાં પલંગ, પાટ, તકિયા, સિંહાસન આદિ બતાવ્યાં છે. આમ આ ચિત્રો એ કાળના જીવનની રસભરી સૂક્ષ્મ માહિતી પૂરી પાડે છે.

ચિત્રપોથીમાં પહેલું ચિત્ર મત્સ્યાવતારનું, બીજું કૂર્માવતારનું, ત્રીજું વરાહાવતારનું, ચોથું નૃસિંહાવતારનું, પાંચમું વામન-અવતારનું, છઠ્ઠું પરશુરામ-અવતારનું, સાતમું રામાવતારનું, આઠમું કૃષ્ણાવતારનું અને નવમું બુદ્ધાવતારનું છે. છેલ્લું દસમું ચિત્ર કલ્કિ-અવતારનું છે, જેની પૂર્ણરંગી પ્રતિકૃતિ આ અંકમાં આપી છે. કલ્કિ-અવતાર હજી થનાર છે એમ કેટલાક પુરાણગ્રંથોમાં કહ્યું છે. મહાભારતના વનપર્વના અધ્યાય ૧૯૦–૧૯૧માં કલિયુગના અનિષ્ટો વર્ણવ્યાં છે, અને કહ્યું છે કે વિષ્ણુયશસ્ નામનો બ્રાહ્મણ કલ્કિ રૂપે ચંબલ નામના નગરમાં જન્મ ધારણ કરશે, અને ચક્રવર્તી તથા ધર્મવિજયી થશે. એ દસ્યુઓનો વિનાશ કરશે, અશ્વમેધ કરશે અને બ્રાહ્મણોને પૃથ્વી અર્પણ કરશે. ત્યાંથી કૃતયુગનો આરંભ થશે. 'હરિવંશ'માં વર્ણવ્યું છે કે બૌદ્ધ ધર્મનું પ્રાબલ્ય તોડવાને અને શૂદ્રો ધર્મોપદેશક બને એ સ્થિતિ નિવારવાને સેનાની દ્વિજ કટિબદ્ધ થશે.

જ્યારે કેટલાક વિદ્વાનોએ એમ ઘટાવવા પ્રયત્ન કર્યો છે કે કલ્કિ-અવતાર થનાર નથી પણ થઈ ગયો છે, અને પુષ્યમિત્ર શુંગ એ જ કલ્કિ છે એવો આ પુરાણાદિ ગ્રંથોમાંના કલ્કિ અવતાર વિષેના ઉલ્લેખોનો અર્થ છે. ડૉ. દેવદત્ત ભાંડારકરના મત પ્રમાણે પુરાણોનાં આ વર્ણનો પુષ્યમિત્ર શુંગને સર્વાંશે લાગુ પડે છે. સ્વ. ડૉ. કાશીપ્રસાદ જાયસ્વાલ પણ આ મત સ્વીકારે છે. તેઓ કહે છે કે પુષ્યમિત્રે ઈ. સ. પૂર્વે ૫૭માં કૃતયુગ પ્રવર્તાવ્યો ત્યારથી પ્રસિદ્ધ 'કૃત' સંવત્સર શરૂ થયો. એ પછી 'માલવ' સંવત્સર તરીકે ને ત્યારબાદ 'વિક્રમ' સંવત્સર તરીકે ઓળખાયો.

દશાવતારનાં આ ચિત્રો ગૂજરાતી ચિત્રકલાનું અંતિમ સ્વરૂપ દર્શાવે છે. એમાં રાજસ્થાની કલાના ઘણા અંશો પ્રવેશ્યા છે ને મુગલ કલાની પણ થોડી અસર છે. તેથી જ પ્રાણીઓ ને વૃક્ષોનું આલેખન વાસ્તવિક ને સુંદર બન્યું છે. રાજસ્થાની કલાના અંશો ભળ્યા છતાં આ ચિત્રકલાના ગૂજરાતીપણા વિષે શંકા નથી. ચિત્રોનું પાત્રસંયોજન ને રંગપૂરણી મનોહારી છે. એ કાળનાં ગૂજરાતી ચિત્રો બહુ વિરલ છે એમાં આ ચિત્રોનું સ્થાન મહત્ત્વનું છે. જૈનેતર ચિત્રકળાના અતિ અલ્પ સાહિત્યમાં આ ચિત્રપોથી વડે એક નોંધપાત્ર ઉમેરો થાય છે.

---

(૧) પાર્શ્વ=પડખું ઉપરથી એક પડખાની profile તસ્વીરને 'પાર્શ્વદર્શન' કહ્યું છે, જેને માટે મુઘલ ચિત્રકળાના વિવેચનગ્રંથો તેમજ હિંદી કલાવિવેચનોમાં 'એકચશ્મી તસ્વીર' (જેમાં એક જ પડખાની આંખ દેખાય એવી છબિ) એવો શબ્દ વાપર્યો છે. તદનુસાર three-fourths profileને માટે અર્ધથી અધિક પાર્શ્વદર્શન જેવા શબ્દને સ્થાને 'દોઢ ચશ્મી તસ્વીર' વધુ વિશદ ને લોકભોગ્ય બન્યો છે. (૨) શ્રી રવિશંકર રાવળે, તેની પણ અગાઉ, ઇ. ૧૯૨૧માં હાજીમહમ્મદ સ્મારક ગ્રંથમાં સ્વ. કેશવલાલ ધ્રુવ સંપાદિત 'વસંતવિલાસ' સૌપ્રથમ પ્રકટ કર્યું ત્યારે તેની સાથે મૂકેલી નોંધમાં તેમણે આ ચિત્રોને તળપદી શૈલીનાં ચિત્રો તરીકે જાહેર કર્યાં જ હતાં. (૩) વસ્તુતઃ રાજસ્થાની શૈલી મુઘલ સમય પછી જ પ્રચાર પામી. તે પહેલાં સર્વત્ર દોઢ ચક્ષુવાળાં ચિત્રો જ થતાં. માત્ર ગુજરાતમાં તે બચી રહ્યાં ને સાંપ્રદાયિક સ્વરૂપે રક્ષાયાં. આમ, રાજસ્થાની કળા કે રાજપૂત કળાની પૂર્વપીઠ ગુજરાતી કલાશૈલી જ હતી. જેમ રાજસ્થાનમાં ચિત્રોનું રૂપ મુઘલ અસર પામ્યું, તે જ રીતે ગુજરાતનાં ભીંતચિત્રો પણ બદલાયાં, જે પાછળથી 'સલાટી' શૈલી બન્યાં. એટલે મૂળ ગુજરાતી કલા જ બદલાઇને રાજસ્થાની શૈલી બની. ગુજરાતી અને મુઘલ કલાનું સંકર સ્વરૂપ તે રાજપૂત કલા.

ફોટોવાર્તા

કોઈક નિરાંતની પળે, ભૂતકાળમાં કે તાજેતરમાં પડાવેલા ફોટોગ્રાફ જોતાં, એ ફોટો પડાવ્યાના પ્રસંગના અને કાળનાં, અન્ય સંબંધીઓ કે પરિચિત વ્યક્તિઓનાં સ્મરણો મનમાં જાગી ઊઠે છે, આની સાથોસાથ બીજી પણ કેટલીયે બાબતો યાદ આવવા લાગે ત્યારે થાય છે કે 'ઓહો, ઘરની આ ચાર દીવાલો વચ્ચે જ રહ્યા છતાં બાહ્ય જગત સાથે પણ આપણે કેટકેટલી રીતે સંકળાએલા છીએ! તદ્દન આગવું જ વ્યક્તિત્વ ધરાવવા છતાં અન્ય સૌથી આપણે ભાગ્યે જ જુદા છીએ!' અને આ જ વિચારનો દોર લંબાવતાં પ્રતીતિ થતી લાગશે કે આપણે સૌ એક જ છીએ. કોઈ એક જ મૂળભૂત બંધનથી આ જગતના સમગ્ર માનવો એકબીજા સાથે સંકળાએલાં છીએ. કોઈ એક જ પરિવારનાં જાણે આપણે સૌ અંગો છીએ. એ પરિવાર છે માનવ-પરિવાર. જગત જાણે એક કુટુંબ જ છે. એવા એ કુટુંબનું પ્રત્યક્ષ દર્શન કરાવતું 'ધ ફેમિલી ઑવ મૅન' (માનવ-પરિવાર) નામનું એક ફોટો-પ્રદર્શન ભારતમાં આવ્યું છે.

ભારતમાં આ પ્રદર્શનની રજૂઆત યુનાઇટેડ સ્ટેટ્સ ઈન્ફર્મેશન સર્વિસ દ્વારા થઈ છે. આ પહેલાં અમેરિકા, મેક્સિકો, મધ્ય અને દક્ષિણ અમેરિકા, યુરોપ તથા જાપાનમાં એ પ્રદર્શિત થઈ ચૂકેલું છે. મુંબાઈમાં એ ૧૫મી જુલાઈ સુધી ચાલુ રહી હવે એ નવી દિલ્હીમાં (૧૫-૯-૫૬થી ૧૫-૧૦-૫૬ સુધી) અમદાવાદમાં (૭-૧૨-૫૬થી ૫-૧-૫૭ સુધી) અને પછી કલકત્તામાં (૨૨-૨-૫૭થી ૨૨-૩-૫૭ સુધી) પ્રદર્શિત થશે. ન્યૂ યૉર્કમાં 'મ્યૂઝિયમ આવ મૉડર્ન આર્ટ'ના ફોટોગ્રાફી વિભાગના ડીન અને અમેરિકન ફોટોગ્રાફરોના ગુરુ સમાન શ્રી એડવર્ડ સ્ટાઇચેને પોતાના મદદનીશ શ્રી વેઈન મિલર તથા અન્ય સહાયકો સાથે મળીને 'કૅમેરાની આ મહાસંહિતા' તૈયાર કરી છે.

પ્રદર્શન વિષે બોલતાં શ્રી સ્ટાઇચેન કહે છે કે જગતભરના ફોટોગ્રાફરોએ આ પ્રદર્શનને શક્ય બનાવ્યું છે. એમણે માણસના રોજિંદા જીવનનાં ચિત્રો ઝડપી લઈ એમાં એની આશાઓ ને પ્રેરણાઓ, એનો પ્રેમ ને મહત્તા, એની ક્ષતિ એની ક્રૂરતા અને લાગણીનું, તથા એ ગમે ત્યાં યે રહેતો હોય, ગમે તે ભાષા બોલતો હોય કે ગમે તે પોષાક પહેરતો હોય પણ એ બધા બાહ્ય તફાવતો ભૂલી જઈ એનામાં



પ્રદર્શનના પ્રારંભમાં જ મૂકેલું પાવો બજાવતા એક કિશોરનું આ ચિત્ર જીવનના આનંદગાનના પ્રતીક સમું છે. પછી તો પ્રદર્શનમાં ઠેરઠેર એ પાવાનું ગાન સંભળાયા કરે છે. (ફોટો : યૂજીન સ્મિથ)

માનવ-પરિવારનું મહાગાન

રહેલી મૂળભૂત એકતાનું આમાં દર્શન કરાવ્યું છે.

પ્રદર્શનને માટે મળેલાં ૨૦ લાખ જેટલાં ચિત્રોમાંથી, બે વર્ષ ઉપરાંતનો સમય ગાળીને તારવી તારવીને ચૂંટેલાં, ૬૮ દેશોના ૨૭૩ જેટલા ફોટોકલાકારોનાં ૫૦૩ ચિત્રો દ્વારા માનવજીવનની આ મહાકથા ઊભી કરાઇ છે. ફોટોગ્રાફોની પસંદગીમાં કોઈ જ ભેદભાવ, કે કોઈની જરા સરખી યે વિકૃત રજૂઆત અહીં જોવા મળતી નથી. અને એ દષ્ટિએ સાર્વત્રિક આંતરરાષ્ટ્રીય મૂલ્ય ધરાવતા આ આયોજનમાં રાષ્ટ્રો અને પ્રજાઓ વચ્ચે સુમેળ અને સંવાદ સ્થાપવાની પૂરી શક્યતા રહેલી છે. 'વસુધૈવ કુટુંબકમ્'ની ભાવના આપણે માટે કંઈ નવી નથી, પણ એ ભાવનાની માંગલ્યદર્શી અને માનવતાભરેલી જે કલાત્મક રજૂઆત આ પ્રદર્શનમાં થઈ છે તેનું મહત્ત્વ ઘણું જ ઊંચું છે.

ગયા જૂનની ૧૮મી તારીખે મુંબાઈમાં આ પ્રદર્શનનું ઉદ્ઘાટન કરતાં શ્રી મોરારજીભાઇ દેસાઇએ એને એક મૌલિક ને અનોખી સૂઝ ગણાવતાં કહેલું કે 'જે કોઈ આ પ્રદર્શન જોશે એને એથી ઘણો લાભ થશે; કેમકે એનાથી એમને પોતાના અને બીજાના સંબંધમાં એક સર્વથા નવા દષ્ટિકોણથી વિચારવાની પ્રેરણા મળશે.'

પ્રદર્શનની ગોઠવણ પણ ખૂબ સમજદારીપૂર્વક ને સુશ્લિષ્ટપણે થઇ છે. શૂન્યમાંથી જગતનું સર્જન થયું ત્યાંથી પ્રારંભાઈ, પ્રસ્તાવમાં એક બાળક જમીન પર લીલોતરીમાં પડયું છે એનું દશ્ય છે. જાણે જીવન સૂતું છે, હમણાં જાગી જશે! અને પછી જીવન જાગે છે: પ્રણય, વિવાહ, ગર્ભકાળ, ક્રમશઃ પસાર થાય છે, અને નવજાત શિશુ પગલીઓ પાડે છે.

માતા ને શિશુ! જગતમાં જેનો જોટો નથી એવા વાત્સલ્યના ને જીવનમાંગલ્યના કોમળ ભાવો ઝીલતાં દશ્યો આંખ સામે જીવંત થાય છે. ને પછી તો બાળકનાં નિર્દોષ તોફાન મસ્તી ને ખેલકૂદ શરૂ થાય છે: આપણાં જ જીવનનાં દશ્યો જાણે! ઘરમાં રોજ જે જોઇએ છીએ તે જ અહીં છે; અહીં છે એ જ બધે છે,—દુનિયાના એકેએક ખૂણે. આમાં આપણને ક્યાં યે અજાણ્યું નથી લાગતું, કેમકે એ આપણી જ વાત છે, આપણા જ કુટુંબની—માનવકુટુંબની.

શુષ્ક વૃક્ષનાં કાંટાળાં ડાળાં ઝાંખરાની વિશાળ પીઠિકા પર બાળકોની મારામારી, ભય, ગભરાટ, ચિંતા વગેરે ભાવો આલેખતાં થોડાં ચિત્રો છે. બાળકોના આ ભયભીત, રિસાળ કે રોષભર્યા ચહેરા જોઈ માનવીના મનનો એ નીરવ અગોચર ખૂણો જીવનમાં કેવો મહત્ત્વનો ભાગ ભજવી જાય છે તેની ઝાંખી થાય છે.

પણ બાળકોની ખેલકૂદ અને માતા તથા શિશુનાં ચિત્રો તો આપણને સહજ જોવા મળે, પરંતુ પિતા-પુત્રની ઠાવકી જોડી કેટલીક જોઈ છે? અહીં એવાં ચિત્રો પણ છે; અને ભાંગતી જતી સંયુક્ત કુટુંબભાવનાના આ કાળમાં પૌત્ર અને પ્રપૌત્રો સાથેના બહોળા પરિવારનાં ચિત્રો તો એક જુદો જ વિચાર જગવી જાય છે.

અને આ સૌને પોષતી અજરઅમર ધરતી-



પ્રદર્શનમાં દુનિયાના દેશેદેશનાં દંપતીઓની—મજૂર મધ્યમ ને શ્રીમંત વર્ગનાં માત્ર પતિ-પત્નીઓની—તસ્વીરોનો જ એક વિભાગ છે. એના પ્રવેશ આગળ આવું અવતરણ છે: We two form a multitude (અમે બે એટલે એક માનવસમૂહ!) તે અર્થગર્ભ વાક્યની પ્રતીતિ કરાવતું, એ પૈકીનું આ એક ચિત્ર, દાંપત્યની મધુર, મજબૂત ને મંગલ ગાંઠનું દ્યોતક છે. (યુ. એસ. અમેરિકા : આર્થર રોથસ્ટાઈન)

માતાની હૂંફમાં જીવતા ખેડૂ જીવનની સનાતન કથા પણ અહીં ભુલાઈ નથી. મહેનત અને પરિશ્રમ, હાથકારીગરી કે કલાકૌશલ, સંગીત કે નૃત્ય, ખાનપાન કે ખેલકૂદ—જીવનનું દરેક પાસું ખૂબ જ આકર્ષક રીતે અહીં રજૂ થયું છે.

અમેરિકન કવિ કાર્લ સૅન્ડબર્ગ કહે છે તેમ આ પ્રદર્શન માનવજીવનનું મહાનાટક, તથા આનંદ અગમ્યતા ને પાવિત્ર્યમાંથી વણી કાઢેલું મહાકાવ્ય છે. વિષુવવૃત્તથી માંડીને ધ્રુવપ્રદેશો સુધી બધા જ ખંડોમાં વસનારા આપણે માનવીઓને પ્રેમ, ખોરાક, કપડાં, કામ, ભાષા, ભક્તિ, ઊંઘ, ખેલકૂદ, નૃત્ય અને આનંદોલ્લાસની એક જ સરખી જરૂર પડે છે. અહીં માનવીના દિલની ને દિમાગની, પ્રતિભાની ને પ્રેરણાની વિસ્મયકારક સૃષ્ટિ રજૂ થઈ છે.

જન્મ, જરા અને મૃત્યુ એ ત્રણ શબ્દમાં—અવસ્થામાં માનવજીવન જાણે પૂરું થઇ જાય છે. પણ ના, એમ નથી. મૃત્યુ એ કંઈ જીવનની પૂર્ણાહૂતિ નથી. અહીં પ્રદર્શનમાં પણ જાણે સહેતુક એ ક્રમ ન રાખતાં મૃત્યુને અધવચ્ચે રાખીને કેટલાક માનવીય ભાવો નિરૂપતા વિભાગો એની પછી રાખવામાં આવ્યા છે. અને આ ગોઠવણ સર્વ રીતે સુયોગ્ય પણ છે. અમૂર્ત ભાવોને મૂર્ત કરતી આ વિભાગોની તસ્વીરો જોતાં જ તેમાંનાં આનંદ, આશ્ચર્ય, રોષ, કરુણા, સ્નેહ સહેજે જાણે આપણે અનુભવીએ છીએ. અને છેલ્લે 'બાળલીલા'માં બાળકોનાં ચિત્રોમાં જાણે જીવનની ભાવિ આશાનો, નવજીવનનો સંદેશ ઝીલાયો છે. અને, આ પ્રદર્શનની જાણે મૂળભૂત સંજ્ઞારૂપ હોય એવી પેલી છબિમાંના કિશોરના પાવાના સૂરની પેરે, પ્રદર્શનનાં બધાં ચિત્રોમાં, કહો કે માનવજીવનમાં, બાળક જ જાણે કેન્દ્રસ્થાને છે. ખેલકૂદમાં કે તોફાન મસ્તીમાં, ક્યાંક માની ગોદમાં કે ક્યાંક દાદીમાના ખોળામાં, ક્યાંક એકલું પગલીઓ પાડતું કે ક્યાંક માર્ગ પર માતાની પાછળ ચૂપચાપ ચાલ્યું જતું બાળક હર પળે નજરે ચડે છે.

અને છેલ્લી તસ્વીર કેટલી સૂચક છે! અંધારામાંથી, હાથમાં હાથ ઝાલી, બહાર સૂર્યપ્રકાશમાં પગલાં પાડતાં બે બાળકના ચિત્ર વડે એવી આશા વ્યક્ત કરી છે કે તમારાં પદચિહ્નો પર એક નવું જગત જન્મ લેશે!

દરેક વિભાગમાંનું વિશ્વસાહિત્યમાંથી મુકાએલું એકેએક અવતરણ ખૂબ જ અર્થઘન છે, અને તેની પસંદગી કરવા પાછળ ડૉરોથી નૉર્મને ઘણી મહેનત લીધી છે. દાખલા તરીકે દુનિયાના દેશેદેશનાં—મજૂર, મધ્યમ ને શ્રીમંત વર્ગનાં દંપતીઓના—માત્ર પતિ ને પત્નીનાં ચિત્રોનો જ એક વિભાગ છે. એના પ્રવેશ આગળ આવું અવતરણ ચોડેલું છે: 'We two form a multitude.' (અમે બે એટલે એક આખો માનવસમૂહ!) કેટલું અર્થગર્ભ વાક્ય છે! એવાં ચિત્રો પૈકીનું એક અહીં આપ્યું છે. તસ્વીર ઉપર ફોટોગ્રાફર અને દેશના નામ સિવાય બીજું કશું શીર્ષક મૂકવામાં નથી આવ્યું પણ દરેક તસ્વીર આપમેળે જ એવી ભાષા ઉચ્ચારે છે કે જે-'મૉડર્ન ફોટોગ્રાફી' કહે છે તેમ-'ન્યૂ દિલ્હીમાં કે ન્યૂ યૉર્કમાં બધે જ એક સરખી સમજાઇ જાય છે'.

સર્વ પ્રદેશોમાં સર્વ માનવીઓનાં જન્મથી માંડીને મૃત્યુ સુધીનાં મૂળભૂતસ ગપણ આ પ્રદર્શન તાદશ રજૂ કરે છે. આનંદ, મૃદુ તેમજ ઉગ્ર પ્રેમ, ભય, રોષ, યાતના અને ધિક્કાર બધું જ અહીં જોવા મળે છે. બહુ ગરીબ લોકોના પણ સુખના તેમજ દુઃખના પ્રસંગો રજૂ થયા છે. તવંગર અને મધ્યમ વર્ગનું પણ જીવનદર્શન અહીં છે. લોકો કામ કરે છે, રમત રમે છે, પ્રાર્થના કરે છે, મતદાન કરે છે. નિરાશાની ક્ષણોમાં તેઓ એકબીજાને આશ્વાસન આપે છે અને સહિયારા સુખમાં આનંદ માણે છે. એ જોઇને આપણને પ્રતીતિ થાય છે કે શું ચીનમાં કે ચીલીમાં, જર્મનીમાં કે જમાઈકામાં, ઑસ્ટ્રેલિયામાં કે આલાસ્કામાં, આફ્રિકાના જંગલમાં કે અરબસ્તાનના રણમાં, સર્વત્ર, માનવીનું જીવન, તેની આશાઓ ને આકાંક્ષાઓ, નિરાશાઓ અને યાતનાઓ, આનંદ ને ઉત્સવ, હર્ષ ને શોક બધું જ એકસરખું છે.

પ્રદર્શન જોતાં આપણને સહેજે લાગે કે જગતના કોઈ પણ સ્થળે પ્રેમ, સંવનન, લગ્ન, અને બાળક, પેઢી દર પેઢી, એ ને એ જ ક્રમે પરિવર્તિત થતાં રહી માનવ-પરિવારને આગળ ધપતો અને જીવિત રાખે છે. દરેક સ્થળે સૂર્ય ચંદ્ર અને તારાઓ, હવામાન અને ઋતુઓનો માનવને માટે કંઈ ને કંઈ અર્થ છે. અલબત્ત, એ અર્થમાં તફાવત રહે છે; પણ દરેક દેશમાં, દરેક જાતિમાં, આપણે સૌ માનવીઓ, આકાશ ભૂમિ અને સાગર આપણને શો સંદેશો આપે છે એ જ ઉકેલવા મથીએ છીએ. એ જ રીતે હર હમેશ, હર સ્થળે આપણને હમેશાં પ્રેમ, આહાર, વસ્ત્ર, કામ, ભાષા, ભક્તિ, ઊંઘ, ખેલકૂદ ને મનોરંજનની એક જ સરખી જરૂર પડે છે, પછી ભલે આપણે ગમે ત્યાં રહી ગમે તે ભાષા બોલીએ. આપણી સૌની જરૂરિયાત એકસરખી જ છે, કારણ કે આપણે સૌ એક જ છીએ, એક જ કુટુંબના, એક જ માનવપરિવારનાં આપણે અંગો છીએ.

સંત કે પાપી, વિજેતા કે પરાજિત, વહેમમાં કે શ્રદ્ધામાં રાચતા, પ્રતિભા દાખવતા કે ગુનાખોરી કરતા, આત્મભોગ આપતા કે કોઈનાં ગળાં રહેંસતા આપણે માનવીઓ, લશ્કરો ને નૌકાદળો, કામદાર-ટોળીઓ ને રાષ્ટ્રોના ઇતિહાસનો જીવંત શ્વાસ આપણે માનવીઓ,—ગમે ત્યાં ગમે તે સ્થિતિમાં પણ છેવટે તો 'માનવ' જ છીએ: એક જ માનવપરિવારનાં ભિન્નભિન્ન અંગ.



કલાકાર, અધ્યાપક, વનસ્પતિના જાદુગર ને વિજ્ઞાની જ્યૉર્જ વૉશિંગ્ટન કાર્વરે વેરાન ભૂમિને હરિયાળી બનાવી ને અકલ્પ્ય સમૃદ્ધિ મેળવી.



૧૮૬૩માં એમનો જન્મ થયો ત્યારે અમેરિકા ગુલામી પ્રથામાંથી મુક્ત બનતું હતું. શિશુકાળમાં જ તેમને ઊગતા છોડવા પ્રત્યે પ્રેમ જાગ્યો.



પાસે અડગ નિર્ધાર સિવાય બીજું કાંઈ ન હતું. તેથી અભ્યાસનું ખર્ચ કાઢવા તેમણે ધોબીનું, ઘરનોકરનું, રસોઈનું અને માળીનું કામ કર્યું.



તેમને ગાતાં બજાવતાં ને ચિત્રકામ આવડતું. પણ પસંદગી કરવાની આવતાં તેમણે માનવજાત માટે વધુ ઉપયોગી વિજ્ઞાન પસંદ કર્યું.




અંતે આયોવા રાજ્યની કૉલેજમાંથી એમ. એ.ની પદવી પ્રાપ્ત કરી તે જ કૉલેજના વનસ્પતિશાસ્ત્રના વિભાગના સંચાલક નિમાયા.



૧૮૯૪માં બૂકર ટી. વૉશિંગ્ટને એમને પોતાની ટસ્કીગી સંસ્થામાં નોતર્યા ને ૧૯૪૩માં અવસાન થયું ત્યાં સુધી કાર્વરે ત્યાં જ શિક્ષણ આપ્યું.



એ સંસ્થા પાસે મૂડીમાં માત્ર ખખડી ગએલું મકાન, પૈસાનો અભાવ ને નિરક્ષર વિદ્યાર્થીઓ હતા! કાર્વરે આમાંથી સુંદર શાળા ઊભી કરી.



વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા, પોતાનું અન્ન પણ ઉગાડતા ને શાળા માટે મકાન પણ બાંધતા. કાર્વરે સંસ્થાને પોતાની જિન્દગી અર્પણ કરી.



તે પછી કાર્વરે ખેતીની શિથિલતા તરફ ચિત્ત વાળ્યું. તેમણે જોયું કે પાક પડતર કરતાં ઓછે વેચાતો, ખેતીનાં સાધનો પ્રાથમિક દશાનાં હતાં.



કાર્વરનું ધ્યેય હમેશાં ઓછામાં ઓછા જ્ઞાનવાળાને જ્ઞાન આપવાનું હતું. તેમણે હજારો હબસી ને ગોરા ખેડૂતોને વનસ્પતિ તથા પશુઓના રોગોનો પ્રતિકાર કરવાનું, અને સીંગ વગેરેનો વધુ સારો ઉપયોગ કરતાં શીખવ્યું.



એમણે સીંગ(મગફળી)માંથી ધાન્ય, પનીર, બોલતેલ, ચહેરા પર લગાડવાનું ક્રીમ ને પાઉડર, ખાવાનાં તેલ, યંત્રોને ઊંઝવાનાં તેલ, ઢોરોનો ખોરાક, સાબુ અને ગાયના દૂધ કરતાં પણ વધુ પોષક એવાં ૩૨ પ્રકારનાં દૂધ બનાવ્યાં !



તે પછી શકરિયાંમાંથી ૧૨૫ કરતાં યે વધારે આડપેદાશો બનાવી. તેમાં લોટ, કૉફીને બદલે વપરાય તેવા પદાર્થો, ખાટી-મીઠી ગોળીઓ, રંગ, લાહી, શાહી ને બૂટપૉલિશનો સમાવેશ થાય છે. આથી ખેડૂતો પૈસેટકે સુખી થયા.



અત્યંત ધાર્મિક મનોવૃત્તિના કાર્વરે પોતાના કામ માટે અંગત યશ સ્વીકારવાનો ઇન્કાર કર્યો. તેમણે એક વાર કહેલું : 'મેં કાંઈ જ શોધ્યું નથી. હું તો ઈશ્વરનો આડતિયો છું.'



એમણે પોતાની શોધમાંથી જાતે એક પાઇ પણ લીધી નહિ કે કદી તેનું પેટન્ટ મેળવ્યું નહિ. તે પોતાને ઈશ્વરના સાધન રૂપ જ સમજતા." તેમનું જ્ઞાન જેને જોઇએ તેને માટે ખુલ્લું હતું.



ગરીબ હબસી કુટુંબમાં જન્મેલા કાર્વર અમેરિકાના સૌથી વધુ સન્માનિત માણસ બની ગયા. અનેક વ્યક્તિઓ, વિદ્યાપીઠો, ઉદ્યોગપતિઓ ને સરકારોએ તેમનું સન્માન કરેલું.

સુભાષિત

(અનુષ્ટુપ)

भद्रं भद्रं कृतं मौनं कोकिलैर्जलदागमे ।
वक्तारो दर्दुरा यत्र तत्र मौनं समाचरेत् ॥

(અનુવાદ)

કર્યું સારું રહે મૂંગા વર્ષા બેઠે જ કોકિલો;
બોલતા દેડકા તેત્રે ઉચિત ચૂપ બેસવું.

[વિવરણ: વર્ષાઋતુ બેસતાં જ સર્વત્ર દેડકાંઓના સતત ડ્રાઉં ડ્રાઉં અવાજો શરૂ થાય છે અને આખો ઉનાળો મધુર ટહુકાર રેલવતા કોકિલનું ગાયન બંધ થાય છે, એ નૈસર્ગિક બનાવનું રૂપક યોજીને આ શ્લોકમાં એક ચોટદાર વ્યવહારબોધ દીધો છે, કે અણસમજુ મૂર્ખ યા પામર માણસો નિરર્થક બોલબોલ કરતા હોય તેવે વખતે શાણા માણસે ચૂપ થઈ જવું જ ઉચિત છે. માણસે અવસર સમજીને ફોગટ સ્પર્ધામાં ન પડવું.]

સ્વપ્નાંનો સુમેળ

લેખક · પ્રો. રમણલાલ શાહ એમ.એ.

પાત્રો

જિતેન્દ્ર · વિનાયક · ધીરેન્દ્ર · મહાસુખ · રાજેશ્વરી · મંદાકિની · શારદા · ઊર્મિલા અને જિતેન્દ્રનાં મમ્મી તથા પપ્પા

પ્રવેશ પહેલો

[જિતેન્દ્રના ઘરનું દીવાનખાનું; સમય : રાતના આઠ. જિતેન્દ્ર સુંદર કપડાંમાં સજ્જ થઈ દીવાનખાનામાં આમતેમ આંટા મારે છે અને પછી સોફામાં બેસે છે. વારેવારે કાંડા પરની ઘડિયાળ જોઈ કોઇના આવવાની આતુરતાપૂર્વક રાહ જોતો હોવાનો ભાવ એના ચહેરા પર દેખાય છે. દીવાનખાનાનું રાચરચીલું શ્રીમંત ઘરનો ખયાલ આપે છે.]

જિતેન્દ્ર : (સોફામાંથી ઊભો થઈ, ઘડિયાળ સામે જોઇને સ્વગત) આઠ થવા આવ્યા. હવે તો બધાં આવવાં જોઇએ. ઘડીક એમ થાય છે કે કોઈ ન આવે તો સારું. સવારથી શેઇકહૅન્ડ અને નમસ્તે કરીકરીને હાથ દુ:ખી ગયા છે. અમેરિકા જાઉં છું તે જાણે મોટી ધાડ ન મારતો હોઉં! મેં પપ્પાને કહ્યું કે ફક્ત કૉલેજના મિત્રોની એક ડિનરપાર્ટી ગોઠવીએ, તો કહે કે મફતિયા મિત્રો પછી. પહેલાં વેપારીઓને બોલાવીશું, કેમકે કોઇ ખાલી હાથે નથી આવવાનું. સવારે વેપારીઓ આવ્યા, તો બપોરે મોટાભાઇએ પોતાના ડૉકટર મિત્રોને બોલાવ્યા, અને સાંજે મમ્મીએ તો જાણે મહિલામંડળની બેઠક જ અહીં ભરી!...... સારું થયું કે રામાને કોઈએ પૂછ્યું નહિ, નહિ તો એ વળી આખા ગામના રામાઓને નોતરી આવત! (સોફામાં બેસી કંઇક વાંચે છે.)

વિનાયક:(પ્રવેશી)કૉંગ્રેચ્યુલેશન્સ,જિતુ!

જિતેન્દ્ર : (ઊભો થઈ આવકારતાં) આવ, દોસ્ત વિનાયક, આવ. આમંત્રણ તો વેળાસર મળી ગયું હતું ને?

વિનાયક : બરાબર વેળાસર મળેલું. આ ખબર જાણી હું બહુ રાજી થયો. બી.એસસી.ના પરિણામને દિવસે પણ તને અભિનંદનપત્ર લખવાનો હતો, પણ રહી ગયો; અને—

જિતેન્દ્ર : અને શું? બોલ ને!

વિનાયક : અને જિતેન્દ્ર, તને બીજાં પણ અભિનંદન આપવાનાં છે. મેં સાંભળ્યું કે તારી સગાઈ પણ થઈ ગઇ?

જિતેન્દ્ર : હા; તને કોણે કહ્યું?

વિનાયક : અને તે પણ તારી વાંછિત મંદાકિની સાથે! ખરેખર મને ખૂબ આનંદ થયો.

જિતેન્દ્ર : હા; જાણે ફાધરની ઇચ્છા એવી હતી કે હું અમેરિકા જાઉં તે પહેલાં સગાઇ થઇ જાય તો સારું. એટલે એમણે તો નાતમાં પૂછપરછ વધારી દીધી. મને થયું કે આમાં તો ક્યાંક લાકડે માકડા જેવું થશે. એટલે એ પહેલાં જ મેં તો ધડ દઈને સીધેસીધું પૂછી જોયું.

વિનાયક : કોને પપ્પાને?

જિતેન્દ્ર : ના, મંદાકિનીને.

વિનાયક : હં...

જિતેન્દ્ર : શરૂઆતમાં તો એ મૂંઝાઇ જ ગઇ. પોતે ગરીબ છે, મા વિધવા છે, હજુ સીનિયરનું વર્ષ બાકી છે, અને સગાઈ થયા પછી તો તમે અમેરિકા ચાલ્યા જવાના—એવાએવાં બહાનાં કાઢ્યાં; પરંતુ મેં એને ખૂબ સમજાવી. પછી મમ્મીને વાત કરતાં એને ઘેર બોલાવીને મમ્મીએ પણ સમજાવી અને ફાધરે પણ સંમતિ આપી દીધી...પણ તું તારી વાત તો કર; તેં શો વિચાર કર્યો છે?

વિનાયક : મેં? મેં તો મુંબાઈમાં જ શિક્ષકની નોકરી લઈ લેવી ધારી છે.

જિતેન્દ્ર : અરે, નોકરીની ક્યાં માંડે છે? હું તો તારી સગાઇ વિષે પૂછું છું.

વિનાયક : મારે માટે તો અત્યારે છોકરી કરતાં નોકરી વધુ અગત્યની છે.

જિતેન્દ્ર : પણ જો એક ખાનગી વાત તને કહી દઉં. તું તો કદાચ જાણતો જ હશે...

વિનાયક : શું? મને કંઇ ખબર નથી.

જિ૦ : (ધીમે) પેલી રાજેશ્વરી તને ચાહે છે.

વિનાયક : એમ?

જિતેન્દ્ર : હા; ખરેખર, તને ખબર નથી? વાતવાતમાં એ હમેશાં તને જ 'કૉટ' કરે છે. ડિબેટમાં બોલેલાં તારાં વાક્યો તને યાદ નહિ હોય, એટલાં એને યાદ છે. અને તારાં કાવ્યો કાગળમાં જોયા વગર તું નહિ બોલી શકે, પણ એને બધાં મોઢે છે; બોલ, તને ગમે છે કે નહિ એ?

વિનાયક : એના નામ સિવાય અત્યારે તો એનું બીજું કશું જ ગમતું નથી.

જિતેન્દ્ર : એમ તો મને પણ પહેલાં તો મંદાકિનીનું નામ જ ગમતું હતું. પછી જ બંદા ધીરે ધીરે લપટાયા.

વિનાયક : પણ તારી વાત જુદી છે, જિતુ; અને મારી વાત જુદી છે. તું શ્રીમંત છે, હું ગરીબ છું; ટ્યૂશનો કરી માંડ ભણી શક્યો. અને હજુ પણ ટ્યૂશનો કરીકરીને જ રોટલો મેળવવાનો છે. દેશમાં માબાપને તો માંડ બેત્રણ વર્ષે કંઇક મોકલી શકાશે. એમાં વળી...

જિતેન્દ્ર : જો વિનુ, મને તો આ બધાં બહાનાં લાગે છે. જિંદગી સામે ઝઝૂમવાનું જે બળ તારામાં છે, તે જોઇ હું એમ જરૂર કહી શકું કે તું રાજેશ્વરીને સારીરીતે સાચવી શકશે. અને રાજેશ્વરી પણ પૈસા બાબતમાં તને મૂંઝવણમાં નહિ આવવા દે. બાકી હું તો એટલું જાણું છું કે એ તને ચાહે છે, ખૂબ ચાહે છે. અત્યારે અહીં આવશે એટલે તને વધુ ખાતરી થશે.

વિનાયક : મને પણ કંઈક એવું જ લાગતું તો હતું. છેલ્લી ટર્મમાં પરીક્ષાની ડિફિકલ્ટીઝ એની એટલી બધી વધી ગઇ હતી કે કૉલેજમાં વાંચતો હોઉં ત્યારે રોજ મને એ પૂછવા આવે; પણ હરામ બરોબર, જો એણે પૂછ્યા પછી ધ્યાન દઇને કોઇ દિવસ સાંભળ્યું હોય તો! ડિફિકલ્ટીઝને બહાને એ મારી સાથે વાતો કરવા જ આવતી. અને, પૉલિટિક્સમાં હું આમ માનું છું, અને પરીક્ષાની પદ્ધતિ વિષે આમ માનું છું; સાહિત્ય વિષે હું આમ માનું છું અને સિવિલાઇઝેશન વિષે આમ માનું છું...એમ દરેકમાં એની પોતાની માન્યતા કંઈ જુદા જ પ્રકારની હોય તે મને બતાવ્યા કરે. હું પણ ટાઇમ ન બગડે તે માટે ચર્ચા ઝટ પતાવવા હમેશાં એની સાથે તરત જ સંમત થઇ જતો અને એથી એના વિચારોને હું બહુ મળતો આવું છું એમ સમજીને એ રાજી થતી.

જિતેન્દ્ર : હાં, હવે સમજાયું. બરાબર છે; તારા સિવાય ભાગ્યે જ કોઈની સાથે રાજેશ્વરી સંમત થઇ હશે. પણ દોસ્ત, એક વાત તો કબૂલ કરવી જોઇશે. એના જેટલું આખી કૉલેજમાં બીજા કોઈએ વાંચ્યું નહિ હોય.


વિનાયક : પણ ચર્ચાની એ ભારે શોખીન, ભાઈ! જરાક નવરાશ બતાવી કે તુરત જ કહેશે, 'ચાલો આપણે ડિસ્કસ કરીએ!' દરેક બાબતમાં એના વિચાર જુદા અને દરેક વખતે એની આઇડીઑલૉજી 'ડીફર' થાય. મને તો લાગે છે કે ખુદ ઈશ્વર આવીને એની સાથે ચર્ચા કરે તો પણ અંતે તો ઈશ્વરને જ હાર કબૂલવી પડે.

રાજેશ્વરી : (દાખલ થતાં) હલ્લો! હલ્લો! કેમ છો, વિનાયક? (જિતેન્દ્ર તરફ જોતાં) કેમ છો, જિતુભાઈ?

જિતેન્દ્ર : આવો, રાજેશ્વરી!

વિનાયક : કેમ છો, રાજેશ્વરી?

રાજેશ્વરી : આઈ ઍમ સૉરી, મને જરા




૧૯મી સદીના અમેરિકાના શ્રેષ્ઠહાસ્યલેખક ને લોકસાહિત્યકાર માર્ક ટ્વેઈન(૧૮૩૫-૧૯૧૦) નાં માનવતાભર્યાં લખાણો આજ લગભગ એક સદીથી કેટલી યે ભાષાઓમાં વંચાય છે.



મિસિસિપી નદીને કાંઠે જન્મેલા માર્ક ૧૨ વર્ષ-ની વયે પિતાના અવસાનથી નિરાધાર થતાં શાળાનું જૂજ શિક્ષણ મેળવી છાપખાનાનું કામ શીખ્યા. તેમાં એમને થોડુંઘણું જ્ઞાન મળ્યું.



પણ તેમનું મન છેક નાનપણથી મિસિસિપી પ્રદેશની લોકકથાઓથી ભરેલું હતું. એટલે તેમણે વાર્તાઓ લખવી શરૂ કરી, જેમાં 'ટૉમ સૉયર' અને 'હકલબરી ફિન' પ્રખ્યાત છે.



૧૯ની વયે માર્કે મુદ્રણકામ છોડી વહાણનાસુકાની બનવાની પોતાની બાળપણની ઇચ્છા પૂરી કરવા માંડી. વહાણવટી તરીકેના એ અનુભવોનું વર્ણન 'લાઈફ ઑન ધ મિસિસિપી' નામના તેમનાપુસ્તકમાં આબેહૂબ ઉતાર્યું છે.



૧૮૬૧માં સોનારૂપાની શોધમાં પડ્યા. તેમાં જે આનંદદાયક પણ લુખ્ખા અનુભવ થયા તે 'રફિંગ ઇટ' નામના તેમના પુસ્તકમાં ઉતાર્યા છે. આ બંને પુસ્તકોમાં અમેરિકાના આંતરવિગ્રહના દિવસોનાં શ્રેષ્ઠ ચિત્રો છે.



૧૮૬૨માં તે 'વર્જિનિયા સિટી ઍન્ટરપ્રાઇઝ' નામે છાપામાં જોડાયા, જ્યાં તેમણે 'માર્ક ટ્વેઈન'નું નામ ધારણ કર્યું. વહાણવટીઓની એ હાકલનો અર્થ 'સલામત પાણી' એવો થાય. તેમનું મૂળ નામ તો સૅમ્યુઅલ ક્લેમેન્સ હતું.

મોડું થયું. કેમ, શાની ચર્ચા ચાલતી હતી? કંઈક પરમેશ્વરની જ વાત કરતા હતા ને?

વિનાયક: હા, અમે તમને યાદ કરવા ગયા અને અમારે પરમેશ્વરને યાદ કરવા પડ્યા!

રાજેશ્વરી: મને આશ્ચર્ય થાય છે કે તમારા જેવા વીસમી સદીના યુવાનો પરમેશ્વર જેવી ઑર્થોડૉક્સ માન્યતાને કેમ વળગી રહ્યા છે.

જિતેન્દ્ર: રાજુબહેન, પહેલાં તો તમે બેસો; પછી આપણે ચર્ચા કરીએ.

રાજેશ્વરી: (બેસતાં) પણ હું માનું છું કે ઊભાં ઊભાં ને ફરતાં ફરતાં ચર્ચા વધારે સારી રીતે થઈ શકે છે. કેમ, ખરું ને વિનાયક?

વિનાયક: હા, પણ તમે આજે અહીં ચર્ચા કરવા આવ્યાં છો કે ડિનરપાર્ટીમાં ખાવા?

રાજેશ્વરી: ખાતાંખાતાં ચર્ચા કરવા અને ચર્ચા કરતાંકરતાં ખાવા.

જિતેન્દ્ર: ચર્ચા કરવી હોય તેટલી કરજો અને ખાવું હોય તેટલું ખાજો, બાઈસાબ—સૉરી, બેનસાબ;—પણ મહેરબાની કરીને અમારું માથું ન ખાઇ જતાં.

(બહાર ધબધબ અવાજ સંભળાય છે.)

વિનાયક: ધીરુનાં પગલાં લાગે છે. એનું ગામડાનું પાણી ચાર વર્ષે પણ ઊતર્યું લાગતું નથી.

રાજેશ્વરી: અને બરાડા પાડીને બોલવાની એની ગામડાની ટેવ પણ–(ધીરેન્દ્ર પ્રવેશે છે.)

જિતેન્દ્ર: આવ ધીરેન્દ્ર, આવ દોસ્ત.

ધીરેન્દ્ર: (પ્રવેશતાં પ્રવેશતાં, મોટા અવાજે) કેમ...જિતલા...કેમ દોસ્ત વિન્યા... (રાજેશ્વરી તરફ જોઇને) અને—અને—માફ કરજો, શું તમારું નામ?

રાજેશ્વરી: તમને માફ કર્યા! હવે નામ નહિ બોલો તો ચાલશે.

ધીરેન્દ્ર: (બેસે છે) નહિ કહો? તો તો બીજું પાડવું પડશે. કેમ, શી ચર્ચા ચાલતી હતી?

વિનાયક: ખાવાનીસ્તો, બીજી શાની?

ધીરેન્દ્ર: અલ્યા, કંઈક તો સભ્યતા શીખો!



પણ 'ધ સેલિબ્રેટેડ જંપિંગ ફ્રૉગ ઑવ કાલાવેરાસ કાઉન્ટી' નામના તેમના નિબંધે તેમને રાતોરાત પ્રખ્યાત બનાવી દીધા. હવે દુનિયાભરમાં તેમનાં પુસ્તકો સૌથી વધુ વંચાવા લાગ્યાં.



૧૮૭૫માં તેમણે લખેલી 'ઍડવેન્ચર્સ ઑવ ટૉમ સૉયર'માં તેમના બાળપણના મિત્રોનાં જ પાત્રો છે. ટૉમ તથા તેનો મુખ્ય સાથી હકલબરી ફિન હમેશાં તોફાન માટે તૈયાર જ હોય.



તેમાં ટૉમે પોતાના મિત્રો પાસે એક વાડ કેવી રીતે રંગાવી એ પ્રસંગ તો અદ્ભુત છે. કેવળ વિનોદ ખાતર લખાએલી આ કથા ટ્વેઈનનું માનવ-સ્વભાવનું તલસ્પર્શી જ્ઞાન બતાવે છે.



એ પછી 'ધી ઍડ્વેન્ચર્સ ઑવ હકલબરી ફિન' તો માર્ક ટ્વેઇનની ઉત્તમ કૃતિ બની ગઈ. રખડુ 'હક' તેના વફાદાર મિત્ર જિમ સાથે એક ત્રાપામાં બેસી મિસિસિપી નદીમાં ઝુકાવે છે અને ત્યાં અસંખ્ય સાહસો કરે છે.



૧૮૮૯માં લખેલા 'કનેક્ટિકટ યાંકી'માં મધ્યયુગના એક દરબારમાં જાગી ઊઠતો ૧૯મી સદીનો એક અમેરિકન રાજા આર્થરના દરબારીઓને પોતાની ચતુરાઈ ને આધુનિક જ્ઞાનથી કેવા હંફાવી દે છે, તેની કટાક્ષપૂર્ણ કથા છે.



પછી તો એમનાં પુસ્તકોનાં નાટકો થયાં ને ફિલ્મો ઊતરી. પ્રખ્યાત અમેરિકન હાસ્યકાર સ્વ. વિલ રૉજર્સે ફિલ્મમાં 'કનેક્ટિકટ યાંકી' તરીકે કામ કરેલું. લોકો વિષેનાં ને લોકો માટેનાં ટ્વેઈનનાં પુસ્તકો કાયમ માટે જીવંત રહેશે.

કોઇ આપણને ખાવાનું આમંત્રણ આપે એટલે એને ઘેર જઇ ખાવાની જ વાતો કર્યા કરવાની?

રાજેશ્વરી: માફ કરજો ધીરેન્દ્ર, હું તમારી સાથે 'ઍગ્રી' નથી થતી. પહેલું તો એ કે અમે જે વાત કરતાં હતાં તે તમે પૂરી સાંભળી નથી. બીજું એ કે તમે જેને સભ્યતા કહો છો એને હું દંભ કહું છું. આજકાલની સભ્યતા...

ધીરેન્દ્ર: માફ કરજો રાજેશ્વરી, આપણે કોઈ દિવસે ય 'ઍગ્રી' થયાં છીએ કે આજે...

રાજેશ્વરી: એ બાબતમાં પણ તમારી સાથે હું ઍગ્રી નથી થતી. શું માણસ અમુક વખત ઍગ્રી ન થાય એનો અર્થ એ કે આખી જિંદગી કોઇ સાથે ઍગ્રી નહિ જ થાય?

વિનાયક: ચાલો, આપણે બધાં ઍગ્રી થઇએ એવી કોઇ વાત કરીએ. જિતેન્દ્ર અમેરિકા જાય છે તો એને પૂછીએ તો ખરાં કે ત્યાં જઇને એ શી ધાડ મારવાનો છે?

રાજેશ્વરી: (વચ્ચે) પણ જિતુભાઈ, મંદાકિની કેમ દેખાતી નથી?

જિતેન્દ્ર: હવે આવવી જોઇએ. મમ્મી સાથે કૈંક ખરીદી માટે બહાર ગઈ છે. (ઊભો થતાં) તમે કં ડ્રિંક્સ લેશો ને? ઊર્મિ! એ ઊર્મિ... (અંદરથી અવાજ) એ આવી, ભાઈ! (ઊર્મિલા પ્રવેશે છે.)

જિતેન્દ્ર: (ઊર્મિલાને) જરા, ચાર પ્યાલા શરબત બનાવી લાવને. અને હવે રામાને ડિનર-ટેબલ ગોઠવવાનું કહે.

ઊર્મિ: (જતાં જતાં) એ હા... (એટલામાં બહાર મોટરનું હૉર્ન સંભળાય છે.)

જિતેન્દ્ર: લ્યો, પપ્પા અને મમ્મી આવ્યાં લાગે છે. (જિતેન્દ્રનાં માતાપિતા પ્રવેશે છે. પાછળ મંદાકિની પણ છે. બધાં ઊભાં થાય છે.)

પપ્પા: કેમ, સૌ આવી ગયાં? બેસો, બેસો!

જિતેન્દ્ર: પપ્પા, આ મારા કૉલેજનાં મિત્રો. આ વિનાયક, આ ધીરેન્દ્ર, આ રાજેશ્વરી...

પપ્પા: બેસો બધાં... હું આવું છું (ટોપી અને કોટ કાઢતા બાજુના ખંડમાં જાય છે.)

મમ્મી: (રાજેશ્વરીને) બેસો બહેન, બેસો. મંદા, તું બેસ એમની સાથે. હું આવું છું. (જાય છે. મંદાકિની અને રાજેશ્વરી વાતે વળગે છે.)

મહાસુખ: (પ્રવેશીને) હું આવું કે?

જિતેન્દ્ર: ઓહો! મહાસુખ... આવ... આવ. (ઊર્મિલા ડ્રિંક્સ મૂકી જાય છે. મંદાકિની બધાંને તે આપે છે.)

ધીરેન્દ્ર: કેમ 'લા, મા'સુખિયા! જિંદગીમાં એક વાર તો તું ક્યાક ટાઇમસર પહોંચ. કૉલેજમાં તો જાણે બધાંનું ધ્યાન ખેંચવા...

વિનાયક: ખાસ કરી આગલી બંચોનું...

ધીરેન્દ્ર: ...તું હાથે કરીને ક્લાસમાં મોડો આવતો; પણ હવે તો તને બધે મોડા જવાની ટેવ જ પડી ગઈ લાગે છે.

મહાસુખ: ના યાર, હવે તો એ ટેવ કાઢવા મથું છું. પરીક્ષા આપી ત્યારથી નોકરી માટે અરજીઓ કરું છું. એમાં બે નોકરી તો માત્ર મોડા પહોંચવાને લીધે જ ગુમાવવી પડી!

જિતેન્દ્ર: એમ? ત્યારે હવે નોકરી માટે અરજીઓ શરૂ કરી દીધી?

વિનાયક: મને લાગે છે, કે આપણી ખરી પરીક્ષા તો બધી પરીક્ષાઓ આપી દીધા પછી જ શરૂ થાય છે.

મંદાકિની: ખરી વાત છે, વિનુભાઈ. મારા બાપુજી ગુજરી ગયા પછી બાલમંદિરમાં નોકરી મેળવવા મેં કટલીયે અરજીઓ કરી, પણ...

વિનાયક: પણ હવે તો તમારે ક્યાં નોકરી કરવા જવાનું રહ્યું?

ધીરેન્દ્ર: હવે સાસુજીની ચાકરી કરવાની!

રાજેશ્વરી: ના ભાઇ, હું તો ચાકરી કરવાના ઑર્થોડૉક્સ રિવાજમાં માનતી નથી. વિનાયક, તમે જ એક વાર ડિબેઈટમાં નહોતું કહ્યું કે સાસુએ ચાકરી કરાવવી કે વહુએ ચાકરી કરવી એમાં—

જિતેન્દ્ર: હવે એ ચર્ચા રહેવા દઇને આ મહાસુખના મહાદુઃખના અનુભવ તો સાંભળો.

વિનાયક: શું મહાસુખ, તારા અનુભવો શું કહે છે?

મહાસુખ: અરે યાર, આખી વૅકેશન મને તો 'ઍપ્લાઇ', 'ઍપ્લાઈ' અને 'નો રિપ્લાઈ' જેવો અનુભવ થયો છે. રોજ સવારે ઊઠીને પ્રાતઃસ્મરણમાં 'નમો સિચ્યુએશન વૅકન્ટાય'-નો મંત્ર ભણું છું. છાપાંઓમાં જેટલી જાહેરખબરો આવે છે એટલી બધ્ધી નોકરીઓ માટે મેં અરજી કરી હશે. બૅંકના લેજર ક્લાર્ક, ટાઈપિસ્ટ, સ્કૂલમાસ્તર, પર્સનલ સેક્રેટરી, ઍસિસ્ટંટ મૅનેજર, ડીસ્પૅચિંગ ક્લાર્ક, લાયબ્રેરીઅન, અરે, પ્રાર્મિક માસ્તર, ઇન્સ્યુરન્સ એજન્ટ, ઍડવર્ટાઈઝિંગ એજન્ટ, ટ્રાવેલિંગ એજન્ટ, શીપિંગ એજન્ટ ઍન્ડ વૉટ નૉટ! (બધાં હસે છે.) ત્રણ મહિનાના અનુભવ પરથી હું તમને કહી શકું એમ છું કે કંઈ કંપનીઓ બોગસ જાહેરખબરો આપે છે, કંઈ લિમિટેડ કંપનીઓ ઍપૉઈન્ટમેન્ટ નક્કી કરી લઇને જ પછી વિધિ ખાતર જાહેરખબર આવે છે, કંઈ સ્કૂલોમાં પ્રિન્સિપાલ પોતાની જ્ઞાતિના જ માણસો લે છે અને કંઈ ઑફિસોમાં માત્ર છોકરીઓને જ પસંદગી આપવામાં આવે છે. (બધાં ફરી હસે છે.) મેં સેંકડો અરજી કરી હશે. કેટલા કાગળ, કેટલી શાહી અને કેટલી ટપાલની ટિકિટો બગાડી હશે એનો કંઈ હિસાબ નથી. માત્ર મને જો લાભ થયો હોય તો એટલો કે અરજીઓ ઘડવાથી મારું અંગ્રેજી ઘણું સુધરી ગયું છે, અને ખુશામત કરીકરી લખાણમાં હું નમ્ર ઘણો બની ગયો છું. (મજાકમાં) દોસ્ત જિતુ, આભાર તારો, કે આ બેકાર માણસની એક ટંકની ફિકર તેં આજે ઓછી કરી છે.

મંદાકિની: મહાસુખભાઇ, એવું શું બોલો છો? અમે કંઈ તમારા પર ઉપકાર નથી કરતાં.

જિતેન્દ્ર: અરે, એ સાચું બોલે છે એમ તું માને છે, મંદા?

ધીરેન્દ્ર: મંદાકિની, તમે પણ અમેરિકા ઊપડો ને? જિતુની સાથે!

મંદાકિની: ના રે ભાઈ, મારે તો હજી સીનિયરનું વર્ષ બાકી છે. અને હું ત્યાં જઇને કરવાની શું? મને એવો ઉચ્ચ અભ્યાસ કરવાની ઇચ્છા પણ નથી. પણ ધીરેન્દ્રભાઇ, તમે હવે શું કરવાના?

ધીરેન્દ્ર: હું? તમને ખબર નથી મંદાબહેન? હું તો કૉલેજમાં આવ્યો ત્યારથી બધાંને કહેતો ફરતો હતો કે હું તો મારે ગામડે જઇ ફાધરને ખેતી કરવામાં મદદ કરવાનો છું. મારા ફાધર એ સિવાય બીજું મને કરવા પણ ન દે.

મંદાકિની: તો અમને તમારા ખેતરમાં પોંક ખાવા તો બોલાવશો ને?

ધીરેન્દ્ર: જરૂર.

મંદાકિની: અને તમારાં લગ્ન વખતે પણ ઈન્વિટેશન આપશો કે નહિ?

જિતેન્દ્ર: અરે, તને ખબર નથી, મંદા? એ મિયાં તો પરણીપરવારીને ભણવા નીકળ્યા છે.

મંદાકિની: અરે, તમે પરણેલા છો! આટલી નાની ઉંમરે? શી વાત કરો છો. ધીરુભાઈ?

ધીરેન્દ્ર: ગામડામાં તો માબાપને દીકરાદીકરી પરણાવવાની બહુ જ ઉતાવળ હોય છે. એમાં લાભની દૃષ્ટિએ જુઓ તો લાભ પણ છે, અને ગેરલાભની દૃષ્ટિએ જુઓ તો ગેરલાભ પણ છે. કેમ, રાજેશ્વરી, તમે શાંત કેમ છો?

રાજેશ્વરી: મને લાગે છે કે એ ડિબેટેબલ ક્વેશ્ચન છે. આપણે એકાદ વખત એના પર ડિસ્કશન ગોઠવવું જોઇએ, કેમ ખરું ને વિનાયક?

વિનાયક: મને લાગે છે કે પરણ્યા પછી એના પર વધારે સારી રીતે ડિસ્કશન થઈ શકે!

ઊર્મિલા: (અંદરથી બૂમ મારે છે) ભાઈ, ચાલો ટેબલ તૈયાર છે.

જિતેન્દ્ર: (ઊભો થતાં) ચાલો ત્યારે આપણે

મમ્મી: (પહેલાં અંદરથી અને પછી પ્રવેશીને) ચાલો જિતુ, ચાલો બધાં...

રાજેશ્વરી: વિનાયક, પાર્ટી પછી રોકાજો; તમારી સાથે થોડુંક પર્સનલ ડિસ્કસ કરવું છે.

વિનાયક: (ધીમેથી) મારી સાથે? અને તે પણ પર્સનલ? (હસતા) માર્યા આ તો!

(પડદો)

પ્રવેશ બીજો

[સ્થળ: વિનાયકનું ઘર; સમય: સાંજનો. વિનાયક ખાટલામાં ઓઢીને સૂતોસૂતો હાથમાં ચોપડી રાખી વાંચે છે, પણ એનું ચિત્ત વાંચવામાં નથી. બાજુમાં એક સાદડી પર શારદા આસપાસ ચોપડીઓ રાખી એક નોટબુકમાં લખે છે. ત્યાં રાજેશ્વરી પ્રવેશે છે.]

રાજેશ્વરી: હલ્લો, વિનાયકરાવ!

વિનાયક: ઓહો! રાજેશ્વરી. આવ, બેસ. પેલી ખુરશી લઇ લે ને?

રાજેશ્વરી: કેમ, આજે કંઇ ઓઢીને સૂતા છો? તબિયત ઠીક નથી?

વિનાયક: જરા નરમ છે તબિયત.

રાજેશ્વરી: એમ? ક્યારથી?

વિનાયક: થયા થોડાક દિવસ.

રાજેશ્વરી: તો મને જણાવ્યું પણ નહિ?

વિનાયક: એમાં જણાવવા જેવું શું છે? તબિયત તો નરમગરમ રહ્યા કરે.

રાજેશ્વરી: (શારદા તરફ આંખ કરી) અને આ કોણ છે?

વિનાયક: મારી બહેન છે. શારદા, જો હું કહેતો હતો તે આ રાજેશ્વરી. (શારદા નમસ્તે કરે છે. અને પાણી લાવી આપે છે.)

રાજેશ્વરી: અહીં ક્યારે આવી?

વિનાયક: થોડાક દિવસ થયા. દેશમાં એનો અભ્યાસ બગડતો હતો, અને મારે અહીં માંદેસાજે કોઈકની જરૂર પડે; એટલે મેં એને બોલાવી લીધી.

રાજેશ્વરી: એવું કામ હોય તો મને ન કહો? વિનાયક, તમે જુદાઇ રાખો એ મને ગમતું નથી. મેં તમને કેટલી વાર કહ્યું હશે, પણ તમે કદી મારે ઘેર પણ આવ્યા? મારાં પપ્પા અને મમ્મી પણ તમને જોવા કેટલાં આતુર છે!

વિનાયક: 'મને' જોવા આતુર છે?

રાજેશ્વરી: નહિ ત્યારે? (અનુ. પૃ. ૨૭૪મે)

ભારતીય સંસ્કૃતિના પુરસ્કર્તા કુલપતિ કઝિન્સ ના ઘડતરકાળનાં સંસ્મરણો [૪]

ભારતપ્રયાણની ભૂમિકા

આ લોક અને પરલોક જેવા બે પ્રદેશો માનતા સંસારમાં હું ઊછર્યો હતો, પણ ઘણી વાર એના મૂળ કે ખરાપણા વિશેની મારી નાનપણની ખણખોદમાં તે નક્કર વાસ્તવિકપણાના ભુક્કા ઊડી જતા. મારી પ્રૉટેસ્ટંટ દુનિયામાં કૅથલિક જગતનો કોઇ મેળ નહોતો. સાયન્સ વળી એક તંદુરસ્ત નાસ્તિમય જગતની વાત કરતું હતું અને બીજી તરફ શ્રમજગતની લાલ આંખ ફાંદવાળા ધનિક જગત પર ડોળા ફાડી રહી હતી. પણ એક વાત નક્કી હતી કે આ જગત ખરેખર હતું અને તમે જરા પણ પગ ચૂક્યા એટલે દુનિયાદારીનાં મેલાં જાળાં તમને ખેંચી તમારી મરજી વગર બીજી દુનિયા બતાવી દેવાનાં જ.

આ પરલોક અથવા ઇતરલોક એટલે બાજુમાં જ ઊઘડતું કોઇ દ્વાર, કે બીજી કોઇ ક્ષણ, એવો પ્રશ્ન થતો. મારા મનને ખૂણેથી જવાબ મળતો કે આ જગત જરૂર ક્યાંકથી ઉદ્‌ભવ્યું છે અને કોઇ દિશામાં જઈ રહ્યું છે. અન્ય જગત કે પરલોક તેની અંદર સાથે સમાએલું છે અને ગમે તે વખતે ગમે ત્યાં એક જ સાથે તમે પ્રાપ્ત કરી શકો એમ છે.

જ્ઞાનની શક્તિઓથી એના ભેદ પ્રાપ્ત કરી શકાશે એમ ધારી મેં અનેક પંથો, વાદો અને સિદ્ધાન્તોનો અભ્યાસ કર્યો. ઇતિહાસ અને તવારીખો કહે છે તેમ મૃત્યુ પામ્યા તે બધા ખરેખરો વિનાશ પામ્યા? કે જેમ બીજા પ્રમાણો અને તર્કથી પુનરાગમન કે અવતારની ખાતરી ધરાવે છે તેવું કંઈ બને છે? થિયૉસૉફીના લેખોમાં મેં કંઈક પ્રકાશનાં કિરણો જોયાં. પણ પ્રકાશ ઘણો દૂર હતો; અનેક સિદ્ધાન્તોનાં ચક્રો, અને સ્થાનો તથા વ્યક્તિઓના વાદમાં તે પ્રચંડ અંતરાયો, સૃષ્ટિઓ, બંધનો, જાતિઓ, લોકો અને પૂર્વજન્મોથી ભરચક બની રહ્યો હતો.

થિયૉસૉફીને તેના પહેલા સિદ્ધાંત વિશ્વબંધુત્વ ખાતર મેં સ્વીકારી; કારણ કે માનવમાત્રના સંબંધ માટે એ કુદરતી નિયમ છે. બીજું કારણ એ છે કે જીવમાત્રમાં વસી રહેલા ચૈતન્યના એકબીજા સાથે સંકળાએલા આવિર્ભાવો છે, તેનો ધર્મ, તત્ત્વજ્ઞાન અને વિજ્ઞાન દ્વારા પરસ્પરનો સંબંધ સમજવાની સાચી પદ્ધતિ મળે છે. જોકે તેમાં કળાઓની સર્જક અભિવ્યક્તિનો ખાસ સમાવેશ નહોતો. ત્રીજું કારણ માણસની પોતાની શક્તિઓને સાધારણ કરતાં વિશેષ પ્રકારે વિકસાવવાને કુદરતના ઊંડા નિયમો સમજવાનો મનગમતો અભ્યાસ પણ મળ્યો. AE આ બાબતમાં આગળ હતા અને ડબ્લિનનો પહેલો થિયૉસૉફિકલ આશ્રમ સ્થાપનાર હતા. પણ નોકરી, નાટક, સાહિત્યોદ્ધાર વગેરે રોકાણોથી હું તેમના સહવાસનો પૂરો લાભ લઇ શક્યો નહોતો. હું તો વળી દારૂ તમાકુના સંપૂર્ણ ત્યાગ અને રક્તપાત વિનાના આહાર જેવાં બાહ્ય સાધનો પર નિર્ભર રહી મારી શારીરિક અને તંતુગ્રંથિઓને સુધારી રહ્યો હતો. આવા માનસિક વલણ દરમ્યાન સ્ત્રીપુરુષ તરીકેના પૂર્ણ જીવન વિષે અને વ્યક્તિગત તેમજ સામાજિક બંધનો વિષે પ્રસંગ આવ્યો ત્યારે મેં અને મારી પત્નીએ નિશ્ચય કર્યો કે બીજાઓ કરતાં આપણું સહજીવન જુદા જ પ્રકારનું, એક નવા સાહસ રૂપે ઉત્તેજક અને શિસ્તપ્રદાતા થવું ઘટે, અને અમારે તેમાંથી જન્મ, જીવન અને મૃત્યુના ભેદોની ચાવી શોધવી.

નવા અનુભવો

એક વાર ચોપાનિયાંની એક દુકાન પર 'મૉડર્ન ઍસ્ટ્રૉલૉજી' (હાલનું જ્યોતિષ) નામનું ચોપાનિયું જોયું. તેમાં જ્યોતિષ અને કર્મવિપાક નામનું પ્રકરણ હતું. કર્મનાં ફળોની ચર્ચા તો અમારો માનીતો વિષય હતો. પૂર્વના દેશોની રીતે કર્મની ચર્ચામાં રસ ન પડ્યો, પણ માણસની ઉપર તેની ઇચ્છા વિરુદ્ધ બહારની સત્તા કામ કરે છે કે નહિ તેનો નિર્ણય કરવાની અમને પહેલી જરૂર લાગી. એ જો નક્કી થઈ શકે તો આપણો જીવનનો ચૈતન્યભાગ તેના શરીરયંત્ર સિવાય પણ અસરકર્તા બને એ પ્રશ્ન સરળ થાય. અને જો એવી શક્તિ તેનામાં હોય તો માની શકાય કે મનુષ્ય દેહ પરત્વે તેના સ્થૂળ આધારથી પર તે અસ્તિત્વ ધરાવી શકે.

આવા વિચારો ચાલતા હતા ત્યાં એક મિત્રે 'પ્લાન્ચેટ' નામનું સાધન મોકલ્યું. એના વિષે વાત ચાલતી કે પ્રેતાત્માઓના સંદેશા તે ઝીલે છે. મેં તો તેને એક વિનોદનું સાધન માન્યું; પણ તે અમારા સંશોધનમાં કંઈક કામનું થશે એમ પણ માન્યું હતું.

બે ગરગડીવાળા પાટિયા ઉપર ગ્રેટા હળવેથી હાથ મૂકતી અને વિના શ્રમે પકડેલી પેન્સિલ, નીચેની કાગળની થોકડી પર લખાણ પાડતી. જરા પણ ભાર કે વેગ વધે તો તેનું કામ બંધ થઈ જતું. શરીરની સ્વસ્થતા અને અચેતન અધીનતા તેનું કામ ચાલવાને આવશ્યક બાહ્ય નિયમો હતા; અને મનનો તથા લાગણીનો વિશ્રામ પણ જરૂરી હતો.

એની આધ્યાત્મિક બાબતો તેમજ ભવિષ્યકથનો રસમય જણાતાં છતાં તેનું મૂલ્ય અમે બહુ ન ગણતાં. પણ કેટલીક બાબતો એવી જાણવા મળી કે તેમાં સંદેશવાહકથી ઇતર કોઈ સંકલ્પ યા બુદ્ધિનો પ્રયોગ થાય છે એ સમજાયું. ઘણી વાર કોઇ એક શબ્દ માટે યંત્ર અટકી જતું ત્યારે હું એક શબ્દ સૂચવું, ગ્રેટા બીજો કહે અને પ્લાન્ચેટમાંથી કોઇ ત્રીજો જ શબ્દ નીકળે, એટલે કોઇ ત્રીજો પક્ષ ભાગ લઈ રહ્યો છે એની પ્રતીતિ થાય.

આવા પ્રયોગ કરનારાં ઘણાં મંડળો દેશમાં થયાં હતાં અને તેમના પ્રયોગોની હકીકત પર તપાસ થતી હતી. એક વાત સ્પષ્ટ હતી: માણસનું બહારનું વ્યવહારુ મન ન જાણતું હોય ત્યારે પણ એવી ઘણી બાબતો તેના સુપ્ત મનમાં પડી હોય છે. પ્રયોગો કરતાં જણાયું કે હવે પ્લાન્ચેટની પણ અમને જરૂર રહી ન હતી. ગ્રેટા હાથમાં પેન્સિલ લઇને નિશ્ચેતનપણે તેને કાગળ પર રાખી દે એટલે બહારના જ કોઇ ધક્કાથી લખાણ થવા માંડીને સમજાય એવા સંદેશા મળતા થયા. જગતની બધી પ્રતિભા, સૂર્યથી જેમ ચંદ્ર પ્રકાશિત બને છે તેવી જ રીતે, કોઈ ઇતર મહાશક્તિથી પ્રેરણાવંત બને છે. હિંદુઓનો 'આત્મા' શબ્દ અમને એ રીતે માનવજીવનનું ઉચ્ચતર સ્વરૂપ છે એમ લાગ્યું. અમને લાગ્યું કે કોઇ પુરાણું શાસ્ત્ર અમારે હાથ લાધ્યું છે.

ચાર્લ્સ જહૉન્સનનું મેં અગાઉ નામ આપ્યું છે. એ નામનું મહત્ત્વ એ છે કે એક વાર ગ્રેટાને સ્વપ્નમાં મૅડમ બ્લાવટ્સ્કી દેખાયાં હતાં. ગ્રેટાએ તેમનું 'ધ સીક્રેટ ડૉક્ટ્રીન' (ગુપ્ત સંપ્રદાય) નામનું પુસ્તક વાંચેલું હતું. પણ મૅડમે સ્વપ્નામાં કહ્યું: 'તમારે ચાર્લ્સ જહૉન્સનનાં પુસ્તકો વાંચવાં જોઈએ.' અમને અત્યાર સુધી આ નામની ગંધ પણ નહોતી.

થોડા જ વખત પછી સંગીતસાહિત્યના એક મેળાવડામાં એક બાનુએ કહ્યું: 'તમે તમારા દેશમાં જ મૅડમ બ્લાવટ્સ્કીને જોયાં છે? નહિ? હું તેમની ભત્રીજીને સારી રીતે પિછાનું છું. તે વખતોવખત મને મળે છે અને ચાર્લ્સ જહૉન્સનને પરણી છે!'

એના પરિણામે ઓ ગ્રાડી નામનાં બાનુ સાથે અમને પરિચય થયો. આધ્યાત્મિક અનુભવોની આપલે કરતાં તેમણે ચાર્લી જહૉન્સને

કરેલા સંસ્કૃતના એક અનુવાદપુસ્તકનું નામ કહ્યું અને એ પુસ્તક મેળવી આપવા કહ્યું. પણ એના પહેલાં જ એક અજાણ્યા ભાઇ હિંદમાંથી કચ્છ જીવનનો અભ્યાસ કરનાર મિત્રમંડળની ભલામણ લઇ અમને મળી ગએલા. એમણે પણ ચાર્લી જ્હૉન્સનના સંસ્કૃતના અનુવાદનું નામ અમને આપેલું. એમણે એ પુસ્તક સાથે બીજાં પુસ્તકો પણ આપ્યાં અને એ રીતે તેનું વાચન કરવાનો સ્વપ્નાનો આદેશ અમારી સત્તા બહારની પ્રતિક્રિયાથી પાર પડયો.

ચેટાએ સમાધિ, તન્દ્રા-અવસ્થા અને સ્થૂલેતર જગતનું સંશોધન કરવા માંડયું અને સૂક્ષ્મ શક્તિઓના વ્યાપારો સમજવાને અમે વધુ રસ અને પ્રવૃત્તિમાં પડી ગયાં. જીવનવ્યાપાર અને માનવચેતના સાથે પ્રકૃતિ વધુ અસરકારક સંબંધ ધરાવતી લાગી અને ચિંતનના સાગરમાંથી ઉદ્‌ભવતી ઉપરની અને અંતસ્તલની લહરીથી અમે આકર્ષાયાં.

શાકાહારના એક નિબંધ માટે મને એક પારિતોષિક મળતાં લંડન જવા પૂરતા પૈસા મળી ગયા. ત્યાં અમે અમારા પ્રિય આયર્લૅંડના ભવિષ્ય પર ઉપરછલ્લી ચર્ચાઓ કરતા રાજપુરુષોને જોયા. પણ એ જ વખતે બીજો પ્રસંગ અમારા જીવનને સચોટ લક્ષ્ય આપનારો બની ગયો. તા. ૬ઠ્ઠી જુલાઇ ૧૯૦૭ને દિને લંડનમાં થિયૉસૉફિકલ સોસાએટીનું કન્વેન્શન હતું તેમાં હાજરી આપવાનું અમને નિમંત્રણ મળ્યું.

થિયૉસૉફી

અમે સભ્યો નહોતાં છતાં પણ એ આગ્રહભર્યું નિમંત્રણ ઠેલી શક્યાં નહિ. કાર્યપ્રસંગ હતો સંઘનાં પ્રમુખ મિસિસ ઍની બેસાંટનો સંમાન-સમારંભ. અમારી પિછાન કરાવનારે જ્યારે કહ્યું, 'આયર્લૅંડનાં મિ. અને મિસિસ કઝિન્સ' ત્યારે બેસાંટ પોને હસ્યાં અને હાથ પકડી ફરી બોલ્યાં: 'આયર્લૅંડનાં, ખરું ને?' અમને ચારેકોર હેતભર્યો આવકાર મળ્યો. લાયબ્રેરીમાં નાસ્તો ચાલતો હતો ત્યાં કોઈએ કહ્યું કે ડૉ. બેસાંટ અમને મળવા ઇચ્છે છે. સંમેલનમાં આયર્લૅંડનું કોઈક આવ્યું છે તે જાણી તે પ્રસન્ન હતાં. અમે સાફ દિલથી એમને કહ્યું કે અમે સભ્ય નથી અને બહુ અબોધ છીએ. પણ તેમને મન તો આયર્લૅંડથી વધુ કાંઇ પ્રિય ન હતું. આયર્લૅંડ ભવિષ્યમાં યુરોપની આધ્યાત્મિક નેતાગીરી કરશે એ વિચારથી તે સ્ફુરાયમાન થતાં. તેમણે ચેટાને કહ્યું કે 'આયર્લૅંડમાં જઇને તું થિયૉસૉફિકલ સોસાએટીની સ્થાપના કરી દે અને તે થશે એટલે હું આવીને વ્યાખ્યાન આપીશ.'

અમે ડબ્લિન આવ્યાં અને તેમના આદેશમાંના ખૂબ જ ભાવ અને પ્રેરણાને લીધે વધુ વખત સંઘ બહાર રહી શકયાં નહિ. ઇ ૧૯૦૮-ની મેની ૧૯મી તારીખનું મારું સભ્ય તરીકેનું પ્રમાણપત્ર છે.

લૉજની સ્થાપના થયા પહેલાં જ મિસિસ બેસાંટને ડબ્લિન લાવવાની વાત પાર પડી. તેમનો એક પત્ર આવ્યો કે યુનાઇટેડ સ્ટેટ્સમાંથી વળતાં તેઓ ડબ્લિન આવશે, માટે સત્કાર અને વ્યાખ્યાનની તજવીજ કરવી. આજ્ઞાપાલન સિવાય બીજો માર્ગ જ નહોતો. મારી હાઈસ્કૂલમાં બેસાંટનું નામ આગ અને ભડકા જેવું હતું. કોઈ જાણે કે મેં આ મુલાકાત યોજી છે તો મારી નોકરી ગઈ જ હતી. છતાં મેં ગોઠવણ કરી.

૧૯૦૯ની ૧૦મી ઑક્ટોબરે ત્રણસો ખાસ આમંત્રિત ડબ્લિનના ટોચ બુદ્ધિમાનોની સભામાં 'થિયૉસૉફીનાં હેતુ અને મૂલ્ય' ઉપર બેસાંટનું ભાષણ થયું. હું ચારે તરફ નજર રાખતો હતો કે બધું બરાબર ગોઠવાયું છે કે નહિ. મેં સર વિલિયમ બૅરેટને અંગત પત્ર લખી પુછાવ્યું હતું કે તે બીજા અગ્ર શહેરીઓ સાથે મંચ ઉપર વિરાજશે કે નહિ. તેમણે ચોખ્ખુંચટ લખ્યું કે પ્રસિદ્ધ અતિથિના કોઈ ગ્રંથ કે કાર્ય સાથે તેમને જરા પણ નિસ્બત નથી. પણ સભા શરૂ થઈ ત્યારે હૉલના છેવટના ભાગમાં એ પ્રસિદ્ધ માનસશાસ્ત્રી પોતાને છુપાવતા બેસી ગયા હતા. મેં પણ તે વિષે અજાણપણું બતાવ્યું.

બેસાંટ એક કલાક સુધી, રણકતા સ્વરે, વિશદ ભાષામાં, સ્વચ્છ ઉચ્ચારે, પ્રસંગોપાત્ત સહેજ સંકેત કરતાં રહીને પોતાના વિષયનું સાદ્યંત સ્પષ્ટ આકલન કરતાં હતાં ત્યારે થિયૉસૉફીનું ડીટું ય નહિ સમજતા શ્રોતાઓ તેમની બુદ્ધિ અને વાણીની અદ્‌ભુત પ્રાસાદિક લીલામાં ગરક બની ગયા હતા. એક પણ નોંધનો સહારો સરખો યે લીધા વિના એક પણ શબ્દ માટે અટકયા વિના, ગહન અને ગહન વિચારો તેઓ સુંદર મધુર વાકયમાળાઓથી જ્યારે વર્ષણ કરી રહ્યાં હતાં ત્યારે બધાં મંત્રમુગ્ધ બની ગયાં હતાં. ડબ્લિન જેને ખરી વાક્‌છટા માનતું તેનું તે દિવસે પ્રત્યક્ષ દર્શન થયું.

વ્યાખ્યાન પૂરું થતાં જે હૃદયંગમ તાલીનાદ થયો તે ખૂબ વિસ્તર્યો. અને જેવાં તેઓ મંચ પરથી ઊતરવા આગળ આવ્યાં તેવો જ પાછળથી અવાજ આવ્યો: 'સજ્જનો અને સન્નારીઓ!' બોલનાર હતા સર વિલિયમ બૅરેટ! મને તો થથરાટ થયો કે કંઇ ગંભીર વિવાદ ઊભો થશે. પણ જુદું જ બન્યું. ઘોંઘાટ–ગરબડ શાંત થયાં એટલે સર વિલિયમ બોલ્યા: 'મને આજે મંચ ઉપર બેસવાનું કહેવામાં આવ્યું હતું, પણ મેં ઇન્કાર કર્યો હતો; કારણ કે વક્તાના વિચારો સાથે હું મળતો થવા માગતો નહોતો. પરંતુ હું તો એ કહેવા માગું છું કે મારા સમગ્ર જીવનમાં મેં જગતના જે મોટામોટા અંગ્રેજી વક્તાઓને સાંભળ્યા છે તે બધામાંથી કોઇએ આવું નિષ્ઠા અને તત્ત્વપૂર્ણ વક્તવ્ય આપ્યું નહોતું. ને તે માટે હું અંગતરીતે મિસિસ બેસાંટનો આભાર માનું છું. તે સાથે આ પ્રસંગ ગોઠવનારનો પણ.' સદ્‌ભાગ્યે તેમણે મારું નામ ન લીધું.

ખર્ચને પહોંચી વળવા મારે વખતોવખત શૉર્ટ-હૅન્ડનું કામ તો કરવું જ પડતું. એક વાર બર્નાર્ડ શૉ ડબ્લિન આવ્યા ત્યારે તેમનું ભાષણ નોંધી લેવા મારે ઉતાવળે જવું પડેલું. પણ શૉર્ટ હૅન્ડથી એક બીજું સારું કામ મળ્યું. આયર્લૅંડની રૉયલ ઍકૅડેમી ઑવ મેડિસીનમાં રિપોર્ટર તરીકે ચાર વર્ષ માટે મારી નિમણૂક થઈ.

હવે, એ ક્ષેત્રમાં હું કંઇ જાણું નહિ, તેમજ તેમના વિચિત્ર શબ્દો અને વાકયો સમજું નહિ; પણ ડૉકટરો અને સર્જ્યનો તેમની સભામાં જે નિબંધો વાંચે ને ચર્ચાઓ કરે તેની નોંધ લઇ ટૂંકામાં સાદા અંગ્રેજીમાં સાર તૈયાર કરી પાંચસાત પત્રોમાં મોકલવાનું મારે કરવાનું હતું. તેમની ૧૧૨ અઠવાડિક સભાઓમાં મને જુદાજુદા અનુભવો મળ્યા અને એટલી જ ગિનીઓ મળી. જ્યારે મને તેમનો છેલ્લો ચેક મળ્યો ત્યારે મોટા દાક્તરે કહ્યું, 'એમ.ડી.ની પદવી માટે તમે પૂરા લાયક ગણાઓ એટલાં વ્યાખ્યાન તમે સાંભળી લીધાં છે.'

હિંદુસ્તાન જવા પહેલાં જે જે નવાં ઇતર જ્ઞાનસાધન પ્રાપ્ત કર્યાં તેમાં આ દાક્તરી અનુભવ ઉપરાંત બૅંક-ડાયરેકટર થવાનો અનુભવ પણ મળ્યો હતો! એક ભાઈ ઇંગ્લંડથી આવ્યા તેમણે અમને બચતના પાઠ આપવા બૅંક કાઢી અને ડબ્લિનના લોકો મને ઓળખે તે માટે મને તેનો ડાયરેક્ટર બનાવ્યો. ડાયરેક્ટરોની મીટિંગ મળે ત્યારે અઠવાડિયે બે પાઉંડ ફી મળે. પણ બૅંક આગળ ન ચાલી. ચોપડા જપ્ત થયા, બૅંક બંધ થઇ અને ડાયરેક્ટર તરીકેના મારા શેરને કારણે હું દેવાદાર બન્યો. કોર્ટ તરફથી તેની તપાસ ચાલી. તેને કારણે ડબ્લિનમાં મારું નામ એટલું જાણીતું થયું કે જેટલી પ્રસિદ્ધિ ચાર નાટકો અને કાવ્યગ્રંથોએ પણ મને અપાવી નહોતી!

આમ, દસ વર્ષમાં વ્યાપારી શિક્ષણ, ભૂગોળ-શિક્ષણ, વહાણ–પેઢી, કોલસા, સાહિત્ય, વૈદક, બૅંક બધા ધંધા ખૂંદી નાખ્યા. અમે વખતોવખત તહેવારોમાં આસપાસના પ્રદેશોમાં સાઈકલો લઈ નીકળતાં. કોઈ વાર દૂરના દરિયાકિનારે જતાં અને માનવસુખદુ:ખના

જાતજાતના અનુભવો જોતાં અને મેળવતાં.

સ્ત્રીજાગૃતિની પ્રવૃત્તિ

ઈ. ૧૯૦૭માં આયર્લૅંડની સ્ત્રીજાગૃતિમાં મિસિસ કઝિન્સ ઊંડાં ઊતરી ગયાં હતાં. ૧૯૦૮માં મોટી સભાઓ થઇ તેમાં ઈંગ્લંડની આમ સભા 'હાઉસ ઑવ કૉમન્સ' પર હલ્લો લઈ જવાનું ઠર્યું હતું ટ્રફાલ્ગર સ્ક્વેરમાં મોટી મેદની આગળ ઝુંબેશ જાહેર કરવાની હતી. ઘણી મોટા ... ી સ્ત્રીઓ એમાં આગળ પડી હતી. મિસિસ કઝિન્સ ત્યાં સ્ત્રીઓના 'સ્પેશ્યલ અને પોલિટિકલ યુનિયન'ને ત્રણ અઠવાડિયાંની સેવા આપવા ગયાં જેથી તેઓ આયર્લૅંડની સ્ત્રી-ચળવળને વળતી મદદ કરે. ત્યાં કમરતૂટ કામ હતું. આખો દિવસ રસ્તા પર ચાકથી સૂત્રો લખવાં, સ્ત્રીના 'મતાધિકાર'ની પત્રિકાઓ વહેંચવી અને કામ કરનારાઓ સાથે ગમે તે રેસ્ટોરાંમાં સાદું ખાણું લેવું.

મિસિસ કઝિન્સ આ વિષે લખે છે: ઇંગ્લંડનાં પ્રમુખ સ્ત્રી-કાર્યકર્તાઓમાંથી મને લેડી સિબિલનો આ દરમ્યાન પરિચય થયો. તે મોટા ખાનદાન ઘરનાં હતાં. તેમનાં ફુઈ કાઉન્ટેસ મિન્ટો રાણીના સખીમંડળમાં હતાં. તેઓ સંગીત અને સુંદર કાવ્યોનાં રસિક હતાં. એક વાર તેમના ઘરમાં સ્વામી વિવેકાનંદનું 'રાજયોગ' નામનું પુસ્તક જોઈ મેં કહ્યું: 'જુઓ, લેડી સિબિલ, તમારું જીવનરહસ્ય મેં શોધી કાઢ્યું છે. સ્વામી વિવેકાનંદે પશ્ચિમના લોકોને જે અદ્વૈતવાદ અથવા સમગ્ર ચૈતન્યની એકતા સમજાવી છે તેનો સાક્ષાત્કાર કેન્દ્રમાં રાખીને તમે પ્રવૃત્તિ કરો છો.' તેમણે મને કહ્યું: 'માર્ગરેટ નોબલ નામની જે આઇરિશ રમણી સિસ્ટર નિવેદિતાનું નામ ધારણ કરી સ્વામી વિવેકાનંદની શિષ્યા બની છે તેને હું પિછાનું છું. તે બાઇએ ભારતની ફિલસૂફી, લોકો અને જીવન વિષે સુંદર લેખો લખ્યા છે.' થોડા વખત પછી સરકારે લેડી સિબિલને સ્ત્રી-કાર્યકરો પ્રતિના વર્તનની ટીકા કરવા બાબત જેલમાં મૂક્યાં. જેલમાં તેમણે ભૂખમરાની હડતાળ પાડવા નિશ્ચય કર્યો. આખરે કોઇ બહાને સરકારે તેમને સૌને છોડી મૂક્યાં.

૧૯૦૯માં ફરી નારીઝુંબેશનો જુવાળ વધ્યો. બધી સ્ત્રીઓએ 'સ્ત્રી-મતાધિકાર' છાપના રૂમાલો પહેરી લીધા. મિસિસ પૅથિક લૉરેન્સે જુસ્સાદાર ભાષણો કર્યાં, સ્ત્રીઓનાં સરઘસો હાઉસ ઑવ કૉમન્સ તરફ કૂચ કરતાં ગયાં. અમારે અમારો ઠરાવ વડા પ્રધાનને હાથોહાથ આપવો હતો; પણ તે વખતના સેક્રેટરી વિન્સ્ટન ચર્ચિલે પોલીસને હુકમ આપેલો કે સ્ત્રીઓને પકડવી નહિ, પણ તેમનું કામ અટકાવી પાડવું. છતાં ૧૧૯ સ્ત્રીઓ પકડાઈ હતી ને ૫૦ને જખ્મો થયા હતા. બધે મોરચે પોલીસ એમને પાછી કાઢતી હતી. સ્ત્રીઓનો જુસ્સો શૌર્યપૂર્ણ હતો, પણ પોલીસના ચઢિયાતા બળ પાસે ફાવ્યું નહિ.

પણ અમે આઇરિશ સ્ત્રીઓ છૂટી હતી, એટલે મધરાત સુધી એક મિત્રને ત્યાં રોકાઇને પુરુષ મિત્રોની મદદથી ડાઇનિંગ સ્ટ્રીટના ખૂણા આગળ સૌ ભેગાં થયાં. ત્યાંથી અમને અમારા નસીબ પર છોડી પુરુષ મિત્રો ખસી ગયા. શહેરમાં પથરા કે ઈંટ પણ જડી નહિ એટલે અમે ફૂલનાં કૂંડાં તોડી કટકા કરી રાખ્યા હતા. આગલાં ટોળાંએ કાચની બારીઓ તોડી. તેના ધડાકા સંભળાયા એવી જ પોલીસની તીણી સિસોટી વાગી. મેં મારા હાથમાંનું કૂંડાનું કાચલું એક બારી પર ફેંક્યું. મેં તેનો અવાજ સાંભળ્યો અને પછી કંઇક હૈયાઉકલતથી, પકડાવામાંથી બચવા રસ્તાની સામી બાજુ ધુમ્મસમાં દોડી ગઈ. પણ મારાં સાથીઓથી હું છૂટી પડી ગઈ. ત્યાં વળી કૂંડાના એક બે ટુકડા હાથ લાગ્યા તે મેં લૉઈડ જ્યૉર્જના મકાન પર ફટકાર્યા. લાગલા જ એક પોલીસે આવી મને વિનયથી કહ્યું: 'હવે બસ; તમે અહીં થોભો. હું બીજી બાજુને પકડી લાવું છું.' હું ખૂબ હસી અને તેને બિચારાને ખાતરી આપી. થોડી વારે તેના કબજામાં અમે સલામત બન્યાં. વેસ્ટ-મિનિસ્ટરની પોલીસ ઈસ્ટ એન્ડની પોલીસ કરતાં અમને ખાનદાન લાગી.

બીજે દિવસે ખટલો ચાલ્યો તેમાં કેટલીક સ્ત્રીઓ છૂટી ગઈ. પણ કાચ તોડવાના ગુના માટે ૭૫ને સજા થઈ તેમાં હું પણ આવી ગઈ. મને એક માસની કેદની સજા કરીને હૉલૉવે જેલમાં મોકલી. ત્યાંની રીતભાત બહુ જ ખરાબ હતી. ઘણાં કેદીઓ ત્યાં દીવાનાં બની ગએલાં.

૧૯૧૦ના ડિસેમ્બરની ૨૩મીએ મારો ત્યાંથી છુટકારો થયો. જેલની ગમગીની મન ઉપર ખૂબ જ આવી હતી. પણ ખાણું લેતી વખતે જિમનો તાર મળ્યો એટલે ઉત્સાહિત થઈ અને ભાષણ માટે જીભ ઊઘડી. ડબ્લિનમાં મને જાહેર માન અને સત્કાર મળ્યાં.

આયર્લૅંડમાં લિબરલ હોમરૂલ બિલ પસાર થવાનું હતું તેમાં સ્ત્રી-મતાધિકારને બાદ રાખવામાં આવ્યો હતો, એટલે ૧૯૧૩માં અમારા મંડળનાં ત્રણ જણે ઇંગ્લિશ કચેરીના કાચ તોડવાનું માથે લીધું. એ પ્રવૃત્તિનો પડઘો દુનિયા આખીએ સાંભળ્યો. હોમરૂલને અંગે સ્ત્રી-હકો માગવા કેદ જનાર અમે ત્રણ સ્ત્રીઓ હતી. કાચ ભાંગ્યા તેનો ખર્ચ દરેકને માથે ભાગે જ પાંચ શિલિંગનો થાય, પણ અમને દરેકને સાધારણ કેદી તરીકે એક માસની સજા થઈ. ડબ્લિન જેલમાં અમે અંગ-તપાસ, અંગૂઠાની છાપ વગેરે સામે વિરોધ કર્યો અને તે માટે ઘણું સહન કરવું પડ્યું. એ બધાનું નિવારણ કરવા અમે ભૂખમરા ઉપર ઊતર્યાં. અમને સમજાવવા એક ડૉક્ટર અધિકારી આવ્યો. તેણે કહ્યું: 'તમારી રાજદ્વારી લડત ખાતર તમે સંગીત ખોશો? તમારા પતિની સોબત ગુમાવશો?' અમારો જવાબ હતો: 'No Surrender. કોઇ હિસાબે પણ નમતું નહિ આપીએ.'

આ સમય દરમ્યાન મિ. કઝિન્સ બહારથી ખબર મેળવતા રહ્યા હતા. પંદર દિવસે તેમને કેદીની મુલાકાત મળતી હતી. મિ. કઝિન્સ લખે છે: એ પંદર મિનિટના મેળાપમાં તેઓ મનની તૃપ્તિ અને સંકલ્પબળ મેળવી લેતાં હતાં. ભૂખમરાનો કાર્યક્રમ પતી ગયા પછી ગ્રેટાની ભૂખ ઠીક ઊઘડી હતી અને તબિયત ઝડપથી સુધરી હતી. પંદર દિવસ પછી તેનો છુટકારો થયો. તે વખતે જેલરે પત્ર લખ્યો: 'તમે તો આ દેશ છોડવાની તૈયારીમાં હશો. તમારા જેવાં ખાનદાન સ્ત્રી-નેતા જતાં આ પ્રવૃત્તિને મોટી ખોટ પડશે. તમારા જેટલી શક્તિ અને સમજવાળી બીજી વ્યક્તિ મળતાં વખત લાગશે.'

ભારતનું ખેંચાણ

મારી આવક વધારી બજેટ સરભર કરવામાં હું નિષ્ફળ બન્યો હતો. એવામાં કોઈ અજબ ચક્રગતિથી ભારત તરફ વલણ થયું. શાકાહાર-પ્રચારના કારણે લીવરપુલના ખાદ્યો બનાવનાર એક કારખાનાનો સંચાલક ડબ્લિન આવી ચડ્યો, જેણે આયરિશ શાકાહારી-મંડળ આગળ નવી વાનીઓના જાહેર પ્રયોગો બતાવ્યા. તે અમારે ત્યાં રહ્યો એટલે પરિચય થયો. હું થિયૉસૉફીનો આગળપડતો વાચાળ, એટલે તેણે લીવરપુલના થિયૉસૉફિકલ લૉજ આગળ મારું ભાષણ ગોઠવ્યું. ત્યાં ગયા પછી એ ભાઇસાહેબની સાથે તેના કારખાના સંબંધમાં રસ બતાવતાં એક વાર તેણે મન ખોલીને કહ્યું: 'તમારા જેવા માણસની શોધમાં હું હતો. મારે ધંધો વિસ્તારવો છે. સુધારેલા ખોરાક માટે ભારતમાં એક શાખા-કારખાનું કરવાને એક ભારતીય સજ્જનને સારી મૂડી રોકવા કહ્યું છે. તમે નવ મહિના અહીંનાં કામકાજ જોઈ સમજીને ત્યાં મારા પ્રતિનિધિ તરીકે જાઓ એવી મારી ઇચ્છા છે. એણે તો મારા પંતુજી પગારથી ચારગણો પગાર શરૂઆતમાં આપવા જણાવ્યું, અને ભારતમાં ગયા પછી બમણો કરી આપવાનું કહ્યું. હવે તો મારે અને મારી પત્નીએ જ નિર્ણય કરવાનો રહ્યો હતો.

અમે બંનેએ વિચાર કરી જોયો. કોઈ વાંધો જણાયો નહિ. ઠરાવ્યું કે રીતસર આમંત્રણ મળે તો સ્વીકારવું. અને ૧૯૧૨ના ડિસેમ્બરમાં નાતાલમાં તેનો પત્ર મળ્યો. બધું સમેટી લેવા માંડ્યું. વિદાયના મેળાવડા થયા. છેલ્લો મેળાવડો ૧૯૧૩ના મેની ૨૯મીનો હતો. મારાં બે નાટકો ભજવાયાં. થોડી રકમની થેલી મળી. ડબ્લ્યુ. જે. લૉરેન્સે છેલ્લી મિનિટે હાથ પકડી કહ્યું : 'એક યુગ સમાપ્ત થયો (It is an end of an Era.)'

જન્મથી મારી મહેચ્છા હતી કે મારી હસ્તરેખાને હું સમજું. વિધાતાના સુદૃઢ કાબૂ નીચે રહેલ જે કંઈ નિર્માણ-સંકેત હોય તેને ઓળખી શકું. જીવનમાંથી ફલિત થતું સૌંદર્ય અને બુદ્ધિગમ્ય રહસ્ય આપતા સર્જક શક્તિના બળે એક સમાપત વાહન બની રહું. હું એ. ઈ. અને યીટસનાં વ્યક્તિત્વ અને સર્જકતાની અમરતા સમજ્યો હતો. પણ મારામાં ગમે તેવું સારું નરસું પણ મારાપણું વિકસાવવા ઇચ્છતો હતો.

૧૯૧૩ની બીજી જૂને અમે લીવરપુલ જવા દરિયો પાર કર્યો.

નવી પંચાત

લીવરપુલ આવ્યાને ચાર દિવસ થયા ત્યાં કંપની-માલિકે જર્મનીમાં હૅમબર્ગની એક ભાંગતી પેઢીની તપાસ કરવા મને મોકલ્યો. અઠવાડિયું ત્યાં રહીને પાછા આવી તેનો હેવાલ આપ્યો તે પરથી માલિકે જે પૈસા મુંબાઈમાં રોકવા ધાર્યા હતા તે જર્મનીની એ પેઢી ખરીદી લેવામાં રોકચા. પણ ચૌદ મહિના પછી ૧૯૧૪નું યુદ્ધ જાગી ઊઠયુ અને હૅમબર્ગનાં એનાં નાણાં જપ્ત થયાં, એટલે લીવરપુલમાં જ ચોંટી રહેવાનું થયું. પણ તેથી ઇંગ્લંડનાં ઘણાં સંસ્કાર-મંડળોમાં પરિચય વધ્યો એ લાભ થયો. લડાઈ દરમિયાન ખાદ્યોની તંગીને લીધે અન્નાહારી કાર્યક્રમને નવો ઝોક મળ્યો. તેને માટે પ્રદર્શનો પણ થતાં. તેમાં લીવરપુલના મૅપલ્ટનના સ્ટૉલ પર મેં ખોરાકનાં પડીકાં વેચ્યાં હતાં.

એક વાર સાંજે થિયૉસૉફીના વિદ્યાર્થીઓની સભામાંથી બહુ ઉત્સાહિત થઈ માર્ગરેટ ઘેર આવ્યાં ત્યારે કંઈ પણ પૂર્વાપર સંબંધ વગર તેમના મનમાં પ્રચંડ ધ્વનિ ઊઠચો કે 'ભારતમાં ઍની બેસાંટ ઉપર જિમ એવો પત્ર લખે કે તેઓ જે નવાં કાર્યોનો પ્રારંભ કરવાનાં છે તેમાં એક પત્રકાર તરીકે સહાય કરવાને તેમને બોલાવે!' બેસાંટની થિયૉસૉફી ઉપરાંતની પ્રવૃત્તિઓ વિષે તેમને કંઈ જ ખયાલ નહોતો.

આવા અંતરના અવાજ પ્રમાણે કરવું એ અમારો નિયમ નહોતો, પણ જ્યારે કંઈ નવો પ્રકાશ કે દોરવણી મળે ત્યારે તે પર અમે પૂરો વિચાર કરી જોતાં. એટલે તેનો નિર્દેશ કર્યા વિના મેં બેસાંટને પત્ર લખ્યો. તેમાં ડબ્લિનની મુલાકાતની યાદ આપી હતી, અને સાથે અમે બંને જણાં પોતપોતાની સેવા આપવા તૈયાર હોવાનું જણાવ્યું હતું. બે મહિના પછી ૧૯૧૫ની છઠ્ઠી માર્ચે જવાબ મળ્યો, તેમાં ત્રણ વર્ષ માટે બંને જણને અડ્યાર (ભારત) આવવાનું નિમંત્રણ અને સાથે લીવરપુલથી મદ્રાસ સુધીના સેકંડ ક્લાસના ભાડા માટે ૮૦ પૌંડનો ચેક હતો! એટલે આ મહાપ્રયાણની તૈયારી થવા લાગી.

તૈયારી

જતાં પહેલાં એક વાર આયર્લંડની મુલાકાત માટે અમે લીવરપુલથી બેલફાસ્ટ ગયાં. મારાં માતપિતાને મળ્યાં અને તેમને પહેલી જ વાર મોટરમાં ટેકરીઓનો પ્રવાસ કરાવ્યો. દરમ્યાન માર્ગરેટ તેમનાં કુટુંબીઓને મળી આવ્યાં. એ.ઈ.ની છેલ્લી મુલાકાતની કડવી યાદ મને રહી ગઈ. તે વખતે તેમણે સૂર્યમાં નાનું ધાબું દેખાય એવી અલ્પતાની સહેજ ઝાંખી કરાવી. થિયૉસૉફીના લેખકોને 'તેમનામાં શૈલી નથી' એમ કહીને ડારતા દેવની જેમ જુસ્સાથી બંને હાથની મુઠ્ઠી પછાડતાં તે બોલ્યા : 'કઝિન્સ, ચેતતો રહેજે એ દાંભિક ઍની બેસાંટથી.'

લીવરપુલમાં મારું કામ કાવ્યસર્જન માટે કોઈ રીતે અનુકૂળ નહોતું અને મને સાહિત્યિક પ્રવૃત્તિ માટે કોઈ એકાન્ત સગવડની અબળખા રહેતી. ડબ્લિન છોડતી વખતે આસપાસના પ્રસંગો અને અનુભવોમાંથી રચેલી થોડી કવિતાઓ મેં સાથે લીધેલી તેનો સંગ્રહ 'સ્ટ્રેઈટ ઍન્ડ ક્રૂકેડ' (ઊંધી સીધી વાતો) એવા નામે ૧૯૧૫માં લંડનથી ગ્રાન્ટ રિચર્ડે પ્રકટ કરેલો. તેમાં મારા સંજોગો અને કલ્પનાનું સત્ય નિરૂપણ હતું. દરમિયાન ભારતમાં જવાનું થયું. જે લેખક હજુ ચમક્યો ન હો[illegible]- તેના પ્રકાશકને મળીને વાત પણ શી કરે? પણ એક વાર નેલ્સન સ્[illegible] આગળ ચોપાનિયાં લેવા એક દુકાન આગળ હું ગયો ત્યાં એક પત્રના પૂઠા પરના એક પૅરૅગ્રાફનું મથાળું જોયું : 'કવિતાની સાચી ઝલક'. મને થયું કે ખરીદવા જેવી નહિ, તો જોવા જેવી તો એ ચોપડી હશે જ. ત્યાં બીજાં વિશેષણો વાંચ્યાં : 'અનેક સૌંદર્યભરી વાનગીઓ, એના લેખકની નજર વસ્તુ કરતાં તત્ત્વ તરફ ઢળે છે, એ ચિંતક છે, કવિ છે, વિશ્વમાંથી તે વિષ નહિ પણ રસ ખેંચી શકે એવો ધીર નર છે.' ને નીચે એ ચોપડીનું નામ હતું: 'સ્ટ્રેઈટ ઍન્ડ ક્રૂકેડ!' એ ચોપાનિયું હતું વિખ્યાત 'પૉલમૉલ ગૅઝેટ.' આ લેખક હવે પ્રસિદ્ધિને આરે આવી ઊભો હતો!

એવું જ મારી ચોપડીનું અવલોકન 'ટાઈમ્સ લિટરરી સપ્લિમેન્ટ'માં છપાયું હતું. નીચે અવલોકનકારનું નામ નહોતું, પણ પાછળથી જાણ્યું કે તે લખનાર હૅરૉલ્ડ ચાઈલ્ડ હતા. આમ લંડનમાં પ્રસિદ્ધિના મોકા એળે ગયા અને ઈ. ૧૯૧૫ની ૬ઠ્ઠી ઑક્ટોબરે બર્કનહેડથી 'સિટી ઑવ લંડન' નામની દસ હજાર ટનની સ્ટીમરમાં અમે ત્રીસેક મિત્રોની વિદાય લઈ ભારત તરફ નજર માંડી.

ભાવિકથન

સ્ટીમરમાં એક કિસ્સો બન્યો. એક દિવસે એક પીઢ મુસાફર બાઇ ખાનગી વાતચીતના બહાને અમારી કૅબિનમાં આવી. એણે ગંજીપો કાઢચો અને પાનાં ગોઠવી કંઈ ગણતરી કરવા માંડી. તેના બોલવાનો સાર આ પ્રમાણે હતો : 'તમે ભારતીઓ અને યુરોપિયનો વચ્ચે કંઈ ખાસ કામગીરી માટે દક્ષિણ ભારતમાં જઈ રહ્યાં છો. પણ એક જ વર્ષમાં તમારી ગોઠવણ તદ્દન બદલાશે અને તમે બીજે ભારતીય યુવાનો વચ્ચે જશો.' મનમાંથી અમને તેની વાત ગપ્પું લાગી. મિસિસ બેસાંટ સાથે અમારો કરાર બદલાય એવી કોઈ કલ્પના થઈ શકે નહિ, પણ અમને એ વિચાર ન આવ્યો કે એ સવાલ કદાચ મિસિસ બેસાંટ પોતે જ ઊભો કરશે. ગંજીપાનું ભવિષ્યકથન ખરું હતું એ આગળ ઉપર સિદ્ધ થયું.

કોલંબોના ડૉ. વિજયતુંગ નામના એક બૌદ્ધ દાક્તર ડબ્લિનમાં મળેલા તેમને મેં ખબર આપ્યા હતા. સ્ટીમર કોલંબો પહોંચી ત્યારે ઉપરથી અમે જોયું કે મખમલના ગાલીચા તથા છત્તરવાળી એક હોડી નજીક આવી રહી હતી. કોઇ સરકારી માણસ કે ઊંચા દરજ્જાના માણસને લેવા તે આવી હશે એમ માન્યું. ગૅંગ-વે (ઊતરવાના દાદર) આગળ ભીડ હતી એટલે અમે કંઈ જોઈ શકયાં નહિ, પણ મિ. અને મિસિસ કઝિન્સનું નામ મોટે સાદે પોકારાતું સાંભળી અમે સાંકડમાંથી બહાર આવ્યાં ત્યારે ડૉ. વિજયતુંગને જોયા! થોડા કલાક સ્ટીમર રોકાઈ એટલા વખતમાં તેમણે એક સુંદર હૉટેલમાં ખાણીપીણી અને સંગીતથી અમને પ્રેમમુગ્ધ કર્યાં.

મદ્રાસ પહોંચ્યાં તે દિવસે રવિવાર હતો. બંદર ઉપર અમને લેવાનો બંદોબસ્ત હતો. સીધાં અડ્યાર પહોંચ્યાં અને સમુદ્રતીરના એ શાંત ધામમાં ૨૮ દિવસ પછી અમે સુખનિદ્રા પામ્યાં. ભારત! અમારી ઉત્તરે ને દક્ષિણે, પૂર્વે ને પશ્ચિમે ભારત હતું. દસ વર્ષનાં સ્વપ્નાં, ભાવના અને યોજનાઓ અનુસાર અમે જીવનનું ચિત્ર બદલ્યું. (ચાલુ)

રવિશંકર રાવળ



ભાગ બીજો • કાળાં પાણી

ખંડ ૧ : મોટી સફર

હવે મોટી સફર શરૂ થઈ. દિવસો સુધી કેવળ ઉપર આભ અને નીચે પાણી સિવાય કશું દેખાવાનું ન હતું. નાગપત્તનમ્‌ની બહાર પડતાં જ વહાણબેડનાં જંતરો ગોઠવાઈ ગયાં.

મોરાના આવાસમાં સવાસોએક ઉતારુઓ ચડ્યાં હતાં. મુખ્યત્વે વેપારીઓ હતા; ઉપરાંત કારીગરો હતા, સાથે એમનાં કુટુંબો હતાં. ચાર બૌદ્ધ ભિખ્ખુઓ હતા. ઉતારુઓનાં સુખસગવડ ઉપર લક્ષ રાખવા અજયપાળની નિમણૂક થઈ. એ હવે સૌથી નાનો 'માલમ' બન્યો હતો અને પાળી આવ્યે સુકાની-સૂતકનો સ્વતંત્ર કબજો લેતાં શીખ્યો હતો. ઉતારુઓમાં ભાતભાતના લોક હતા. સ્ત્રીઓ એટલી વીણાઓ હતી. આ તો શોળગંડળની સ્ત્રીઓ, સંગીત અને વીણા એ તો એમનું જીવન. ભિખ્ખુઓ ધર્મચર્ચામાં કુશળ હતા. એ કટાહ (શ્રીવિજય) જતા હતા. થેરો સુમંગળ ચીન જતો હતો. એકબે દહાડામાં તો અજો માલમ એક મુસાફર પાસે વીણા શીખવા મંડ્યો. થેરો સુમંગળ પાસેથી એ પાલી શીખવા લાગ્યો. વીણાના તારેતાર એના હૈયામાં તનનન, તનનનનો ઝણકાર જગાવતા હતા. શાસ્ત્રીને વાડે મેળવેલાં સંસ્કાર અને શિક્ષા ઉપર ધર્મચર્ચા ઊંચાં ચણતર ઘડી રહી હતી. બીજી બાજુ એની માલમાત પણ વધવા માંડી.

હવે દરિયાના પાણીનો રંગ બદલાવા માંડ્યો. આસમાની રંગ ઊંડો જાંબલી બની ગયો. લીલાશ સાવ અદૃશ્ય થઈ ગઈ. કોઈકોઈ વાર પાણી સાવ કાળાં પણ બની જતા. પાણીને રંગ નથી; રંગ આવે છે નીચેના પેટમાં ડહોળાતી જમીનમાંથી. પણ અહીં જમીન બહુ ઊંડે હતી. ત્રણસો ચારસો વામ તો સહજ ઊંડાઈ હતી. અહીં આ રંગ આવતો હતો કોટ્યવધિ કીટાણુઓમાંથી. સૈકાઓ થયાં આ પાણી 'કાળાં પાણી' તરીકે જ ઓળખાય છે. તેનું કારણ એ કીટાણુઓ છે.

'રાવળનાથ' દક્ષિણ ઉપર અગ્નિ મૂકી આગળ વધી રહ્યું હતું. હજુ ગાભિસ્તાની (ઈશાન દિશાનો પવન) સાવ બંધ નહોતો થયો. અરજાંસ ઘટતા જતા હતા. ત્રણે વહાણો એકબીજાની નજરમાં ચાલતાં હતાં. બપોરે ઝંડીથી અને રાત્રે કંદિલથી સંકેતમાં એકબીજાનું કુશલ પૂછી લેતાં હતાં. દરિયાનો દોલ ખાસ વધારે ન હતો. ઉતારુઓ તાઝી હવા અને મનમાની પ્રવૃત્તિઓમાં કલ્લોલ કરતાં હતાં. ખાસ તો નાનાં બાળકો દોડાદોડીમાં બધા સથા 'માથે કરતાં' હતાં અને આખો દહાડો ખાવાથી પરવારતાં ન હતાં. બેડિયાતોનાં એ રમકડાં બની ગયાં હતાં. દૂરદૂર ક્ષિતિજની પેલે પાર રમતાં પોતાનાં બાળકોને રમાડવાની બેડિયાત એ રીતે ભૂખ ભાગતા હતા. આમ બે અઠવાડિયાં વહી ગયાં. સમવૃત્ત વટાઈ જવા આવ્યું હતું. કાફલો અગ્નિ ઉપર ઉગમણ મૂકવાની તૈયારીમાં હતો. ત્યાં દરિયાએ મોં ફેરવી લીધું. જ્યાં બધું જ અનુકૂળ હતું ત્યાં કંઇનું કંઇ પ્રતિકૂળ થવા માંડ્યું. સોળમે દહાડે વાવડો પડી ગયો. સઢ ઢીલા થઇ ગયા. સાથે પાણીમાં ઊંડી તાણ ઊપડી.

ખંડ ૨ : ઓગણીસમો દિવસ

ત્રણ દહાડા વહાણો દક્ષિણ તરફ તાણમાં ઘસડાયા કર્યાં. જંતરો કહેતાં હતાં કે ઉગમણ તરફ જરા યે પ્રગતિ ન હતી. દક્ષિણમાં ક્યાંક, બહુ દૂર, દરિયાનાં પેટ ડહોળાતાં હતાં. વારંવાર સુકાન પઠાણનો કબજો લઈ લેતું હતું. સુકાનીના હાથમાંથી છૂટવા હોય, એમ વીણો મથામણ કરી રહ્યો હતો. હવામાં ઉકળાટ વધતો જતો હતો. પ્રહરે પ્રહરે વાગતી નોબત બોદા રણકા દેતી હતી. ત્રણે વહાણોએ ચોથે દહાડે સંકેતથી વાત કરી લીધી અને પછી એકબીજાથી દૂર હટી ગયાં. નાગપત્તનમ્‌થી હંકાર્યે આજે ઓગણીસ દિવસ થયા હતા.

બપોરે જરા વાવડો નીકળ્યો. હજુ ગાભિસ્તાની જ હતો. હવે આ વાવડો નહોતો જોઇતો. આ મોસમમાં અને આ અરજાંસમાં એ ન હોવો જોઇએ. હવે સમવૃત્તને દસમે અરજાંસે દક્ષિણમાં કાફલો હતો. અહીં હવે તો નૈઋત્યમાંથી આવતો ગાજૂસિયો હોવો જોઇએ, જે કાફલાને ઈશાન તરફ ધકેલે. એટલા માટે તો આ અરજાંસ પર કાફલો આવ્યો હતો. સુમાત્રા અને જાવા વચ્ચે હિંદી મહાસાગર અને જાવાસાગરને જોડતી જબ્બર નાળ છે. એને સુન્દની ખાડી કહે છે. આસપાસના મોટા ટાપુઓ સુન્દદ્વીપ કહેવાય છે અને દૂર નાના ટાપુઓ ઉપસુન્દદ્વીપ કહેવાય છે. આ સુન્દ અને ઉપસુન્દના અસુરોને પુરાણોમાં વર્ણવ્યા છે. કાફલાને સુન્દની સામુદ્રધુનીની સર કરવી હતી. એ સાડાપાંચ અરજાંસ વા, અને હવે ઈશાનમાં હતી. ગાજુસિયો એને ત્યાં લઈ જાય; સૂરિયો (અગ્નિમાંથી ફૂંકાતો પવન) પણ હેરિયાં કરાવી ત્યાં લઈ જાય. પણ ગાભિસ્તાની (ઈશાનમાંથી ફૂંકાતો હોવાથી) કેવળ ઊંધી દિશામાં જ કાફલાને ઘસડવા લાગ્યો. પણ સાંજે તો ગાભિસ્તાની પણ પડી ગયો.

ષોડશ વાત

પ્રાચીન બૌદ્ધ અને જૈન સાહિત્યમાંથી વાવડાનાં નીચે મુજબ સોળ નામો મળે છે, જે નામો દિશાઓ ઉપર રચાએલાં લાગે છે. થોડાં નામો (બીજાપ, ગર્જભ, તુંગાર, સત્ત્વાસુક વગેરે) લાગે છે કે, તે કાળની નાવિકોની બોલીમાંના શબ્દો છે; અને એક બાજુ ચીન તથા બીજી બાજુ મિસરથી મદાગાસ્કરની બોલીઓના મિશ્રણથી એ શબ્દો બન્યા લાગે છે. સોળ પ્રકારના વાત(વાવડા)નાં નામ નીચે મુજબ છે:

પ્રાચીન	સત્ત્વાસુક
ઉદીચીન	દક્ષિણ પૂર્વ (તુંગાર)
દાક્ષિણાત્ય	અપર દક્ષિણ (બીજાપ)
ઉત્તર પૌરસ્ત્ય	અપર બીજાપ
અપરોત્તર (ગર્જભ)	દક્ષિણ બીજાપ
ઉત્તર સત્ત્વાસુક	પશ્ચિમ બીજાપ
દક્ષિણ સત્ત્વાસુક	પશ્ચિમ ગર્જભ
પૂર્વ તુંગાર	ઉત્તર ગર્જભ

અને 'કાલિકાવાત' એટલે તુફાન! ભારતીય શબ્દ 'ગર્જભ' અરબીમાં 'હરજફ' બની ગયો. એ રીતે સામી બાજુ અરબી શબ્દોએ પણ ભારતીય નાવિકોની બોલી પર અસર કરી છે. દરિયાને ભૌગોલિક સીમાઓ બહુ ઓછી બાધા કરે છે. —'સુકાની'

સૂરજ વાદળોને લાલ હિંગળોક રંગતો અસ્ત પામ્યો. અહીં સૂર્યાસ્ત સાથે જ અંધારાં ઊતરી આવે છે. તેને બદલે આજે સૂર્યાસ્ત પછી પણ લાંબો વખત ક્ષિતિજ લાલઘૂમ રહ્યું. ક્ષિતિજ ઉપર બાફ ચડી હતી; એ બાફ હજુ સૂર્યનાં કિરણોને પ્રતિબિંબિત કરી રહી હતી.

એ રાતે તારાઓની ચમક વધી ગઈ, કારણ અવકાશનાં કાળોખાં ખૂબ વધી ગયાં હતાં; કાળા ઘુમ્મટમાં પીળા હીરાનાં ઝૂમખાં જડયાં હોય એવાં નક્ષત્રો લાગતાં હતાં. અહીં ઉત્તર ગોલાર્ધનાં નક્ષત્રો નહોતાં દેખાતાં. વૃત્તની દસ અરન્તસ દક્ષિણે ત્રિશંકુ ખૂબ ચોખ્ખો દેખાતો હતો. આકાશ નિરભ્ર હતું. દરિયો આકાશ કરતાં યે વધુ કાળાશ પકડી ગયો હતો. વહાણ નિઃસ્તબ્ધ હતાં. ઉકળાટ અતિશય વધી ગયો હતો.

શેઠિયાઓ અને ઉતારુઓ બહાર સથા ઉપર આવ્યા. ઓરડાઓમાં રહેવું અશક્ય હતું. ખડિયાતો દરેક વસ્તુને બાંધી લેવા લાગ્યા. તોપોની રેંકડીઓને બેવડા બંધ બંધાઇ ગયા. માલમો ચૂપચાપ પાળી બદલવા માંડયા. ત્રણેક પ્રહર રાત વીત્યે ઓચિંતા, તારાઓ, જાણે કોઇએ ફૂંક મારી હોય એમ બુઝાઇ ગયા.

ઓગણીસમા દિવસની રાત એમ વીતી ગઈ.

ખંડ ૩: ભમ્મરિયો ઝંઝાસુર

વીસમા દિવસની સવાર ઊગી; પણ સૂરજ ન ઊગ્યો! આખા આકાશના ગોળાર્ધ ઉપર મેલું સીસું ઢળાઈ ગયું હતું; એ ઘટાટોપમાં એક્કેય છૂટું વાદળ દેખાતું ન હતું. પાણી તળાવ જેવાં શાન્ત હતાં; હવા નહિ જેવી હતી; તીર પરના જીભિયા પણ ઢીલા પડયા હતા; 'રાવળનાથ', જીવતા માનવીની પેઠે, કશાક અનિષ્ટની વાટ જોતું હોય એમ, સમતલ પઠાણ ઉપર થિર ઊભું હતું, જાણે દિવસ પણ થંભી ગયો હતો; પ્રહર વીતવાની કોઈ નિશાની ન હતી; મધ્યાહ્ન આવ્યો અને ગયો, એ માત્ર જંતરોથી ખબર પડી; અને નોબતના ડંકાએ જાણ કરી કે વાતાવરણ પાણી ઉપર લદાવા માંડયું હતું.

થિર ઊભીને કંટાળ્યું હોય એમ 'રાવળનાથ' હવે હળવે હળવે વાંઢાર ઉપાડવા લાગ્યું; પડખાં ફેરવવા લાગ્યું; પઠાણ હટાડવા લાગ્યું; અસુખ કરવા લાગ્યું; મોરો ધુણાવવા લાગ્યું; અને ફરી જાણે તંદ્રામાં પડતું હોય એમ થિર થંભી જવા લાગ્યું. નિશ્ચેષ્ટ આલાત પાસે ખડિયાતો બેકાર ઊભા હતા. સઢના કારસા કરી દીધા હતા. સુકાન ઉપર બબ્બે માલમો અને ચચ્ચાર ખડિયાતો મુકાઈ ગયા હતા.

હવામાં ઉકળાટ વધી ગયો હતો. અંગે વસ્ત્ર પહેરાય એવું રહ્યું નહોતું. ઘણાંખરાં ઉતારુઓ ઉઘાડે ડીલે વીંઝણા હલાવતાં હતાં. એમની નજરે દરિયો શાન્ત દેખાતો હતો. મોજાં નહિ જેવાં જ હતાં. દરિયાનો રંગ ભૂખરો હતો; એના પેટની ડહોળાણ તો માત્ર માલમો જ જાણતા હતા. આમ સૂર્યાસ્ત થઈ ગયો. કોઇએ એ જોયો નહિ, પણ ઘેરો દિવસ અંધારી રાત્રિમાં ફેરવાઈ ગયો. રાત પડતાં જ ઉકળાટ વધ્યો. હથેલીભર પણ પવન ન હતો. ખડિયાતો લંગોટભર થઇ ગયા. સથા ઉપર જબ્બર રસ્સાઓની જીવનદોર બંધાઇ ગઇ.

ઓચિંતા આકાશમાં તારાઓ દેખાઈ રહ્યા. એકબે ઉતારુઓ હજુ સથા ઉપર હતા. એમને લાગ્યું કે આકાશ ખુલ્લું થયું એ બહુ સારી એંધાણી છે. પણ માલમો જ જાણતા હતા કે સેંકડો કોશ દૂરથી ફૂંફાડા મારતા વાવડાએ આટલે દૂરનો ઘટાટોપ તોડી નાખ્યો હતો; અને એ વાવડો આ બાજુ આવતો હતો!

તારાઓ વધારે નીચા ટીંગાઇ રહ્યા; અને પછી ઓચિંતા ગુલ થઇ ગયા. હવે નસ્કોરાંભર પણ પવન ન હતો. માલમો સાબદા થયા. એકેએક બાર વાસુંસી દેવામાં આવ્યું. ઉતારુઓના આવાસ આડે ખડિયાતો ગોઠવાઇ ગયા. ધાધલ સુકાની-તૂતક ઉપર આવ્યો. સૌના કાન દક્ષિણ તરફ મંડાઈ ગયા.

ખંડ ૪: મોતનાં પડઘમ

કોઈ પ્રચણ્ડ ધોધ પથરાળી જમીન ઉપર એકાએક પડતું મૂકયું હોય એવો અવાજ શરૂ થયો. આકારો, ઘૂંટીઘૂંટીને છેવટે છાતી ફાટે ત્યાં સુધી ઘૂંટેલો દમ, જાણે એકસામો છૂટો મૂક્યો હોય એમ, વાવડો સુસવાટ મારતો આવ્યો, અને આલાતને તંબૂરાના તાર પેઠે ઝણઝણાવવા લાગ્યો. 'રાવળનાથે' ઓચિંતાં છલાંગ મારી વાંઢાર ઊંચું કર્યું. સુકાન બેય પડખે અફળાવા લાગ્યું. ચચ્ચાર ખડિયાતોને વીણાએ સથા ઉપર ઢાળી દીધા. માલમોએ ફરીને એને બથાવી લીધા.

હવે એકધારો ઘુઘવાટ અન્તરિક્ષને ગજાવી રહ્યો. 'રાવળનાથ' મહેનત કરીકરીને મોરો ઉપાડવા લાગ્યું, પણ વાવડાએ એના વાંઢારને જાણે રાક્ષસી હાથો ઉપર ઊંચે પકડી રાખ્યું હતું.

વાવડા સાથે દરિયો ઊછળ્યો. મોજાંઓની નક્કર દીવાલો ઊઠી. વચ્ચે રાક્ષસી દૂન(દ્રોણ–ખીણ)માં ડામર ઊકળી રહ્યો. વાંઢાર નીચે પાણી ધસ્યાં. મોરો હજુ ઊંડો ઝૂક્યો. પઠાણ નીચે ધસતા દરિયાએ એને ઉછાળ્યો. 'રાવળનાથે' પડખાતો ઝોક ખાધો અને પડખા ઉપર જ અફળાવા લાગ્યું.

ત્રણત્રણ મજલા ઊંચા સુકાની-તૂતક ઉપર પાણીના ધોધ ઊમટયા. બેય પડખેથી બીજા ધોધ સથા ઉપર આખડયા. સથા ઉપર કમ્મરપૂર પાણી થઇ ગયાં. ખડિયાતો જીવનદોરને ઝાલી રહ્યા. કેટલાકો આલાત ઉપર કૂદ્યા. 'રાવળનાથે' આખું બદન હવામાં ઉછાળ્યું. બેય પડખેથી પાણીના ધોરિયા વહી રહ્યા. અને આ બધાંને ડારી દેતો દક્ષિણમાંથી કોલાહલ ઊઠયો. જાણે કારમી ભૂતાવળ ભરખી ખાવા આવતી હોય, જાણે ચૂડેલો મરશિયા ગાતી હોય, જાણે અઘોરી બાવાની જમાત ઝાંઝ વગાડતી હોય, જાણે હજારો જાનવરો રૂંધેસાઇ રહ્યાં હોય, એવો એ શોર હતો. એ દક્ષિણમાંથી ધસ્યો આવતો હતો.

આ જ ભમ્મરિયો ઝંઝાસુર! એ મોતનાં પડઘમ વગાડતો હતો.

એને ખપ્પર ભરવાં હતાં. હવે કોણ મરશે અને કોણ જીવશે એનો હિસાબ ન હતો. હવે વહાણ બાંધનાર ગઈધરો (ગજધરો, ગઝદરો, વાડિયાઓ)ની કસોટી હતી.

'રાવળનાથ' જાણે આ શોર સાંભળવા થંભી ગયું; અને પછી ટક્કર લેવા મોરો નીચે કર્યો. પહાડ જેવડાં પાણી ત્રાટક્યાં; ઊંભો ઢળાવ ચડવા મંડયાં; એ ઉલાળેલા વાંઢારને આંબી ગયાં.

પાણીના ભારમાંથી છૂટવા 'રાવળનાથે' કોર વાળી. ઝંઝાસુરે એને પડખાં સોત દાબી દીધું. 'રાવળનાથે' ફરી કોર વાળી. પાણી-પવને એને વધારે ને વધારે ઢાળવા માંડયું. હવે અનેક વાર જોર કરતાં પણ જીંગ ન ફાવ્યું. આખરે એ હતાશ બની ગયું, અને ખાંગું જ થિર થઇ ગયું.

આ ધમસાણની ઉપરવટ થઈ ધાધલની ત્રાડ સંભળાઇ. એ છલાંગ મારતો તૂતક ઉપરથી કૂદ્યો, અને પરસાળમાં ઊતરવાની સીડીના દરવાજા પાસે પહોંચ્યો. એની પછવાડે બિડિયાતો દોડયા. બળ કરી પરસાળનાં કમાડ ખોલ્યાં અને અંદર પહોંચ્યા. ઢળેલાં પડખાં તરફની તોપો વચમાં લાવવાનો ધાધલે હુકમ કર્યો. ખૂબ વજનદાર રેંકડી આંગળ આંગળ ઢળાવ ઉપર ચડાવવાની હતી. દસ દસ તોપો ખસેડવાની હતી. મોત પળ પળ કરી ઢૂંકડાતું હતું. અસંભવિતને સંભવિત બનાવવું હતું, અને મોતને ઠેલવું હતું.

આંગળ, દોઢ આંગળ, વેંત, હાથ બે હાથ રેંકડીઓ ખસવા લાગી. બિડિયાતોના અંગેઅંગમાંથી પરસેવા ફૂટયા. વાંસા અને કેડ તૂટું તૂટું થઈ રહ્યાં. નાકમાંથી લોહીની શેડો છૂટી. પણ દસેદસ તોપ વચમાં આવી ગઇ. પડખાનો ભાર હળવો થતાં ફરી 'રાવળનાથે' જોર કર્યું અને હળવે હળવે સમતલ પઠાણ ઉપર બેઠું થયું. બિડિયાતોએ હરખનો ચિત્કાર કરી મૂકયો.

આવા તો એક પછી એક ઘા ઉપર ઘા આવતા જ ગયા. જિન્દગીભર દરિયા ખેડનારને પણ આ વખતે લાગ્યું કે જે આજે આવ્યું છે એવું તુફાન એણે આગળ કદી નહોતું અનુભવ્યું. ધાધલને પણ એમ લાગ્યું. છતાં એ જાણતો હતો કે 'રાવળનાથ'ની જ નહિ, પરંતુ એના ઉપરના એકેએક માણસની જીવનદોર એના હાથમાં હતી. રણમેદાનમાં સેંકડો માણસોની સરદારી લેનાર સેનાપતિને જેમ એ બધાંના જીવનમૃત્યુની જવાબદારી સ્વીકારી લેવી પડે છે, તેમજ, આવા કારમા વખતે વહાણના નાખવાને શિર સેંકડોના જાનની જવાબદારી આવી પડે છે. એના હુકમમાં એક અક્ષરનો ફરક પડે, એનો હુકમ એક ક્ષણ મોડો પડે, એના નિર્ણયમાં રજ ભાર પણ અનિશ્ચિતતા આવી જાય, તો ક્ષણમાત્રમાં સેંકડોનાં મોત થઇ જાય. એ જવાબદારીનો બોજ, એકહથ્થી હકૂમતની એ એકલતા, હિમાલયના શિખર ઉપર ઊભેલા માનવીની એકલતા જેવી ભયાનક છે. એના ઉપર બીજાં સૌનો મદાર હોય છે, એને કોઇનો મદાર નથી. એ સોને એકલો જ જવાબદાર છે. સર્વોપરિ હકૂમતની અદેખાઈ કરનાર, એ હકૂમતનો ભાર નથી જાણતો.

તુફાન વધતું જ રહ્યું. પ્રહરેક પછી ફરી 'રાવળનાથ' ઝડપાયું. ફરી એનું પડખું દબાયું અને કોર સંકોરવાની જહેમત કરવા લાગ્યું. ફરી ધાધલે ક્ષણમાત્રમાં નિશ્ચય કરી લીધો. જબ્બરદસ્ત કુહાડી લઈ એ આગલા ખૂવાના મૂળમાં ઘા કરવા લાગ્યો. વહાણના પડખા સાથે સથો પણ ઢળી ગયો હતો. એ ઢાળ ઉપર પાણી ધસતાં હતાં એમાં ધાધલ આડો પડી કુહાડી ચલાવતો હતો. પણ એના એકેએક ઘાએ ખૂવો ધણધણતો હતો. આખરે ખૂવો કપાયો અને કડાકાભેર પાણીમાં પડયો. ફરી 'રાવળનાથ' સમતલ થવા માંડયું અને સૌના જીવમાં જીવ આવ્યો.

તુફાન ઓસરવાનાં કોઈ ચિહ્ન દેખાતાં ન હતાં. હવે હલકું થએલું 'રાવળનાથ' આડા ને અવળા, ઊભા ને નીચા ઝોક લેતું હતું. નાચતાં પાણીના પીઠે એ નાચતું હતું. ફરી પાણીની દીવાલો ઊભી થવા માંડી અને ઠેઠ સુકાની-તૂતક ઉપર ત્રાટકતી રહી. માલમ પાણી ભેળો ઊંચકાયો.

એનો હાથ કલમીની સાર પાસે હતો. એણે સાર ઉપર મુઠ્ઠી વાળી દીધી. એનું બાંવડું ખેંચાયું: જાણે હમણાં ખભામાંથી નીકળી જશે! ખભામાં જાણે આગ ઊઠી. એની મુઠ્ઠી ઊઘડવા લાગી અને સાર છૂટી થઇ ગઇ! એ તણાવા લાગ્યો. ઓચિન્તો એનો પગ કોઇએ ઝાલી લીધો. ઓસરતાં પાણીએ પાછો એને સથા ઉપર મૂકયો, ત્યાં બીજા લોઢે ફરી ઉપાડયો! આખી રાત આ ધમસાણ ચાલુ રહ્યું. એનો જાણે અંત ન હતો. રાતનો પણ જાણે અંત ન હતો. આમ ને આમ ઘડીઓ વીતી ગઈ. આખરે મૂશળધાર વરસાદ શરૂ થયો. ઝંઝાસુરે ભરેલાં ખપ્પર ધોવાં હોય એમ બમ્બાકાર મેઘ તૂટયા. એ વરસાદમાં જ સવાર પડી. તોફાન ક્યારે ઓછું થયું એની ખબર ન પડી.

ભમ્મરિયો ઝંઝાસુર: 'સાઈક્લોન'

આ તુફાન આડી ને પડી અવળી ભમરી લેતા જબ્બર વાવડાને લઇને થતાં હોઈ ભમ્મરિયાં-'સાઈક્લોનિક' કહેવાય છે. એને જ વેસ્ટ ઇન્ડીઝમાં, મધ્ય અમેરિકાના પાસિફિક કિનારા પર ને દક્ષિણ પાસિફિક મહાસાગરમાં 'ટાઈફૂન' કહે છે. હિંદી મહાસાગર, અરબી સમુદ્ર અને બંગલા સાગરમાં સાઈક્લોન કહે છે ને ઉત્તર પાસિફિકના પશ્ચિમ ભાગમાં 'હરિકેન' કહે છે.

આવાં તુફાન ઘણુંખરું પાંચ અને વીસ અક્ષાંશ વચ્ચે વિષુવવૃત્તની ઉત્તર કે દક્ષિણમાં શરૂ થાય છે અને આરંભમાં પશ્ચિમ તરફ ધસે છે. પછી ધ્રુવ તરફ વળાંક લે છે અને વીસ ઉપરના અક્ષાંશમાં 'ડિપ્રેશન'નું રૂપે લે છે; ને ત્યાર બાદ ઊલટો વળાંક લે છે. એ ભમ્મરિયા ચક્કરનો પરિઘ વીસેક માઈલથી કરી સેંકડો માઈલનો હોઈ શકે છે. ભમરીની ગતિ કોઈકોઈ વાર કલાકના સાઠ સિત્તેર માઇલે પહોંચે છે. તુફાનનો વેગ પ્રચંડ રહે છે અને ચક્કરના મધ્યમાં સુનકાર વ્યાપી જાય છે.

તાજી તવારીખમાં ઈ.સ. ૧૮૭૪માં કલકત્તા ઉપર ગાજેલા તુફાને હુઘલીના પટ ઉપરથી સેંકડો વહાણોને ચૌરંગીના મેદાનમાં ચડાવી દીધાં હતાં! અને એક વાર ચીનની કંઠાર ઉપર ત્રાટકેલા ટાયફૂન પછી એક ત્રણસો ટનની સ્ટીમર દરિયાથી ત્રણ માઈલ દૂર આવેલાં ખેતરમાં જમીન ઉપર લાધી ગઈ હતી.!

ચીનના દરિયાના ટાયફૂનનું સબળ વર્ણન જૉસેફ કૉનરાડના 'Typhoon'માં છે એ વાંચવા જેવું છે. દક્ષિણ સાગરના સાઈક્લોનનું વર્ણન 'દેવા ધાધલ'માં અહીં પહેલી જ વાર પ્રકટ થાય છે અને એ 'આપવીતી'નું વર્ણન છે. —'સુકાની'

ખંડ ૫ : ભેરુની ખોજ

ભળભાંખળું થતાં જ ચારે તરફ દૂરબીનો મંડાયાં. દૂર એક વહાણ દેખાયું. 'નૃસિંહસ્વામી' લાગ્યું. બીજી કપ્પલ નહોતી દેખાતી. 'રાવળનાથ' એ તરફ ફર્યું. 'નૃસિંહસ્વામી'ના બૂરા હાલ હતા. એના મોટા ખૂવાનાં અને ગુસીનાં ઠૂંઠાં જ ઊભાં હતાં. એના પડખામાંથી એક તોપ ઊછળીને ગાબડું પાડી ગઈ હતી. એના સઢના લીરા ઊડી ગયા હતા. એનું સુકાન જખમાયું હતું. એ પંગુ બની ગયું હતું.

બંને વહાણોએ એકબીજાને 'રાજલક્ષ્મી'ના વાવડ પૂછયા. કોઇ જવાબ આપી ન શકયું. મધરાત સુધી 'નૃસિંહસ્વામી'ને રાજલક્ષ્મી દેખાતી હતી. એણે છેલ્લો સંકેત કર્યો હતો કે 'સુકાન તાબામાં નથી.'

આવાં તોફાનમાં હિસાબ અને કયાસ કરવા અસંભવિત છે;

અનુમાન ઉપર જ નિશ્ચય કરવો પડે છે. અને એ અનુમાન કોઈ ગણતરી કે તર્ક ઉપર નથી બંધાતું, પણ સહજ સ્ફુરણાથી, અનુભવથી, બસારતથી જ બંધાઈ રહે છે. ધાખલે એ અનુમાન બાંધી લીધું અને વીણો ફેરવાવ્યો. 'રાવળનાથ' આથમણું વળ્યું. ત્રણે ડોલ ઉપર ખાટલીમાં બિડિયાતો દૂરબીન લઈને ચડી ગયા. લંગડાતું લંગડાતું નૃસિંહસ્વામી પાછળ આવ્યું.

ઝંઝાસુર દૂર ચાલ્યો ગયો હતો, પણ દરિયો હજુ ઊછળતો હતો ને વાવડો સખત હતો. દરિયાની સપાટી ઉપર અનેક પ્રકારની ભંગાર દેખાતી હતી. રાતની ભૂતાવળની એ કરપીણ સાખ પૂરતી હતી. આમ ને આમ બપોર થઈ ગયા. આકાશ હજુ ભૂખરા ઘટાટોપથી છવાઈ રહ્યું હતું. બપોર પછી ખાટલિયાઓ સાદ દેવા લાગ્યા. 'રાવળનાથ' દરેક ભંગારને ઢૂકડાઈને નિહાળવા લાગ્યું. છેવટે ડાબે પડખે કઈક નવતર દેખાયું. 'રાવળનાથે' વીણો જમણો દાબ્યો. ઘડી પછી, જે શોધતા હતા તે દેખાઈ રહ્યું! ખૂવા, પરમાણ ને પાટિયાં ઉપર માણસો બાઝ્યાં પડ્યાં હતાં. એમાં કેટલાક કપ્પલોટીઓ હતા. એક પરમાણ ઉપર થોડા અંગ્રેજ હતા.

દરિયો હજુ ગરમ હતો. મછવો ઉતારવો મુશ્કેલ હતો. કમ્મરે લાંબા રસ્સા બાંધી બિડિયાતો દરિયામાં કૂદ્યા. સાથે બે તરાપા ઉતાર્યા; 'રાવળનાથે' ભંગારને ઓથ આપી. ચોપાસ તેલ રેડ્યું. તેલની ચોપડથી આસપાસનો દરિયો ભાંગતો બંધ થયો. માણસો પાસે આવતા ગયા તેમતેમ માલ ભરવાની જાળમાં મુકાતા ગયા. 'રાવળનાથ' એમને કપ્પીથી ઉપાડતું ગયું. એકસઠ માણસો 'રાજલક્ષ્મી'ના કપ્પલોટી હતા. સાત અંગ્રેજ હતા: બરછા 'મલક્કા'ના ખલાસીઓ.

'રાજલક્ષ્મી'ની કથની બહુ ટૂંકી હતી. ઝંઝાના પહેલા જ હુમલાથી એની કલમીની ટોંક તૂટી. તલૈવન્ વેંકટેશ્વરન્ ઉપર એણે જીવલેણ ફટકો માર્યો. એ વખતે એ વીણા ઉપર બેવડો વળતો હતો. એની કમ્મર તૂટી ગઈ. એ અવસ્થામાં સથા ઉપર પડ્યે પડ્યે પણ એણે તૂતક સાચવ્યું અને બે પ્રહર સુધી તુફાન સામે વહાણ લડાવ્યું. આખરે એક મોટો લોઢ તૂતક ઉપર કૂદ્યો અને એના ભાંગેલા બદનને ઉઠાવી ગયો. એની વેદનાનો અને એના જીવનનો, ભેગો જ અંત આવી ગયો.

તલૈવનના જવાથી જાણે 'રાજલક્ષ્મી'નું હૈયું ભાંગી પડ્યું. જેની સાથે વીસવીસ વર્ષ સુખના હિલોળા અને દુ:ખના ઝોક ખાધા એના વગર 'રાજલક્ષ્મી' મૂઢ બની ગઈ. એનો મોરો તૂટ્યો, એનું સુકાન તૂટ્યું. માલમોએ એના મોરાને ધરબ્યો, એને મોજાં સામે રાખવાને તરિયા લંગર નાખ્યું. પરંતુ એ પણ રસ્સા તોડાવી વહી ગયું. 'રાજલક્ષ્મી' દુ:ખના મારથી આળોટવા લાગી અને માથાં પછાડવા લાગી. આખરે એણે એક જબ્બર ઝોક લઈ ફરી પડખું ઉપાડ્યું જ નહિ!

સ્મશાનેથી પાછા ફરતા દાગુ જેવા 'રાવળનાથે' ફરી ઉગમણ સાંધી. ઠેઠ અંધારાં ઊતરતાં હતાં ત્યારે લંગડાતું 'નૃસિંહસ્વામી' સામે મળ્યું. 'રાવળનાથ'ને એકલું જોઈ એ સમજી ગયું. હવે કંઈ પૂછવાપણું ન હતું. એણે આસ્તેઆસ્તે મોરો ફેરવવા માંડ્યો. તૂતક ઉપર મુથુસ્વામી ઊભો હતો. માલમોએ એની સામેથી નજર ફેરવી લીધી.

વેંકટેશ્વરન્ એનો બનેવી હતો. એની બહેનનું નામ 'રાજલક્ષ્મી'.

ખંડ ૬: સુવર્ણમંડિતા ભૂમિ

બાવીસમો દિવસ પણ અંધારો ઊગ્યો. સૂર્ય અને તારાનાં દર્શન ઉપર જ આધાર રાખતાં જંતરો આજે ત્રણત્રણ દિવસ થયાં નકામાં પડ્યાં હતાં. અરજાંસ ને રેખાંશની ખબર નહોતી પડી. જ્યારે જંતરો કામ નથી આવતાં ત્યારે જ માલમોનો અનુભવ અને હિંમત કામ આવે છે. ધાખલે ઉગમણો મોરો ચાલુ રાખ્યો. બપોર આખો ઘટાટોપ ચાલુ રહ્યો. સાંજ પડતાં ઓચિંતા એકબે તારા ઝબક્યા. ફરી ક્યાંક દૂર હજુ સેંકડો કોશ દૂર, ઝંઝાસુર જાગ્યો હતો ને આ તરફ આવતો હતો!

હિંદી મહાસાગરનાં આ ભમ્મરિયાં તુફાન બે ચક્કર મારે છે. એક વાર એક તરફ અને પછી ઊલટી તરફ. બે દહાડા પહેલાં એનો એક આવર્ત ત્રાટક્યો હતો. હવે પ્રત્યાવર્તે મોતની ખંજરી વગાડવા માંડી.

આવર્ત અને પ્રત્યાવર્તે દરમ્યાન તુફાન આગળ અને પડખે ધસતું રહે છે. એટલે એનો પ્રત્યાવર્ત એ જ જગ્યાએ નથી થતો, છતાં એનું કૂંડાળું સેંકડો કોશના પરિઘનું હોય છે. ઘણાંખરાં વહાણો બેય વંટોળિયાની ઝાપટમાં આવી પડે છે. વચમાં જો કોઈ મોટી જમીન આવી જાય તો આવર્ત અને પ્રત્યાવર્તના નિયમ માં ભંગ પડે છે. સામાન્યરીતે જમીન ઉપરનું તુફાન જો દરિયામાં દાખલ થાય તો ભમ્મરિયો બને છે, અને જો દરિયાનો ભમ્મરિયો જમીન ઉપર આવી જાય, તો તુફાન જન્મે છે. પરંતુ આ નિયમને અનેક અપવાદ છે. આ ભમ્મરિયો હિંદી મહાસાગરમાં આજે 'સાઈક્લોન' કહેવાય છે (અને પૂર્વ કરતાં અપર સાગરમાં વધારે વાર ઊઠે છે). ચીની સાગરમાં એ 'ટાઇફૂન' કહેવાય છે, પાસિફિક મહાસાગરમાં 'તોરનાડો' કહેવાય છે અને આટલાન્ટિકમાં 'હરિકેન' કહેવાય છે.

બાવીસમા દહાડાની સાંજે લાગ્યું કે ઝંઝાસુરનો વળતો વંટોળ અગ્નિ કે ઉગમણમાંથી આવશે. 'રાવળનાથ' એ દિશામાં જ વધી રહ્યું હતું. સઢના ઘોડા જેવાં વહાણો, જોતજોતાંમાં ભયસ્થાનમાંથી નાસી છૂટે એ અસંભવિત જ છે. આજની વેગવાળી આગબોટો પણ એક વાર સપડાઈ તો નાસી નથી શકતી. દરેક નાખોદો આજ સુધી જે નિર્ણય કરતો આવ્યો છે એ જ નિશ્ચય ધાખલે પણ કરી લીધો. પાછા ફરતા વંટોળને સામે મોરે ભેટવા વિના છૂટકો જ ન હતો. અને 'રાવળનાથ'નું બંદર પણ ઉગમણમાં જ હતું ને?

રાત્રિનો ત્રીજો પ્રહર વીતી ગયો હતો. આકાશ ને દરિયો કાળાં થઈ ગયાં હતાં. 'રાવળનાથ' જબ્બર ઝોક લેતું હતું. એકસાથે પડખાતો અને મોરાબૂડ ઝોક ચાલુ હતો. પહેલાં જમણું પડખું ડુબાડે, સાથે સાથે મોરો પાણીમાં ઝુકાવે; ત્યાં ઓચિંતાં જમણું પડખુ ઉપાડે, સાથે મોરો ઉપાડે. પછી ડાબે પડખે ઝુકાવે ને વાંઢાર ડુબાડે. આમ અવિરત ઝોલાં ખાધા કરે. ખરેખર તો દરિયો ઝોલાં ખાય છે; એના આડા ને ઊભા લોઢને વહાણ તો બરદાસ્ત કરી લે છે. ઉતારુઓને આ ઝોલાં જીવતે મૂવા કરી દે; પણ માલમો આવા ઝોલથી સમાધાન પામે છે, કારણ, એવા ઝોલનો અર્થ એમ છે કે વહાણમાં ગમે તેવા દરિયામાં પણ તરતું રહેવાની તાકાત છે.

ખાટલીમાંથી સાદ પડ્યો. માલમે દૂરબીન માંડી. પૂર્વમાં ઊંચે આકાશમાં આભા દેખાતી હતી. ઘડી એક પછી એ આભા વધવા લાગી. આકાશમાં એક સ્થળે તેજસ્વી કૂંડાળુ દેખાવા લાગ્યું. લાલ હિંગળોક વર્ણું, તપાવેલા સોના જેવું તેજ, અને એ તેજ વચ્ચે જાણે વીજળી ઝબકતી હોય એમ વારંવાર થતા સબાકા!

આ અચરજ જોઈ માલમે નાખવાને બોલાવ્યો. ધાખલ પોતે દૂરબીન લઈ ખૂવા ઉપર ખાટલીમાં ચડ્યો. એણે ત્યાંથી જ સાદ કર્યો. 'રાવળનાથે' મોરો દસેક ખણ ઉતરાદો ફેરવ્યો. એકેએક સઢના રસ્સા ઘટાવ્યા. વેગ વધવાથી 'રાવળનાથ' વધારે ભયંકર હીલોળ ખાવા લાગ્યું. ઉતારુઓને લાગ્યું કે આખરની પળ આવી ચૂકી છે. પણ ધાખલે ઝંઝાસુરનો બીજો વંટોળ ત્રાટકે તે પહેલાં જ એ સળગતાં વાદળ નીચે પહોંચી જવાનો મનસૂબો કર્યો હતો. કારણ એ સળગતાં વાદળ નીચે કકતાવનો જ્વાળામુખી-દ્વીપ હતો. એ દ્વીપમાં માના પડખા જેવી સલામત લંગરગાહ હતી. જાવા હવે નજીક આવી પહોંચ્યું હતું. એના

ક્રકતાવ

દુનિયાની ભૂગોળ—તવારીખનું એક અદ્વિતીય અચરજ

વિશ્વયુદ્ધો દરમિયાન સળગી ઊઠેલા દારૂગોળાના ભંડારો કે આજનાં અણુશસ્ત્રોના પ્રયોગ વેળા થતા ધડાકાઓ માઈલો સુધી સંભળાય છે. પણ જાવા-સુમાત્રા વચ્ચેની સુન્દની સામુદ્રધુનીમાં આવેલા ક્રકતાવ ટાપુ પરનો જ્વાળામુખી ફાટવાના ધડાકા જેટલો ભયંકર એક પણ ધડાકો હજી સુધી માનવ-ઇતિહાસમાં નોંધાયો નથી.

ભૂસ્તરશાસ્ત્રીઓ માને છે કે બહુ કાળ પહેલાં અહીં એક મોટો જ્વાળામુખી હશે, જે કોઇ વેળા ફાટી એનું આખું શિખર ઊડી જઇને એના અવશેષ રૂપ બેત્રણ ટાપુ જ માત્ર રહેલા. (એ આખી ક્રિયા સમજાવતાં આલેખને પાછળને પાને જુઓ.) આમાંનો મુખ્ય તે ક્રકતાવ. તેના પરના મુખ્ય શિખરની ઊંચાઈ લગભગ ૨૬૨૩ ફૂટ જેટલી હતી. ઈ. ૧૬૮૦માં આ શિખર માંનો જ્વાળામુખી ફાટ્યો અને એ શિખર ઊડી ગયું. તેમાંથી રેલાએલો લાવા ટાપુ પરના જંગલમાં ઢંકાઈ ઠરી ગયો. પણ ત્યાર પછી ૧૮૭૭થી ત્યાં અવારનવાર ધરતીકંપો થવા લાગ્યા, અને આખરે ઈ. સ. ૧૮૮૩ના મેમાં બસો વર્ષની શાંતિ પછી તે ફરી જાગૃત થયો. ધરતીકંપો પણ હવે વધવા લાગ્યા. અંતે ૧૮૮૩ની ૨૭મી ઑગસ્ટની સવારે જગતે હજી સુધી કદી પણ નહિ સાંભળેલા એવા અતિ ભયંકર ધડાકા સાથે ક્રકતાવ ફાટ્યો અને એ સાથે જ ૧૮ ચોરસ માઈલના એ આખા ટાપુના બે તૃતીયાંશ જેટલા ભાગના ફુરચા ઊડી જઈ તેની જગ્યાએ હજાર ફૂટ ઉપરાંતના ઊંડાં સાગરજળ ફરી વળ્યાં!

જ્વાળામુખીના એ ફાટવાનો અવાજ ત્યાંથી છેક રૉડરિફ્રૂઝ (૩૦૦૦ માઇલ દૂર), બૅંગકૉક (૧૪૧૩ માઈલ દૂર), ફિલિપાઈન્સ ટાપુઓ (૧૪૫૦ માઈલ), સિલોન (૨૦૫૮ માઈલ) અને પશ્ચિમ તથા દક્ષિણ ઑસ્ટ્રેલિયા (૧૩૦૦ થી ૨૨૫૦ મા.) જેટલે દૂર સુધી સંભળાયો હતો! કોઈ પણ એક અવાજનાં મોજાં આટલા લાંબા અંતર સુધી હજુ લગી પ્રસર્યાનો આ સિવાય બીજો એક પણ દાખલો નથી. આ અવાજનાં મોજાં એટલાં તો શક્તિશાળી હતાં કે ૯૪ માઈલ દૂર બટેવિયામાં બારીઓના કાચ ફૂટી ગએલા અને અનેક માણસોના કાનમાં ધાક પડી ગએલી! ૯૬૯ માઈલ દૂર મકાસુર (સેલિબસ) મુકામે એ અવાજ સાંભળી બંદર પરના અધિકારીઓને નજીકમાં જ કોઇ વહાણને અકસ્માત થયાની શંકા થવાથી તેની તપાસ તથા મદદ માટે વહાણો મોકલ્યાં. ૧૩૫૧ માઈલ દૂર આવેલા ટીમોર મુકામે પણ લોકો હબકી જાય એટલી એ અવાજની સ્પષ્ટતા ને ભયંકરતા હતી. જ્વાળામુખી ફાટતાં હવામાં વીસ માઈલ જેટલે ઊંચે તો તેની વરાળ ને ધૂળ-રાખ ઊડેલી અને વાતાવરણમા એ પ્રસરતાં આસપાસ ૧૮૦ માઈલ જેટલા ઘેરાવામાં તદ્દન અંધકાર છવાઈ ગએલો. વાતાવરણમાં પ્રસરેલા ધૂળના આ રજકણોને લીધે છેક લંડન જેટલે દૂર પણ સૂર્યાસ્ત વેળા આકાશમાં રંગબેરંગી આભા જોવા મળેલી તથા રાત્રે ચંદ્રના દેખાવમાં પણ ઘણો તફાવત માલૂમ પડેલો. પણ આ બધાં ઉપરાંત જ્વાળામુખી ફાટવાથી સમુદ્રમાં ખળભળાટ મચી પચાસ પચાસ ફૂટથી યે ઊંચાં મોજાંઓ ઉત્પન્ન થઈ જે જુવાળ આવ્યો તેથી જાવા-સુમાત્રાના કાંઠા પર ઘણે ઊંડે સુધી દરિયાનું પાણી ધસી જઈ લગભગ ૩૦૦ ગામો ધોવાઈ ગયાં અને લગભગ ૩૫,૦૦૦ કરતાં યે વધુ માનવીઓ નાશ પામ્યાં. ધડાકાથી વાતાવરણ તથા સમુદ્રમાં થએલા આ ખળભળાટને લીધે જગતનાં બૅરોમીટરોની નોંધોમાં પણ અડચણો ઊભી થએલી!

અલબત્ત, આ ધડાકો તદ્દન ઓચિંતો જ થયો લાગે છે, પણ હકીકતે તો પૃથ્વીના પેટાળમાં મહિનાઓ કે વર્ષોથી થઈ રહેલા ખળભળાટનું જ એ પરિણામ હશે. એ પછી ૪૪ વર્ષ સુધી ક્રકતાવ પર શાંતિ રહી. અવશેષ રહેલા ટાપુઓ પર વનસ્પતિ પણ ઊગી નીકળી અને ઈ. સ. ૧૯૨૭માં આ ત્રણેક ટાપુઓની વચ્ચેના ભાગમાં સાગરમાંથી નવી જમીન ઊપસી આવી. એ નવા બેટને ક્રકતાવનું બાળક (અનાક ક્રકતાવ) એવું નામ અપાયું. પરંતુ થોડા વખત પછી એ બેટ પણ પાછો પાણીમાં ગરક થઈ ગયો, ફરી બહાર આવ્યો ને ફરી ગરક થયો! છેલ્લે ઈ. ૧૯૩૦માં એ ચોથી વાર બહાર આવ્યો. ૧૯૨૯માં ક્રકતાવ ફરી એક વાર ભભૂકી ઊઠેલો અને ત્યાર પછી અનેક વાર એ આગ ઓકતો રહ્યો છે. આજે તો ક્રકતાવના એ મુખમાં પાણી ભરાઈ એક સરોવર જેવું બની રહ્યું છે. પણ આ મુખ સમુદ્રની સપાટીની ઘણું નજીક હોઈ કેટલીક વાર દરિયાનું પાણી તેની અંદર પણ ધસી જાય છે. અને આવું જ્યારેજ્યારે થાય છે ત્યારેત્યારે ક્રકતાવનું એ શાંત મુખ ફરી પાછો થોડો ધૂંધવાટ બતાવી દે છે.


જ્વાળામુખીઓ દર રાતે આકાશને તપેલા સોનાની આભાથી રંગી દે છે. આ એ જ 'સુવર્ણકરમંડિતા' ભૂમિ, જેને હજારો વર્ષ પહેલાં કિષ્કિન્ધાપતિ સુગ્રીવે એ શબ્દોમાં વર્ણવી હતી. જાવા; રામાયણનો આ યવદ્વીપ; ગુણાઢ્ય અને સોમદેવનો આ શાવકદ્વીપ; અદ્ભુત પંખીઓનો દેશ; કાકાટૌવા ને 'દિવ્ય પંખી' કહેવાતા 'મચિલ'ની આ ભૂમિ; આ તો મેનારાણીનું પિયર.

ખંડ ૭ : ક્રકતાવનો જ્વાલામુખી

પૂર્વમાં જરાક લાલાશ થવા આવી હતી ત્યાં 'રાવળનાથે' બબ્બ[illegible]બર પાવડા એક પછી એક પાણીમાં છોડચા. ધવર ઉપરથી ત્રેવીસ [illegible]હાડે ભરડા છોડતી સાંકળોએ ગડગડાટી બોલાવી. કાગાનીંદરમાં [illegible]લાં ઉતારુઓને લાગ્યું કે આખરે 'રાવળનાથ' ભટકાયું. એનાં ઝોલાં ઓચિંતાં બંધ થઈ ગયા. ક્રકતાવના ગીચ જંગલમાંથી હજારો પંખીઓ અધઘડી વહેલાં જાગી ગયાં અને કલબલાટ કરી મૂક્યો. આ તો

ગાઢ જંગલ વચ્ચે એક જ પહાડ. ઝાંખી પ્રભાતમાં એની ટોચે બળતાં દેખાતાં હતાં. લંગરગાહ એ પહાડથી સુરક્ષિત હતી. બહાર તુફાનના ડંકા વાગતા હતા; અહીં 'રાવળનાથ' થિર પડ્યું હતું. સૌના જીવમાં જીવ આવ્યો. ઉતારુઓ ચાર દહાડે ખુલ્લામાં આવ્યા. દરેકનો ચહેરો એવો હતો કે જાણે જમપુરીમાંથી પાછા આવ્યા હોય. કોઈના મોં ઉપર લોહી નહોતું દેખાતું, પણ સામે નક્કર જમીન જોઈ દરેકના ચહેરા ઉપર આનંદ આવી ગયો.

તે દહાડે ફરી ઘમસાણ ઊપડ્યું. આખો દિવસ અને અરધી રાત



ક્કતાવ ટાપુ તથા તેના જ્વાળામુખનો વિમાનમાંથી લીધેલો ફોટોગ્રાફ

મોતનાં ડાકલાં વાગ્યાં. પરોઢે ફરી ઘોર્નમાર મેઘ વર્ષ્યા અને તુફાન શમી ગયું. ચોવીસમો દહાડો સૂર્યોદયથી ઝળહળી ઊઠ્યો. છ છ દહાડા થયાં એનાં દર્શન નહોતાં થયાં. ઉતારુઓએ કલ્લોલ કરી મૂક્યો. હવે એના જ નહિ પણ આખી સાગરવાટના જીવમાં જીવ આવ્યો હતો.

છેક બીજી સાંજે એક ભાંગેલું વહાણ બંદર તરફ આવતું દેખાયું. એનું વાંઢાર ડૂબુંડૂબું થઈ રહ્યું હતું. એના ચારે ખૂવાનાં ઠૂંઠાં જ ઊભાં હતાં. એનો મોરો ઊંચો ચડી ગયો હતો. કમ્મરમાં ઘવાએલો પાછલા પગ મહામુશ્કેલીએ ઘસડતો ગીરનો જાણે સાવઝ! એ 'નૃસિંહસ્વામી' હતું. જાતો અને વળતો બેય ભમ્મરિયો એને ભેખડાયો હતો. પણ બેયનાં જડબામાંથી એણે જીવ બચાવ્યો હતો.

એના ઉલાળેલા સથા ઉપર તેર લોથો પડી હતી! 'રાવળનાથ' ઉપરનાં માણસો એ જોઈ રહ્યાં. એ ક્ષણે નેમચંદશેઠને ખરેખર સમજાયું કે એક પણ જીવનો ભોગ આપ્યા વગર 'રાવળનાથે' અને એના ખેડિયાતોએ એમને અને સવાસો ઉતારુને હેમખેમ લંગરગાહ ઉપર આણ્યા, એ ખરેખર માલમી ઇલમની અને સાહસની પરાકાષ્ઠા હતી. એ પોતે વહાણવટી હતા, એમનાં પુષ્કળ વહાણો ઉપર અનુભવી નાખવાઓ હતા, પણ દેવો ખાધલ એમને આ ક્ષણે અજોડ લાગ્યો.

બીજે દહાડે 'નૃસિંહસ્વામી'નાં મૈયતને ટાપુ ઉપર ઉતાર્યાં. જબ્બર ચિતા ખડકી તેર જણને ઉપર સુવાડ્યા. બે ઘડી પછી કેવળ રાખ અને ધુમાડો જ રહ્યાં. ક્કતાવે એવી કેટલી યે આગ પોતાના ઉદરમાં ભરી રાખી હતી.

'નૃસિંહસ્વામી' આગળ વધી શકે તે પહેલાં એના ઉપર સમારકામની જરૂર હતી, એટલે 'રાવળનાથે' અહીં સાતેક દહાડા રોકાવાનું ઠર્યું. શેઠિયાઓ અને ઉતારુઓ માટે જકર્તાથી પિરાડુ આવ્યું. સાથે અર્જુન મુખીને આપી ખાધલે શેઠિયાઓને વિદાય આપી.

તે સાંજે ક્કતાવની ખાડીમાં એક તમીળ કપ્પલ આવી પહોંચી. એ હતી 'કર્પૂરવલ્લી'. જાવાથી ભારત જતી હતી. ખાધલ અને મુથ્થુસ્વામી એના તલૈવનને મળવા ઊપડ્યા.

(ભાગ બીજો સમાપ્ત)

ખરી કેળવણી

મગજમાં હકીકતો ભરી દેવી તે કેળવણી નથી; તે તો આખી જિંદગી ભેજામાં ગડબડે છે. આપણે તો જીવનનું ખમીર વધે, મર્દ બને તે અને ચારિત્ર્ય ઘડે તેવા વિચારો જ નસેનસમાં ઉતારવાના છે. તમે પાંચ વિચારોને નસેનસમાં ઉતાર્યા હોય અને તેમાંથી તમારા જીવન અને ચારિત્ર્યનું ખમીર બાંધ્યું હોય તો જે માણસે પુસ્તકાલયનાં પુસ્તકો ગોખી માર્યાં હોય તેના કરતાં તમારામાં વિશેષ કેળવણી છે.

સ્વામી વિવેકાનંદ

ક્કતાવ

પાછળના પાને જેનો પરિચય આપ્યો છે તે, સંસારના એક અદ્વિતીય અચરજ જેવા એ જ્વાળામુખી ટાપુની અદ્ભુત કહાણી સમજાવતાં આલેખનો



ભૂતકાળમાં ક્કતાવનો જંગી જ્વાળામુખી-ટાપુ આવો હશે



પણ પાછળથી તેના પરનો જ્વાળામુખી ફાટીને ઊડી જતાં એ પર્વતના તળનો માત્ર આવો અવશેષ જ રહ્યો એમ ભૂસ્તરશાસ્ત્રીઓ માને છે.




વખત જતાં જ્વાળામુખીનું એ મોં પુરાઇને નાનાં શિખરો રચાયાં—



અને ૧૮૮૩ના મહાવિનાશ પહેલાં ક્કતાવ આવો બની રહ્યો



૧૮૮૩માં જબ્બર ધડાકા સાથે ફાટીને ફરી તેના પરનાં શિખરો ઊડી ગયાં, અને જ્યાં પહેલાં જ્વાળામુખીનું મુખ હતું ત્યાં ઊંડાં સાગરજળ ફરી અવશેષમાં આજે તો આવા ત્રણ અલગ અલગ નાના ટાપુઓ બની રહ્યા છે, જેમાં સૌથી મોટો ક્કતાવ છે.



આ ક્કતાવ ને તેની પડોશના બે ટાપુઓ-ફરસેકન તથા લેંગ-નું વિહંગદષ્ટિએ દર્શન કરાવતાં આ બે ચિત્રો પૈકીનું ડાબી બાજુનું ચિત્ર ૧૮૮૩ના ધડાકા પહેલાંની સ્થિતિ દર્શાવે છે, અને જમણી તરફનું ચિત્ર એ જ ટાપુઓ ધડકાના વિનાશ પછી કદ અને અંતરમાં કેવા ફરી ગયા તે દર્શાવે છે.

શરીરને ખાસ હાનિકારક ન હોવા છતાં માણસના સામાજિક જીવન માટે મોટી મૂંઝવણ ઊભી કરતો રોગ કોઢ

[માંદગીનાં મૂળ-૧૯]

લેખક : ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી



શરીરના ત્રણ રોગોમાં ચામડીનો રંગ બદલાય છે: દુષ્ટ પાંડુમાં લીંબુવર્ણો, કમળામાં પીળો અને કોઢમાં તે સફેદ થાય છે.

કોઢથી કોણ અજાણ હશે? સામાન્ય જન પણ એને પારખી કાઢે છે અને એક વાર જોયા પછી તે કદી ભુલાતો નથી. માથાના વાળ જેમ ધોળા થાય છે તેમ ચામડીનું ધોળું થવું એ રોગ કોઢ (Leucoderma) છે. એમાં ચામડીના મૂળ રંગને બદલે દૂધ કે હાથીદાંત જેવા સફેદ ડાઘ ઉત્પન્ન થાય છે. આ ડાઘા એક કે અનેક, વિવિધ ઘાટ તેમજ કદના તથા ચામડીના કોઈ પણ ભાગમાં થઈ આવે છે. કોઢવાળી ચામડીના વાળ પણ ધોળા થાય છે. આ રોગથી આરોગ્ય તો જોખમાતું નથી, પણ કાળી કે ઘઉંવર્ણી ચામડીમાં વિરૂપતા આવે છે. સમાજના સર્વે વર્ગોમાં ને બંને જાતિમાં કોઇ પણ વયે આ રોગ દેખા દે છે.

કોઢ થવાનાં કારણો હજુ બરાબર સમજાયાં નથી. પણ એ થવા માટે ભાગ ભજવતાં કારણો આ પ્રમાણે છે: (૧) તીવ્ર માનસિક વ્યથા, (૨) આંતરડાના રોગો કે નિકૃષ્ટ ખોરાક યા બંને, (૩) મોઢામાં કે શરીરમાં બીજા સ્થળે ચેપ, (૪) સ્થાનિક દાહ, (૫) કુટુંબમાં ઊતરી આવતો રોગ, (૬) સિફિલિસ અને (૭) આંતરસ્રાવી ગ્રંથિના રોગો.

તીવ્ર ચિંતા કે મનોવ્યથાને લીધે વાળ જેમ સફેદ થઈ જાય છે, તેમ આ કારણોને લીધે કોઢ પણ થઈ આવે છે. ગરીબ લોકોને કોઢ થવાનું એક કારણ નિકૃષ્ટ, પોષણહીન ખોરાક છે. મોટે ભાગે આ લોકો શાકાહારી હોય છે. એમને દૂધ દહીં ને પોષક ખોરાક આપવાથી રોગમાં સુધારો પણ થાય છે. સુખી લોકોમાં કોઢ થવાનું એક કારણ મરડો અને અતિસારના રોગો જણાયા છે. આ રોગોમાં આંતરડાં બગડવાથી પચેલો ખોરાક બરાબર ના શોષાવાથી પોષણમાં ખામી આવતાં કોઢ થાય છે, અને આવા કોઇક કેસમાં મરડાની દવા થતાં પખવાડિયામાં કોઢ અદશ્ય થાય છે. કાંડા-ઘડિયાળના પ્લાસ્ટિકના પટ્ટા, સ્ત્રીઓના કપાળમાં થતા હિંગળોકના ચાંલ્લા, વાળનાં કલપ તથા રબ્બરનાં મોજાં, આ બધાંના લાંબા સમયના વપરાશથી એમાં રહેલાં રસાયણોના સ્પર્શથી ચામડીનો સોજો આવતાં વપરાશના સ્થાને કોઢ થઇ આવે છે. આવી જ રીતે દાઝેલી ચામડી પર, તથા ધોતિયા કે નાડીના સતત ઘસારાને સ્થાને પણ ચામડી પર કોઢ થઇ આવે છે. ચામડીના દાહને લીધે થએલા કોઢ જો કે મોટે ભાગે મટી જાય છે, યા હોય ત્યાં સ્થિર રહે છે.

દાંત, નાક કે શરીરના બીજા ભાગોમાં ચેપને લીધે પણ કોઢ થતા હોવાની માન્યતા છે. સિફિલિસના બીજા કે ત્રીજા તબક્કામાં શરીરના કોક ભાગમાં ચામડી સફેદ રંગ ધારણ કરે છે; પણ આમાં ને કોઢમાં ફેર છે. કોઢ વારસાગત ઊતરી આવતો રોગ તો મનાતો નથી, છતાં એક જ કુટુંબના બીજા લોકો એનાથી પીડાતા હોવાનું જોવામાં પણ આવે છે.

કોઢ પણ માનવજાત જેટલો જૂનો રોગ છે. તે ચેપી કે સ્પર્શજન્ય નથી. મોટા ભાગે કોઈ પણ કારણ વિના તે આપોઆપ થઇ આવે છે. તે પ્રાણઘાતક તો નથી, પણ યુવાન છોકરા-છોકરીઓ માટે લગ્ન બાબતમાં સામાજિક પ્રશ્નો ઊભા કરે છે. વળી મોં, હાથ અને પગ ઉપરના કોઢ બિહામણી વિરૂપતા જાહેર કરનારા છે.

કોઢના જુદાજુદા પ્રકારો આ પ્રમાણે છે: (૧) હોઠ, ગુદા તથા જનનાંગો પાસે ચામડી તથા આંતરત્વચાના જોડાણ આગળ થતા 'મ્યુકોક્યુટેનિયસ' કોઢ, (૨) હાથે અને પગે સરખાં સ્થળોએ થતા 'સિમેટ્રિકલ' કોઢ, (૩) હથેળી અને પગને તળિયે થતા 'મેલન્ગ' કોઢ, (૪) ધોતી તથા સાડીની ઓટી આગળ કેડ પર થતા દબાણ-કોઢ, (૫) છૂટાછવાયા કોઢ અને (૬) આખા શરીર પર થતા સર્વાંગી કોઢ.

કોઢ થવાનાં કારણોની માન્યતાઓનો જેમ પાર નથી, તેમ તેને મટાડવાની દવાઓ પણ અપાર છે. કોઢની સફેદાઇ પર અસલ ચામડી જેવો રંગ આવી જાય એ તેના મટવાની નિશાની છે. બાવચીનાં બી તથા તેલ, ભીલામાનો રસ, લસણની લુગદી, ચિત્રકમૂળ, તુવરક તેલ ને સૂંઠ, બર્ગામોટ તેલ વગેરે દવાઓ વપરાશમાં છે. વર્ષો અગાઉ કલકત્તાની ટ્રૉપિકલ સ્કૂલ ઑવ મેડિસીનમાં બાવચી તેલનાં ઇન્જેકશન સફળતાપૂર્વક વાપર્યાનો ઉલ્લેખ છે. કલકત્તાની સ્મિથ-સ્ટેનીસ્ટ્રીટ કંપનીએ બાવચી તેલની દવારૂપે બનાવટ 'લ્યુકોડરમૉલ' કાઢી છે. આ દવા કોઢ પર માલિશ કરવાની છે ને એનાં ઇન્જેકશન પણ લેવાનાં છે. પછી તે ભાગ ઉપર સૂર્યકિરણોનો થોડો શેક આપવાનો હોય છે.

ગોળીઓ, તેલ અને ઇન્જેક્શનના રૂપમાં બીજું ઉપયોગી ઔષધ Ammi Majus નામનું છે. એનું બીજું નામ 'મેલાડિનાઈન' (Meladinine) છે. ઇજિપ્તની નાઈલની ખીણમાં થતા વૃક્ષમાંથી આ દવા બનાવેલી છે. ખાધા બાદ આ દવાની ગોળી દિવસમાં ત્રણ લેવાની હોય છે. દવા લેવાથી શરીરમાં ગરમી લાગે, માથું દુખે કે ચક્કર આવે તો ગોળીનું પ્રમાણ ઓછું કરી, દૂધ તથા પાણી સાથે લીંબુનો રસ લેવાનો હોય છે. કોઢ ઉપર રોજ એક વખત તેલ લગાડવું. ત્યાર બાદ ૫ થી ૨૦ મિનિટ સુધી સૂર્યતાપનો શેક લેવો. અઠવાડિયામાં એક વાર અલ્ટ્રા વાયોલેટ કિરણોનો શેક લેવો. રોગને સ્થળે સોજો કે ફોલ્લીઓ થઈ આવે તો તેલ ચોપડવાનું બંધ રાખી ત્યાં ઝિંક કૅલેમાઈન લોશન વાપરવું. સોજો ઊતર્યા બાદ તેલ ફરીથી લગાવવું. તેલથી ફાયદો ન દેખાય તો પછી એ દવાનાં ઇન્જેક્શન લેવાં. દવા શરૂ કર્યા પછી ચારથી આઠ અઠવાડિયાંમાં ફાયદો લાગવા માંડે છે. તેલ લગાડ્યા બાદ કોઢ ઉપર તરત જ લાલાશ આવે છે ત્યાં જલદી ફાયદો થાય છે. નાની ઉમર અને થોડા વખતનો રોગ હોય તો મટવાની શકયતા છે. મોટી ઉમર, ચેપની તીવ્રતા, પોષણની ખામી અને ચિંતા આ કારણો ચાલુ હોય તો ફાયદો થતાં વાર લાગે છે, કે બિલકુલ ફાયદો થતો પણ નથી.

અમદાવાદના ડૉ. એ. એ. કાર્વાલ્હોએ કોઢ ઉપર નેપાળા (Croton-oil)નો સફળતાપૂર્વક ઉપયોગ કર્યો છે. લાકડાની પાતળી ચીપ ઉપર (રૂ વગર) નેપાળો લઇ કોઢ ઉપર ધીમેથી ઘસવાનો હોય છે અને સુકાતાં સુધી બેત્રણ કલાક સુધી તે રહેવા દેવાનો હોય છે. રોગની જગ્યાએ સોજો કે ફોલ્લીઓ થાય ત્યાં સુધી રોજ એક વાર નેપાળો લગાવવાનો હોય છે. સોજો ઊતર્યા બાદ નેપાળો ઘસવાનું ફરી શરૂ કરવાનું હોય છે. અઠવાડિયામાં બે વાર અલ્ટ્રા વાયોલેટ કિરણોનો શેક લેવાનો હોય છે. ડૉકટરના પ્રયોગોમાં કોઢ ઉપર ફરી રંગ આવવાનો વહેલો સમય અગિ-

ચાર દિવસથી માંડી મોડામાં મોડો આઠ અઠવાડિયાંનો હતો; અને કોઢ મટવાનો સમય બે મહિનાથી માંડી સાડા નવ માસ સુધીનો છે.

નેપાળો ઝેરી છે. એ વાપરવામાં સાવચેત રહેવાનું છે. તે ઝટ ચામડી ઉપરથી સુકાતો નથી, એટલે પરસેવાથી કે કપડાંથી ચામડીના બીજા ભાગો ઉપર લાગવાથી ફોલ્લા ન ઊઠે એ જાળવવાનું છે. હોઠ ને આંખ આગળ એનો વપરાશ સહીસલામતીભર્યો નથી. ઉપર જણાવેલી દવાઓ બધાને ફાયદો કરતી નથી. એનાથી થએલો ફાયદો કાયમી હોવાની ખાતરી નથી, ને ઉપચાર દરમિયાન પણ નવા કોઢ થઈ આવતા જણાય છે.

મોં, હાથ ને પગ પરના કોઢ વિરૂપતા જાહેર કરનારા હોઇ એનાથી પીડાતો રોગી સમાજમાં હરતાંફરતાં રંજ અનુભવે છે. આ સ્થાનોના કોઢ માટે નવી ચામડી મૂકવાની પ્લાસ્ટિક શસ્ત્રક્રિયા કરવામાં આવે છે. પણ મુંબાઇની કે. ઈ. એમ. હૉસ્પિટલના સર્જ્યન ડૉ. વસન્ત પી. મહેતા ચામડીના કુદરતી મેલેનિન જેવા રંગો વતી કોઢની સફેદાઈ નાબૂદ કરવાની શસ્ત્રક્રિયા કરે છે. ઇલેક્ટ્રોમેનેટિક સાધનો વતી કોઢવાળી ચામડીમાં રંગ ઉતારવામાં આવે છે. આ રંગો ઓગળે નહિ એવા અને પ્રકાશ તથા ગરમી સામે પણ સ્થાયી રહે એવા છે. આ ઉપચાર એક કે બે અઠવાડિયાં સુધી ચાલે છે. એની ખૂબી પરિણામની નિશ્ચિતતામાં અને સ્થાયીપણામાં છે. કોઢની જગ્યાએ શરીરના વર્ણ જેવો એવો તો રંગ આવી જાય છે કે રોગીનાં સગાં કે મિત્રો પણ કોઢનું અસલ સ્થાન જાણી શકતાં નથી.

લાપટિયું



લાપટિયાવાળો ચહેરો

લાપટિયા વિનાનો ચહેરો

ઓરી, અછબડા, બળિયા ને ઊટાંટિયું એ બાળકોને પીડતા ચેપી રોગો છે. એ ચારેથી ઓછો વ્યાપક પણ વધારે ચેપી એવો પાંચમો રોગ લાપટિયું (mumps : ગાલપચોરિયાં) છે. સામાન્ય રીતે તે પાંચથી પંદર વર્ષની ઉમર સુધીનાં બાળકોને લાગુ પડે છે, બાકીની ઉમરના ગાળામાં જવલ્લે. લીંટ અને થૂંક વાટે એનો ચેપ ફેલાય છે. રોગી કે એનાં બગડેલાં કપડાં ને વાસણ સાથે ગાઢ સંપર્કને લીધે પણ આ રોગ થઈ આવે છે. ચેપ લાગ્યા પછી બારમા કે અઢારમા દિવસે રોગનું પ્રથમ ચિહ્ન દેખા દે છે. ત્યારથી શરૂ કરીને તે મટતાં સુધી બે અઠવાડિયાં લગી રોગી ચેપી જણાય છે.

રોગની શરૂઆતમાં એક કાન નીચે વેદના થાય છે. સાથે જડબું ને ગરદન અક્કડ બને છે. શરૂમાં ૧૦૦ થી ૧૦૪ અંશ સુધી તાવ રહે છે, પણ તે ત્રણચાર દિવસમાં મટી જાય છે. એક કાન નીચે ને જડબા પર સોજો આવે છે, જે બેત્રણ દિવસમાં બીજા જડબા ઉપર પણ દેખાય છે. ખયાલમાં ન આવે એવા સાધારણ સોજાથી માંડી રોગીનો ચહેરો ફેરવી નાખે એટલો બધો સોજો પણ આવે છે. આને લીધે ચાવવાનું, ગળવાનું અને બોલવાનું મુશ્કેલ બને છે. સોજો પછી એકદમ ઊતરવા માંડે છે ને દસેક દિવસમાં તે તદ્દન ઊતરી જાય છે.

આ રોગ જવલ્લે જ પ્રાણઘાતક છે, પરંતુ તીવ્રપણે ચેપી હોવાથી રમતમાં કે નિશાળમાં એકથી બીજાં બાળકોમાં ફેલાવો પામે છે; માટે કાન આગળનો સોજો તદ્દન ઊતરી જતાં સુધી રોગીને ઘરમાં જ રાખવો. જોકે સોજો દેખાયા પછી બીજાને ચેપ લગાડવાનો ભય ઓછો રહે છે. સોજો આવતાં અગાઉના ચાર દિવસ બહુ ચેપી છે.

રોગીને પથારીમાં સંપૂર્ણ આરામ આપવો. મોં ચોખ્ખું રાખવા મીઠાના ગરમ પાણીના કોગળા કરાવવા. સોજા ઉપર ભોંયરસો ને કાળીજીરી, અળસી યા ઍન્ટીફ્લૉજિસ્ટીન કે ગ્લિસેરીન બેલેડોનાનો લેપ કરવો. શ્રી બાપાલાલ વૈદ્યના કથન અનુસાર સરગવા ને વાયવરણાના મૂળનો લેપ સોજાને જલદી ઓગાળી દે છે. પ્રવાહી ખોરાક આપવો.

મોટી ઉમરનાં સ્ત્રીપુરુષોમાં આ રોગ થઈ આવે તો ત્રીજા ભાગના કેસોમાં પુરુષોને શુક્રગ્રંથિઓનો, અને સ્ત્રીઓને બીજગ્રંથિઓ કે સ્તનનો દાહ થઈ આવે છે. બંને ગ્રંથિઓમાં થઇ આવતો આ પ્રદાહ વંધ્યત્વ પણ આણે છે, પણ તે ક્વચિત્ જ. રોગ થયા પછી જો આરામ ન ભોગવાય તો જ શુક્રગ્રંથિ કે બીજગ્રંથિનો પ્રદાહ થઈ આવવા સંભવ છે.

લાપટિયું એ માનવીને લાગુ પડતો આ સંસારનો જૂનો ચેપી રોગ છે, છતાં પણ આયુર્વેદના ગ્રંથોમાં એનું વર્ણન નથી. મોટે ભાગે છોકરાંઓને થતા આ રોગમાં વિષાણુઓને લીધે કાનની નીચે અંદરના ભાગમાં આવેલી પૅરોટિડ નામની લાળગ્રંથિમાં સોજો આવે છે—એકવાર રોગ થઈ ગયા પછી તેના સામે રોગનિવારક શક્તિ માણસમાં ઉત્પન્ન થઈ જાય છે અને ત્યાર બાદ જિંદગીભરની રોગમુક્તિ પ્રાપ્ત થાય છે.

ઓરી, અછબડા, બળિયા ને લાપટિયું એ વિષાણુઓથી થતા ચેપી રોગો છે. અગાઉના જમાનામાં, આમાંના પહેલા ત્રણ રોગો થવાનું કારણ સમજમાં ના આવવાથી તથા એમની બાળકોને ભરખી જવાની, અંધત્વની કે ચાઠાંની વિરૂપતા આણવાની ભયાનકતા જોઇને લોકોએ બળિયા બાપજી નામના દેવનું પ્રતિષ્ઠાપન કર્યું. કુદરતી તત્ત્વોથી ભય પામી આર્યોએ વરુણ, અગ્નિ વગેરે દેવોની સ્થાપના ક્યાં નથી કરી? આપણા વડવાઓને ભલે આ રોગો થવાનું કારણ સમજાયું ન હોય, પણ એમને એમની ચેપાળુતા (infectiveness) તો સમજાઈ હતી. ચેપનો ફેલાવો ન થાય તે માટે એમણે નિયમો પણ ઘડ્યા હતા, જે આજ સુધી પળાતા આવ્યા છે. બળિયાના રોગીની આસપાસ લીમડાનાં પાનનાં તોરણ બંધાય છે. લીમડાનો જંતુઘ્ન ગુણ હવે પુરવાર થયો છે. રોગીના ઘરનો પુરુષવર્ગ હજામત કરાવતો નથી, આની પાછળ એ હેતુ સમજાય છે કે અસ્ત્રાની ઈજાથી ફાટેલી ચામડી વાટે રોગના જીવાણુઓને શરીરમાં પ્રવેશવાનો મોકો ન મળે. બ્રહ્મચર્ય પાળવાનો આદેશ છે. બ્રહ્મચર્યભંગથી અશક્તિ આવવાના કારણે ચેપનો ભોગ જલદી થવાય છે. આમ કોઈ ઔષધિ હાથ ના લાગવાથી હાથ જોડી બેસી રહેવા કરતાં બળિયા બાપજીનું સ્તવન કરવાનું ને આટલાં રક્ષણાત્મક પગલાં લેવાનું સ્વીકાર્યું. (લાપટિયા વખતે પણ બળિયાને ગોળની કાંકરીઓ અને ઘીનો દીવો માનવામાં આવે છે.)

પણ હવે વિજ્ઞાનના પ્રકાશમાં આ રોગો થવાના કારણરૂપ વિષાણુઓ ઝડપાઈ ગયાં છે અને તેમનો નાશ કરી રોગની વિષમતા હઠાવે તેવાં ઔષધો પણ શોધાયાં છે, છતાં ભયમાંથી પેદા થએલા બળિયા બાપજીનું સ્થાન હજુ અવિચળ રહ્યું છે! અછબડા ને બળિયાના રોગચાળા વખતે સેંકડો લોકો ફૂલ જેવાં કોમળ બાળકોને તાવની ગરમીમાં શેકાવા દે છે, બળિયા વખતે ન્યૂમોનિયાથી રિબાતા માસૂમ બાળકને મૂઢતાથી પાષાણહૃદયી બની જોઇ રહે છે,—અરે કોઇકોઈ વાર તો મરવા દે છે પણ દવા કરાવતાં ડરે છે! બીએ છે કે રખેને બળિયા બાપજીને ખોટું પડે!! વિજ્ઞાને શોધેલી દવાઓ વતી આપણે બાળકોને આવા રોગોની અગ્નિઝાળમાંથી બચાવી લેતાં ક્યારે શીખીશું? આ સમજ આપણામાં ક્યારે આવશે? આપણા અજ્ઞાનનો પડદો ક્યારે હઠશે?

સ્વમાંનો સુમેળ: (સંધાન પૃ. ૨૯૨થી)
એ ખુશખબર કહેવા તો હું આવી છું.

વિનાયક: શા ખુશખબર?

રાજેશ્વરી: બોલો, શું હશે?

વિનાયક: મને તો કંઈ સમજાતું નથી...

રાજેશ્વરી: અજાણ્યા શું થાઓ છો? જુઓ. પપ્પાએ મૅરેજ માટે પરમિશન આપી છે.

વિનાયક: (હસી) તારાં મૅરેજ? કોની સાથે?

રાજેશ્વરી: કેમ વળી અજાણ્યા થાઓ છો? તમારી સાથે!

વિનાયક: અરે, પણ... આપણે ક્યાં એવી વાત થઈ છે? તું યે કમાલ છે! મેં તને ક્યારે મૅરેજ માટે હા પાડી છે?

રાજેશ્વરી: અને તમે ના પણ ક્યાં પાડી છે?

વિનાયક: અરે, પણ તું મને પૂછ્યાકર્યા વગર તારા પપ્પાની પરમિશન માગે...

રાજેશ્વરી: પણ એમાં થઈ શું ગયું? તમે થોડી ના પાડવાના છો? જુઓ તમારે માટે પપ્પાને સમજાવતાં કેટકેટલી મુશ્કેલી પડી, કેટકેટલું ડિસ્કસ કરવું પડ્યું તેનો તમને કંઇ વિચાર આવે છે? અને હવે તો ઉલટાનાં પપ્પા અને મમ્મી ઉતાવળ કરે છે, અને વિનાયક, તમને જોવાને એ કેટલાં બધાં આતુર છે!

વિનાયક: પણ હું તો અહીં માંદો પડ્યો છું.

રાજેશ્વરી: પણ તે અત્યારે ને અત્યારે ક્યાં આપણે ફેરા ફરવાના છે? તમે ઝટ ઝટ સાજા થઈ જાઓ. અને હાં, તમે જો તૈયાર હો તો પપ્પા તમને બિઝનેસમાં પણ લેવા ઇચ્છે છે.

વિનાયક: એ બધું તો દૂર રહ્યું...(ધીમેથી શબ્દ છૂટા પાડી) પણ ભલે; હવે જે થાય તે... (ઘડિયાળ સામે જોતાં) શારદા, જા તો દવાખાને, ડૉક્ટર દવા આપે તે લઈ આવ; અને જતના ઘેર આવશે કે નહિ તે પૂછી જોજે.

રાજેશ્વરી: લાવો ને હું જઈ આવું...

વિનાયક: (આંખના ઇશારાથી સમજાવતાં) ના, શારદા જશે.

શારદા: પણ મોટાભાઈ, દાક્તર અત્યારે નહિ હોય. હું લેસન કરીને પછી જઉં તો?

વિનાયક: ના, અત્યારે જ જા; કદાચ આવી ગયા હશે. ન આવ્યા હોય તો બેસજે. ને જોજે, રસ્તામાં ભૂલી ન પડતી. (શારદા જાય છે.) હું હવે બોલ રાજેશ્વરી, શું ચાલે છે? કેટલાક દિવસથી તને મળવાની ઇચ્છા હતી, પણ—

રાજેશ્વરી: પણ શું? કહો ને.

વિનાયક: જો મારે તને એક વાત કરવી છે.

રાજેશ્વરી: હા હા; કરોને. મૅરેજ માટે મારે જે કંઈ પ્રૉબ્લેમ હોય તે આપણે ડિસ્કસ કરીશું. જુઓ, પૈસાની તમે બિલકુલ ચિંતા કરશો નહિ. અને સ્કૂલની સર્વિસ છૂટી જાય તો એની પણ ચિંતા કરશો નહિ.

વિ૦: ના, મારે તો બીજી જ વાત કરવી છે.

રાજેશ્વરી: શી?

વિનાયક: જાણે વાત એમ બની છે કે મંદાકિનીએ મને એક પત્ર લખ્યો છે... ક્યાં ગયો કાગળ? (ગાદલા નીચે શોધવા પ્રયત્ન કરે છે.)

રાજેશ્વરી: મંદાકિનીએ? તમને? આપણી વચ્ચે કંઈ વિઘ્ન તો નાખવા નથી ઇચ્છતી ને?

વિનાયક: નારે. આ તો જુદી બાબત છે. મંદાકિનીને માથે એક ધર્મસંકટ આવી પડ્યું છે!

રાજેશ્વરી: શું?

વિનાયક: ગંભીર પ્રશ્ન છે. તને ખબર નથી?

રાજેશ્વરી: ના, શો પ્રશ્ન છે?

વિનાયક: વાત એમ બની છે કે થોડા દિવસ પર જિતેન્દ્રને અમેરિકામાં ઍક્સિડેન્ટ...

રાજેશ્વરી: અરર... ઍક્સિડેન્ટ!

વિનાયક: જો કે બચી ગયો, પણ પગ ઉપર મોટરનું પૈડું ફરી જવાને લીધે પગ કપાવવો પડ્યો છે.

રાજેશ્વરી: અરર..... બિચ્ચારો જિતેન્દ્ર! એનાં માબાપને કેટલી ચિંતા થતી હશે! અને મંદાકિનીને પણ કેટલી ચિંતા...(થોડીવારે) હાં, પણ મંદાકિની પુછાવે છે શું?

વિનાયક: મંદાકિની ખૂબ મૂંઝાઈ છે. પુછાવે છે કે એણે હવે શું કરવું?

રાજેશ્વરી: બિચ્ચારીની ખરી સ્થિતિ થઇ! સગાઈ થયાને હજુ થોડા મહિના નથી થયા, ત્યાં તો...... સંજોગો કેવું પરિવર્તન લાવે છે! હૅપી કપલ હતું! આવું બનશે એવો તો કોઇને સ્વપ્ને પણ ખયાલ ન આવે.

વિનાયક: પણ હું તો વિચારમાં પડ્યો છું રાજેશ્વરી, કે મંદાકિનીને શો જવાબ લખવો?

રાજેશ્વરી: મને કંઈ સમજ પડતી નથી. (થોડી વાર શાંતિ) મને લાગે છે કે એક રસ્તો છે. પણ એને માટે કરેજ જોઇએ મંદાકિનીમાં જો હિંમત હોય તો એણે છૂટાં થઇ જવું જોઇએ. લગ્ન માટે ચોખ્ખી ના પાડી દેવી જોઇએ.

વિનાયક: એકદમ ના જ પાડી દેવી? ના, ના, રાજેશ્વરી; એ તો બરાબર નથી લાગતું.

રાજેશ્વરી: એ જ બરાબર છે. હજુ લગ્ન નથી થયાં, તો અત્યારથી ના પાડી દેવામાં, મને લાગે છે કે, ઘણું ડહાપણ રહેલું છે. મંદાકિનીએ જો પોતાની લાઈફ સુધારી લેવી હોય તો એ સિવાય બીજો રસ્તો નથી.

વિનાયક: પણ એક બાજુ બંને એકબીજાને ચાહે છે, એમની સગાઈ થઈ ગઈ છે; અને હવે આવી વાત કરવી એ કેટલું ઍબ્સર્ડ લાગે?

રાજેશ્વરી: ત્યારે શું આખી જિંદગી દુ:ખમાં કાઢવી? એકબે વરસ હોય તો જુદી વાત છે. પણ આ તો જે ૩૦-૪૦ વર્ષ બંને જીવે ત્યાં સુધી એક અપંગ માણસ સાથે જિંદગી કાઢવી એ રમત વાત નથી, વિનાયક! અને જિતેન્દ્ર હવે અપંગ થયા પછી મંદાકિનીને કઈ રીતે સુખ આપવાનો હતો? ઊલટાનું, મંદાકિનીએ આખી જિંદગી એની ચાકરી કર્યા કરવી પડશે. (સિસકારો બોલાવતાં) અરર... મને તો એનો વિચાર સરખો કરતાં પણ કમકમાં આવે છે!

વિનાયક: મને લાગે છે કે બંને વચ્ચે જો સાચો પ્રેમ હોય તો મંદાકિનીએ જિતેન્દ્રની સાથે રહીને જ જિંદગી જીવવી જોઇએ; એણે એના દુ:ખમાં સમભાગી થવું જોઇએ. સાચો પ્રેમ હોય ત્યાં આત્મભોગ પણ હોય જ.

રાજેશ્વરી: એટલે શું? જાણીજોઇને દુ:ખ વહોરી લેવું? એ તો દીવો લઇને કૂવામાં પડવા બરાબર. આઈ થિંક, ઇટ્સ આ ફૂલિશ સેન્ટિમેન્ટાલિઝમ!

વિનાયક: ના, હું એમ નથી માનતો. પ્રેમ હોય ને પછી આમ જીવનમાં અચાનક દુ:ખ આવી પડે તો તે સ્વીકારી લેવું જોઇએ.

રાજેશ્વરી: દુ:ખ ન સ્વીકારે તો પણ પ્રેમ ક્યાં મટી જાય છે?

વિનાયક: એટલે? હું સમજ્યો નહિ.

રાજેશ્વરી: એટલે એમ, કે મંદાકિની છૂટી થઈ જાય એટલે દુ:ખ જતું રહે; અને પછીથી બંને મિત્ર તરીકે ક્યાં નથી રહી શકતાં? એટલે પ્રેમ તો એવો ને એવો જ રહે છે. સાચો પ્રેમ લગ્નમાં જ પરિણમવો જોઇએ એમ કોણે કહ્યું?

વિનાયક: તો એ પ્રેમ નથી, પણ અનુકૂળતા પ્રમાણેનો સ્વાર્થ છે. એ પ્રેમ નથી પણ પાપ છે.

રાજેશ્વરી: ના, મને તો એ જ ખરો પ્રેમ લાગે છે. ઊલટાનો એ પ્રેમ દુ:ખરહિત છે, માટે વધારે ચડિયાતો લાગે છે.

વિનાયક: અરે! એ સ્વાર્થને તું પ્રેમ ગણે છે! ને તે પણ ચડિયાતો? કમાલ છે, તારું ભેજું!

રાજેશ્વરી: કેમ નહિ? જુઓ, હું સમજાવું. એક પ્રેમ છે જેમાં જીવનની કોઈ વિષમતા નથી. બીજો પ્રેમ છે જેમાં આપત્તિ છે, જીવનની વિષમતા છે. તો એ બેમાં કયો પ્રેમ ચડિયાતો? ઇટ્સ આ ક્વેશ્ચન ઑવ કૉમન-સેન્સ!

વિનાયક: જો રાજેશ્વરી, મને તારું લૉજિક ગળે નથી ઊતરતું. હું તો એટલું જાણું કે સાચો પ્રેમ માણસના મગજમાંથી નહિ પણ હૃદયમાંથી જન્મે છે. ને જ્યાં એવો પ્રેમ હોય છે ત્યાં સ્વાર્થત્યાગ હોય છે, આત્મભોગ હોય છે.

રાજેશ્વરી: તો તમારા મત પ્રમાણે તો મંદાએ આખી જિંદગી દુ:ખમાં જ કાઢવી?

વિનાયક: હૃદયના સાચા પ્રેમને તો કદી લાગતું જ નથી કે પોતાને જિંદગી દુ:ખમાં

વિતાવવાની છે. એ પ્રેમ જ એવો છે કે આવી પડેલું દુઃખ પોતાનામાં શમાવી લે છે.

રાજેશ્વરી: તો તો, હું તમારાથી ડિફર થાઉં છું. એવા હવાઈ સિદ્ધાન્તો અને આદર્શો વાસ્તવિક જીવનમાં તદ્દન અશક્ય છે.

વિનાયક: તો તું ખરેખર એમ માને છે કે મંદાકિનીએ લગ્ન માટે ના કહી દેવી જોઇએ?

રાજેશ્વરી: હા, ખરેખર. ને હૃદયપૂર્વક હું એમ માનું છું; કારણકે એ વિના બીજો રસ્તો....

વિનાયક: તો જિતેન્દ્રે શું કરવું?

રાજેશ્વરી: ખરું કહું તો જિતેન્દ્રે પોતે સમજીને એની સાથે લગ્ન ન કરવાં જોઇએ.

વિનાયક: અને ધારો કે મંદાકિની ન જ માને તો? તો શું જિતેન્દ્રે મંદાકિનીને અનિચ્છાએ દબાણ કરવું?

રાજેશ્વરી: તો મંદાકિનીને સમજાવવી એ જિતેન્દ્રની ફરજ છે. મંદાકિની મૂર્ખ થાય એનો અર્થ એ નથી કે જિતેન્દ્રે મૂર્ખ બનવું!

વિનાયક: તો જિતેન્દ્રે શું એમ એકલા અટૂલા જ જિંદગી પૂરી કરવી?

રાજેશ્વરી: એમ કોણે કહ્યું? બીજી કોઇ હૈયાફૂટી છોકરી તૈયાર થતી હોય તો એની સાથે ભલે લગ્ન કરે.

વિનાયક: પણ એ રીતે મંદાકિની પોતે જ જો તૈયાર હોય તો?

રાજેશ્વરી: મારી તો ચોખ્ખી સલાહ છે કે મંદાકિની જો સમજુ હોય તો એણે જિતેન્દ્ર સાથે હવે લગ્ન ન કરવાં જોઇએ. એ તો વેદિયાવેડા કહેવાય. જિંદગી એ કંઈ હવાઈ આદર્શો પાછળ નાખી દેવા જેવી વસ્તુ નથી.

વિનાયક: એટલે, તારા કહેવાનો ભાવાર્થ એ કે મંદાકિનીએ નહિ પણ કોઈ બીજી છોકરીએ જિતેન્દ્ર માટે પોતાની જિંદગી બગાડવી!

રાજેશ્વરી: હું એમ ક્યાં કહું છું? (ચિડાઇ) યુ ડોન્ટ અન્ડરસ્ટૅન્ડ મી. પૈસાની ગરજ હોય તો જ પરણે જિતેન્દ્રને. મંદાકિની જેવી સંસ્કારી, સુશિક્ષિત છોકરીની જિંદગી બગાડવાની ન હોય.

વિનાયક: જો રાજેશ્વરી, તું શિક્ષણ, ને સંસ્કાર, ને એ બધાંની વાત કરે છે એનો હૃદય વિના કંઈ અર્થ નથી. (જુસ્સાથી) આ જ કારણસર મંદાકિની જો છૂટી થઈ જવા તૈયાર થઈ જતી હોય તો હું તો એને નરી મૂર્ખતા, સ્વાર્થ, પાપ, અધમતા...

રાજેશ્વરી: એમાં ગુસ્સે થવાની શી જરૂર છે? તમે ગમે તે માનતા હો, પણ મારું પૉઇન્ટ જુદું છે. હું માનું છું કે સંજોગો પ્રમાણે જે માણસને ચાલતાં નથી આવડતું તે માણસ દુનિયામાં કોઈ દિવસ સુખી થઇ શકતો નથી.

વિનાયક: એટલે તારી મક્કમ માન્યતા એવી છે કે મંદાકિનીએ લગ્ન કરવાની ના પાડી દેવી જોઇએ? તું એને એ જ સલાહ આપે?

રાજેશ્વરી: હા, તમારી સાથે મતભેદ પડે એટલે શું હું મારી માન્યતા છોડી દઉં? હું તો અંતઃકરણથી માનું છું કે વન મસ્ટ ઑલવેઇઝ બી પ્રૅક્ટિકલ. મંદાકિનીએ જિતેન્દ્રની સાથે નહિ પણ હવે બીજા કોઈ સાથે લગ્ન કરવાનો વિચાર કરવો જોઇએ. (હસતાં) હાં, પણ મંદાકિનીએ તમારી સાથે લગ્ન કરવાનું તો નથી પુછાવ્યું ને?

વિનાયક: અરે, એમ એકદમ કોઈ પુછાવે? અને આ રીતે મંદાકિની લગ્ન કરવા આવે તો હું કરું પણ ખરો? તને વહેમ આવ્યો?

રાજેશ્વરી: હશે, મૂકો ને પારકી પંચાત! તમારે જે સલાહ આપવી હોય તે આપજો; મને જે ઠીક લાગશે તે હું આપીશ. (પળવાર શાંતિ) કેમ કંઇ બોલ્યા નહિ? વિનાયક, આજે પહેલી વાર તમે મારી સાથે સીરીઅસલી ડિસ-ઍગ્રી થયા છો.

વિનાયક: ડિસ-ઍગ્રી તો ઘણી વાર થયો છું. પણ સીરીઅસલી આજે! અને એ ખરેખર સીરીઅસ છે.

રાજેશ્વરી: તમને ખોટું તો નથી લાગ્યું ને?

વિનાયક: ના રે, એમાં મારે ખોટું લગાડવાપણું છે શું? ખોટું તો તને કદાચ લાગ્યું હોય.

રાજેશ્વરી: ના, આપણે તો માત્ર ડિસ્કસ જ કર્યું છે. એમાં શું? સૌને પોતાની જુદી માન્યતા હોય. (હસતાં હસતાં) પણ વિનાયક, આજે તો તમે કૉલેજની કોઈ ડિબેટમાં બોલતા હો એમ લાગતું હતું.

વિનાયક: અને તું પણ આજે ડિસ્કશનના ફૉર્મમાં આવી ગઇ હતી!

રાજેશ્વરી: લાવો, ટેમ્પરેચર માપવું છે?

વિનાયક: ના રે, ચર્ચાથી કંઇ ટેમ્પરેચર વધી નહિ ગયું હોય!

રાજેશ્વરી: (કાંડા પર ઘડિયાળ સામે જોઇ) ચાલો ત્યારે, હું રજા લઈશ. કંઇ કામ હોય તો કહેવડાવજો. અને પપ્પાએ શું કહ્યું છે તે યાદ છે ને? (ઊભી થઈ ચાલવા જાય છે.)

વિનાયક: અરે બેસ, રાજેશ્વરી; મારે તને બીજી એક વાત કરવાની છે.

રાજેશ્વરી: શી?

વિનાયક: જો, જિતેન્દ્રની મેં કહેલી વાત ખોટી છે; (હસીને) જોજે, દિલાસાનો કાગળબાગળ લખતી, અને મંદાકિનીને સલાહ આપતી. ઍક્સિડેન્ટેય થયો નથી અને પગેય કપાયો નથી!

રાજેશ્વરી: ત્યારે, તમે વાત કરી તે સાચી નથી? હું તો મંદાકિનીને કાગળ લખવાનો વિચાર કરતી હતી. તો પછી તમે આવી વાત કેમ કરી? મને ય લાગતું હતું કે વાત કદાચ સાચી ન પણ હોય. પણ ઠીક, ચાલો આપણું એક સારું ડિસ્કશન થયું.

વિનાયક: વાત ખોટી નથી, પણ સાચી છે.

રાજેશ્વરી: સાચી છે?

વિનાયક: સાચી યે નથી ને ખોટી યે નથી!

રાજેશ્વરી: (હસતાં) તમે તે કેમનું બોલો છો? કંઈ તત્ત્વજ્ઞાનની વાત તો નથી કરતા ને?

વિનાયક: વાત સાચી છે, તદ્દન સાચી છે; પણ બીજી રીતે.

રાજેશ્વરી: એટલે?

વિનાયક: જો, આ મારો પગ જો. (પાટો બાંધેલો પગ બહાર કાઢે છે.) મારા પગે ગૂમડું થયું ને તેમાંથી સેપ્ટિક થઈ ગયું. ડૉક્ટર કહે છે કે પગ કપાવવો પડશે. પરમ દિવસે તો ઑપરેશન માટે ઑસ્પિટલમાં દાખલ થઈ જઈશ.

રાજેશ્વરી: (ગભરાઇને) તો? તમે મારી સાથે લગ્ન નહિ કરો?

વિનાયક: (ઠંડકથી) ના એમ નહિ, 'તું' મારી સાથે લગ્ન નહિ કરે.

રાજેશ્વરી: પણ મારે તો તમારી સાથે—(ગૂંચવાય છે) હવે હું ક્યાં......

વિનાયક: (રાજેશ્વરીના જ શબ્દો ફરી બોલતો) 'તો જિતેન્દ્રની ફરજ છે કે એણે મંદાકિનીને સમજાવવી.' (સમજાવતો હોય તેમ) જો રાજેશ્વરી, તું મારે માટે ખોટી આશા બાંધતી જતી હતી. પરીક્ષામાં હું પહેલો આવવાને લીધે કે વક્તૃત્વ હરીફાઈમાં ઇનામ લઇ જવાને લીધે તું મારી પાછળ ખેંચાઈ હશે. તારી પાસે પૈસા છે, તું તારી જાતને અસાધારણ બુદ્ધિશાળી માને છે, અને એથી ગમે તે વસ્તુ સહેલાઈથી મેળવી શકાય એમ તને લાગે છે. પરંતુ જો, તારા અને મારા જીવનમાં અને જીવન પ્રત્યેની દૃષ્ટિમાં આભજમીનનો ફેર છે. હું જે સાદાઈની, સંસ્કારિતાની અને નિર્મળ પવિત્રતાની ઝંખના કરી રહ્યો છું તે મને તારામાં લાગતાં નથી, જેને હું આદર્શો માનું છું તેને તું વેદિયાપણું ગણે છે. મને પરણવા માટે અને પરણ્યા પછીના જીવન માટે તેં અનેક સ્વપ્નાં સર્જ્યાં હશે. પણ મારાં સ્વપ્નાં અને તારાં સ્વપ્નાંનો મેળ ખાય એમ નથી. મારાં સ્વપ્નાંનો મેળ આદર્શોની સાથે છે, તારાં સ્વપ્નાંનો 'સગવડ'ની સાથે છે. એ બંનેનો સુમેળ કોઇ કાળે સધાય તેમ નથી. આથી તો મારું મન મૂંઝાતું હતું ને હું તને સ્પષ્ટ કહી શકતો નહોતો. તને નારાજ કરવા મારી જીભ ઊપડતી ન હતી. પરંતુ આજે મારે પગ કપાવવાનો થયો અને મને

આનંદ થયો. મને મારી સ્થિતિ સ્પષ્ટ કરવાની એક સારી તક મળી.

રાજેશ્વરી: સો વાતની એક વાત એ કે—(ઉશ્કેરાઇને) તમારે મારી સાથે મૅરેજ નથી કરવાં, એમ ને?

વિનાયક: (ઠંડી મક્કમતાથી) ના. આ સંજોગોમાં 'તારે' મારી સાથે મૅરેજ નકરવાં 'જોઇએ' એમ હું કહું છું; કારણકે હમણાં જ તારી એ માન્યતા તેં સ્પષ્ટ કરી છે. તારું ઘડતર જ એ રીતનું છે. તારે એશઆરામની જિંદગી જીવવી છે, મને એની પડી નથી; તારે મન પૈસા એ જીવનનું મધ્યબિંદુ છે, મારું એ નથી; તારે મન અનુકૂળતા એ જીવનનો આદર્શ છે, મારે મન અર્પણ. જો રાજેશ્વરી, તું મને તારા પૈસા વડે મને પોતાનો કરવા માગતી હતી, મારી સાથે લગ્ન કરીને તારા આનંદપ્રમોદનાં સાધનોમાં એકનો વધારો કરવા માગતી હતી, તું મને...

રાજેશ્વરી: (ગુસ્સામાં) બસ કરો વિનાયક, હું આ બધું સાંભળવા નથી માગતી. સ્ટૉપ ઑલ ધીઝ નૉન્સેન્સ! તમે આવા તોછડા ને દગાબાજ હશો એની મને ખબર નહિ..... (ગુસ્સામાં ને ગુસ્સામાં હાથમાંથી ચોપડી ખુરશી પર પછાડી, 'ધડાક કરતું બારણું ઉઘાડી ચાલી જાય છે. વિનાયક પાછો ખાટલા પર સૂઈ જાય છે. થોડી વારે શારદા પ્રવેશે છે.)

વિનાયક: કેમ શારદા? ડૉક્ટર મળ્યા?

શારદા: હા, મોટાભાઈ; એમણે કહ્યું કે ઘેર જતાં તેઓ પોતે જ અહીં આવી જશે. પણ, મોટાભાઇ, રાજેશ્વરીબહેન આમ એકદમ ગુસ્સામાં કેમ ચાલ્યાં ગયાં?

વિનાયક કંઈ નહિ.

શારદા: તમે ભલે ને 'કંઈ નહિ' કહો; બહાર ઊભાંઊભાં મેં બધું ય સાંભળ્યું છે.

(પડદો)

પ્રવેશ ત્રીજો

[સ્થળ: વિનાયકનું ઘર; સમય: ત્રણેક વર્ષ પછીની સાંજ. ઘરમાં શારદા એક ખુરશી પર બેઠીબેઠી ચોપડી વાંચે છે અને નોટબુકમાં કંઈક ટપકાવતી જાય છે, ત્યાં ધીરેન્દ્ર પ્રવેશે છે.]

ધીરેન્દ્ર: વિનાયક અહીં જ રહે છે ને?

શારદા: હા, આવો ને! આપનું નામ શું?

ધીરેન્દ્ર: મારું નામ ધીરેન્દ્ર.

શારદા: વિનાયકભાઈ હજુ સ્કૂલેથી આવ્યા નથી. બેસોને, હમણાં હવે આવવા જોઇએ.

ધીરેન્દ્ર: (ખુરશી પર બેસે છે) તમે વિનાયકનાં શું થાઓ?

શારદા: હું એમની બહેન થાઉં. તમે ક્યાંથી આવો છો?

ધીરેન્દ્ર: હું બહારગામથી આવું છું. વિનાયક અને હું કૉલેજમાં સાથે ભણતા. પાસ થઈ ગયાને ત્રણ વર્ષ થઈ ગયાં. તમે શું ભણો છો, બહેન?

શારદા: હું ઇન્ટરમાં આવી.

ધીરેન્દ્ર: અમારા કૉલેજના દિવસો એટલે તો ધ મોસ્ટ હૅપી ડેઇઝ! હું, વિનાયક, જિતેન્દ્ર, મહાસુખ—અમે બધા ભણવામાં, રમતગમતમાં, ડિબેઈટમાં, નાટકમાં—બધાંમાં આગળપડતો ભાગ લેતા. અમારા પ્રોફેસરો પણ કહેતા કે તમારા જેવું ગ્રૂપ હજુ સુધી જોયું નથી.

શારદા: ખરી વાત છે. હજુ પણ બધા પ્રોફેસરો મોટાભાઇને યાદ કરે છે, ને એમનાં લગ્ન પછી તો એથી યે વધારે.

ધીરેન્દ્ર: વિનાયકનાં લગ્ન થઈ ગયાં? શી વાત કરો છો? એમ? ક્યારે?

શારદા: ત્રણ-ચાર મહિના પહેલાં જ. પણ મોટાભાઇએ તો લગ્નમાં કોઇને પણ બોલાવ્યાં નહોતાં.

ધીરેન્દ્ર: લાગતું'તું જ કે એ છાનાંછપનાં લગ્ન કરી નાખશે. પણ, વાત છે એની. બીજાને ન બોલાવે તો કંઈ નહિ, પણ અમને મિત્રોને પણ નહિ? એક તો કાગળપત્ર કોઈ દિવસ લખવો નહિ, અને લગ્ન કરે તેની કંકોત્રી પણ મોકલી નહિ? ક્યાં છે, તમારાં ભાભી ક્યાં છે? એમની પણ વાત છે. એ પણ અમારી સાથે કૉલેજમાં જ ભણતાં હતાં.

શારદા: ભાભી શાક લેવા ગયાં છે. એ પણ હમણાં આવવાં જોઇએ. તમે શું લેશો? ચા તો પીઓ છો ને? (વિનાયક પ્રવેશે છે) લ્યો મોટાભાઈ આવ્યા. (રસોડામાં જાય છે.)

વિનાયક: ઓહો! ધીરેન્દ્ર, તું ક્યાંથી? ઘણાં વર્ષે આવ્યો! અહિંયા જ ઊતર્યો છે ને?

ધીરેન્દ્ર: એ બધું પછી. પહેલાં તું મને જવાબ આપ! તેં છાનામાનાં લગ્ન કરી નાખ્યાં અને મને જણાવ્યું પણ નહિ?

વિનાયક: લગ્નની વાત પછી; તું મને કહે તો ખરો કે ક્યાં ઊતર્યો છે?

ધીરેન્દ્ર: ના, પણ તું પહેલાં મને...

વિનાયક: ના ને બા. જો મારું ઘર મૂકી તારાથી બીજે ઊતરાય જ નહિ. ભલા માણસ, આવતાં પહેલાં કાગળ તો લખવો હતો!

ધીરેન્દ્ર: તેં કયે દિવસે કાગળ લખ્યો છે? તેં તો લગ્નની કંકોતરી પણ મોકલાવી નહિ. તું હજુ પણ એવો જ અવ્યવહારુ રહ્યો! ખરેખર! વિનાયક, તું મારો દોસ્ત છે છતાં મને ઘણી વાર તારા પર ગુસ્સો આવે છે. આ તે કંઈ રીત કહેવાય?

વિનાયક: ગુસ્સો તો મને ય તારા પર આવે છે. ત્રણ વરસમાં મેં કોઇ દિવસ કાગળ ન લખ્યો, પણ તેં કોઈ દિવસ લખ્યો ખરો?

ધીરેન્દ્ર: જો, હું તો ખેડૂત રહ્યો! એમાં પત્ર લખવાની...

વિનાયક: ફુરસદ ન મળે! અને તું મારી પાસેથી પત્રની આશા રાખે છે? સ્કૂલના કામ ઉપરાંત ટ્યૂશનો અને છોકરાઓની નોટબુકો તપાસવામાંથી મને ફુરસદ મળે ખરી ને? જો, હવે અત્યારનું જમવાનું અહીં છે.

ધીરેન્દ્ર: ના પણ—

વિનાયક: એ નહિ બને. અત્યારે મારે ત્યાં જ જમવું પડશે. અને હમણાં ને હમણાં તારાં ગાંસડાં પોટલાં પણ અહીં જ લઈ આવવાં પડશે, સમજ્યો!

ધીરેન્દ્ર: પણ તું મારી વાત તો સાંભળ...

વિનાયક: મારે નથી સાંભળવી તારી વાત. એમ ન કરવું હોય તો પછી મારે ઘેર નહોતું આવવું. જો હું તો અવ્યવહારુ રહ્યો.

ધીરેન્દ્ર: ઠીક, ભાઈ'સાબ, તું કહે તેમ...

વિનાયક: બોલ હવે, કેમ? બા-બાપુ મઝામાં ને? કેમ એકદમ અહીં આવવું પડ્યું?

ધીરેન્દ્ર: અહીં આવવા માટે કોઈ ખાસ અગત્યનું કામ તો નથી; પરંતુ બેત્રણ નાનાં કામ ભેગાં થયાં હતાં. વળી સીઝન પૂરી થઈ ગઈ હતી અને તમારા જેવા મિત્રોને મળવાનું મન થયું, એટલે નીકળી આવ્યો. એક તો જાણે અમારા ગામની લાયબ્રેરી માટે સરકારે ગ્રાન્ટ મંજૂર કરી છે. એટલે એનાં પુસ્તકો ખરીદવામાં તું મને સારી રીતે 'ગાઇડ' કરશે અને બીજું, મારે ખેતર માટે થોડાંક ખાતર અને બીજાં સાધન ખરીદવાં છે.

વિનાયક: વાહ, તું તો ખેતીમાં બહુ ઈન્ટરેસ્ટ લેવા લાગ્યો ને! તારા જેવા ભણેલા ખેડૂતથી કંઈ ફરક પડ્યો કે નહિ?

ધીરેન્દ્ર: અરે, ઘણો ફેર. મેં તો બધું સાયન્ટિફિક બેઈઝ પર મૂકી દીધું છે અને ગામમાં પણ અનેક પ્રવૃત્તિઓ વધારી દીધી છે. તારું સ્કૂલનું કામકાજ કેમ ચાલે છે? અને પેલા મહાસુખ અને જિતેન્દ્રના શા ખબર છે?

વિનાયક: મહાસુખ તો બીચારો હજુ યે અરજીઓ જ કર્યા કરે છે. નોકરી મળે છે, પણ કાયમની કોઈ મળતી નથી. વચ્ચે તો એ બેકારીને લીધે ગાંડા જેવો થઈ ગયો હતો!

ધીરેન્દ્ર: એમ? ઓહ હો!

વિનાયક: હવે કંઇક સો રૂપિયાવાળી એક ફુલટાઇમ અને પચીસ રૂપિયાવાળી ત્રણ પાર્ટટાઇમ કરે છે. (શારદા ચા બનાવી લાવે છે.)

વિનાયક: શારદા, જો તારાં ભાભી આવે તો કહેજે કે ધીરેન્દ્ર અહીં જમવાનો છે.

શારદા : સારું. (જવા માંડે છે.)

ધીરેન્દ્ર: કેમ, રાજેશ્વરીને શાક લાવતાં બહુ સારું આવડે છે?

વિનાયક: રાજેશ્વરીને? (આશ્ચર્યથી જોઈ રહે છે) તેં ક્યાં રાજેશ્વરીને શાક લેતાં જોઈ?

ધીરેન્દ્ર: કેમ, તારી સિસ્ટરે કહ્યું ને?

વિનાયક: મારી સિસ્ટરે?...શારદા, તેં રાજેશ્વરીને જોઇ હતી શાક લેતાં?

શારદા: ના ભાઈ!

ધીરેન્દ્ર: કેમ હમણાં જ તમે કહ્યું ને, કે ભાભી શાક લેવા ગયાં છે?

શારદા: તે હા, મેં પણ રાજેશ્વરીનું ક્યાં...

વિનાયક: સમજ્યો, સમજ્યો! તું ય શું ભાંગરો વાટે છો! રાજેશ્વરી ક્યાં મારી વાઇફ છે?

ધીરેન્દ્ર: તો તું રાજેશ્વરીને નથી પરણ્યો?

વિનાયક: ના; પણ...હા...તને ક્યાંથી ખબર હોય?

ધીરેન્દ્ર: કમાલ છે. હું અહીંથી ગયો ત્યારે તો તમારું લગભગ નક્કી જ હતું. પછી વાંધો શો પડ્યો? શું 'આઇડિયૉલૉજી' ડિફર થઇ?

વિનાયક: (હસતાં હસતાં) હા, 'આઇડિયૉલૉજી' જ ડિફર થઈ!

ધીરેન્દ્ર: શું તું પણ યાર; આટલું બધું બને છે ને કંઇ ખબર પણ આપતો નથી? શું! બન્યું શું? કહે તો ખરો!

વિનાયક: જો, જાણે વાત એમ બની કે મને પગે મોટું ગૂમડું થયું. એમાં વળી બેદરકારીને લીધે સેપ્ટિક થઈ ગયું. ડૉક્ટરે કહ્યું કે કદાચ પગ કપાવવો પડશે. એટલે મને થયું કે રાજેશ્વરીને એ વાત કરવી જ જોઇએ. પણ તે પહેલાં મને થયું કે લાવ ને, બીજા નામે રાજેશ્વરીને પૂછી જોઉં કે આવું બને તો પરણનાર છોકરીએ શું કરવું જોઇએ. એણે કહ્યું કે ન પરણવું જોઇએ, અપંગ માણસ સાથે જોડાઇને જિંદગી બરબાદ ન કરવી જોઇએ. એના મતની મેં વારંવાર ખાતરી કરી. એણે હૃદયપૂર્વક પોતે એમ જ માને છે એવો આગ્રહ રાખ્યો. એટલે પછી મેં કહ્યું કે માફ કરજો, રાજેશ્વરી, આપણે નહિ પરણી શકીએ, કારણ કે મારો જ પગ કપાવવાનો છે.

ધીરેન્દ્ર: પણ તારો પગ તો સાજો છે.

વિનાયક: એ તો નસીબદાર કે ઑપરેશન ન કરાવવું પડ્યું. નહિ તો આજે લંગડો હોત!

ધીરેન્દ્ર: પણ તો પછી રાજેશ્વરીને તારી સાથે પરણવામાં વાંધો શો હતો?

વિનાયક: વાંધો 'એને' હતો એના કરતાં વધારે 'મને' હતો; કારણ કે એ સારી ચર્ચા કરત, કદાચ પુષ્કળ પૈસા આપત, પણ કટોકટીમાં જીવનસાથી બનીને ન રહેત.

ધીરેન્દ્ર: તેં પણ સારી હિંમત બતાવી એને ના પાડવાની. બહુ સારું થયું યાર, તું એની સાથે ન પરણ્યો તે. જોકે મારે તો પહેલેથી જ એની સાથે બારમો ચન્દ્રમા હતો. (અટકીને) હા, પણ રાજેશ્વરી હવે કરે છે શું? બીજા કોઈની સાથે લગ્ન કર્યાં કે નહિ? અને તેં કોની સાથે લગ્ન કરી નાખ્યાં?

વિનાયક: ત્યાર પછી રાજેશ્વરી મને કોઈ દિવસ મળી નથી. પણ હજુ રખડ્યા કરે છે એમ સાંભળ્યું છે. સાચું ખોટું તો કોણ જાણે, પણ (એટલામાં ચહેરા પર કોઢવાળી એક યુવતી હાથમાં ઝોળી લઈ પ્રવેશે છે ને રસોડામાં ચાલી જાય છે.)

ધીરેન્દ્ર: (ધ્યાન પડતાં) આ કોણ છે વિનાયક? મેં ક્યાંક...

વિનાયક: કેમ, ના ઓળખી?

ધીરેન્દ્ર: ના, પણ એના જેવો ચહેરો ક્યાંક જોયો હોય એમ લાગે છે.

વિનાયક: એ મંદાકિની છે.

ધીરેન્દ્ર: કઈ મંદાકિની? આપણી સાથે કૉલેજમાં હતી તે? જિતેન્દ્રની વાઈફ?

વિનાયક: ના, હવે મારી વાઈફ!

ધીરેન્દ્ર: તારી વાઈફ? શી વાત કરે છે?! આઈ કાન્ટ બિલીવ! અરે, આજે તો તું મને સર્પ્રાઈઝ ઉપર સર્પ્રાઈઝ આપે છે!

વિનાયક: મંદા...મંદા...

મંદાકિની: (અંદરથી) આવી...(પ્રવેશીને) કેમ?

વિનાયક: જો આ ધીરેન્દ્ર; ભૂલી ગઈ કે શું?

મંદાકિની: ઓહો, ધીરેન્દ્રભાઇ! માફ કરજો હોં! હું અહીંથી ગઈ, પણ મારું ધ્યાન જ ન પડ્યું.

ધીરેન્દ્ર: શું મંદાકિની...આ બધું શરીરે શું થઈ ગયું? અને આ બધું શું બની ગયું? મને તો સાવ અંધારામાં જ રાખ્યો!

મંદાકિની: શું બન્યું તે પૂછો ને એમને? પણ તમે આવ્યા ક્યારે?

ધીરેન્દ્ર: આજે જ.

મંદાકિની: એકલા આવ્યા છો કે મારાં ભાભીને લઇને?

વિનાયક: એ વળી ભાભીનું ભાડું ખરચે એવો છે?

મંદાકિની: તો અત્યારે જમવાનું અહીં જ.

વિનાયક: અરે, એને તો જેટલા દિવસ રહેશે તેટલા દિવસ અહીં જ જમવું પડશે.

મંદાકિની: હું આવી હોં. રસોડામાં જરાક કામ છે. (જાય છે.)

ધીરેન્દ્ર: વિનાયક, મારા તો સમજવામાં જ આવતું નથી કે આ બધું બન્યું કેવી રીતે.

વિનાયક: જો, વાત એમ બની કે ગયા વર્ષની શરૂઆતમાં મંદાને કોઢ દેખાવો શરૂ થયો અને જોતજોતાંમાં આખા શરીરે વ્યાપી ગયો. જિતેન્દ્રના ફાધરને એની ખબર પડી. એટલે એમણે મંદાને ના પાડી દીધી કે જિતેન્દ્ર તારી સાથે લગ્ન નહિ કરે. બીજી બાજુ જિતેન્દ્રને પણ વિગતવાર સમજાવીને કાગળ લખ્યો.

ધીરેન્દ્ર: પછી?

વિનાયક: પછી શું? જિતેન્દ્ર અને મંદાકિની વચ્ચે પત્રવ્યવહાર થયો. જિતેન્દ્રે મંદાકિનીને ચોખ્ખું લખી દીધું કે મારો અભ્યાસ લંબાયો છે ને અમેરિકામાં જ 'સેટલ' થવા માગું છું. તું મારી આશા ન રાખતાં બીજે પરણી જજે.

ધીરેન્દ્ર: આટલો બધો નિર્દય? પછી?

વિનાયક: પછી મને એ વાતની ખબર પડી. જિતેન્દ્રના જવાબથી મને સખત આઘાત લાગ્યો અને મંદાકિનીની દશા જોઈ ખૂબ કરુણા ઊપજી. મારા મને પ્રશ્ન કર્યો, 'શું મંદાકિનીને હવે કોઈ જ નહિ પરણે?' મારા હૃદયે જવાબ આપ્યો, 'વર્તન વિનાની ફિલસૂફી માત્ર વિતંડાવાદ છે.' મેં નિશ્ચય કર્યો કે લોકલાજની પરવા કર્યા વિના હૃદયની માન્યતાને અમલમાં મૂકવી; મંદાકિનીના શરીરના દેખાવની પરવા કર્યા વિના તેના હૃદયને પ્રીછવું–સ્પર્શવું; તેને ચાહવી અને તેને ચાહતી કરવી એ જ હવે મારો ધર્મ છે. એટલે હું ગયો મંદાકિની પાસે.

ધીરેન્દ્ર: હા આ...આ...

વિનાયક: અને એને મેં ખૂબ સમજાવી. પોતાને ખાતર કોઈ આવું કરવા તૈયાર થાય તે આ સંજોગોમા કોઇ માને? પછી તેણે એનો વિરોધ કર્યો. પણ અંતે મારી નિખાલસતા જીતી. કૉલેજના મારી સાથેના પરિચયથી તેનામાં બંધાએલા મારા પ્રત્યેના સદ્ભાવે શ્રદ્ધા પ્રકટાવી, અને એ શ્રદ્ધાએ પછી પ્રેમ.—અને પછી કશી જ ધામધૂમ વિના અમે પરણી ગયાં.

ધીરેન્દ્ર: શાબાશ દોસ્ત, તેં ખરી હિંમત બતાવી. આજે મને તારું 'વેદિયાપણું' ગમ્યું... ઘણું ગમ્યું, દોસ્ત!

વિનાયક: જે દિવસથી રાજેશ્વરી સાથેથી હું છૂટો પડ્યો તે દિવસથી જ મને થતું હતું કે ધારો કે મારે પોતાને માટે જ એવા સંજોગો ઊભા થાય તો હું શું કરું? મેં મનમાં પ્રતિજ્ઞા કરી કે મારે માથે એવી આપત્તિ આવી પડે તો હું તો આત્મભોગ આપવા તત્પર રહીશ, અને પ્રેમ નહિ થાય તો પ્રેમ જન્માવીશ. સદ્ભાગ્યે મને એવી આપત્તિ મળી આવી. મંદાની આપત્તિને મેં મારી આપત્તિ ગણી લીધી. આજે મંદાકિનીને પરણીને હું ખરેખર ધન્યતા અનુભવી રહ્યો છું અને...મને મારાં સ્વપ્નાંનો સુંદર સુમેળ સધાતો જણાય છે.

(પડદો)

ટિકિટસંગ્રહ

એ સંસારવ્યાપી શૉખ કેળવવા વિષેની માહિતી આપતો વિભાગ

નવી ટિકિટો

સ્વરાજ્ય મારો જન્મસિદ્ધ હક્ક છે' એ સૂત્રને ભારતવ્યાપી બનાવી દેશને સંપૂર્ણ સ્વરાજ્યનો સૌપ્રથમ મંત્ર આપનાર અને એની સિદ્ધિ અર્થે આજીવન લડત આપનાર, કેવળ મહારાષ્ટ્રના જ નહિ પણ ભારતભરના 'લોકમાન્ય'નેતા બાળ ગંગાધર ટિળકની, આ માસની ૨૩મી (જુલાઇ) એ આવતી જન્મશતાબ્દી નિમિત્તે ભારત સરકાર તરફથી બહાર પડનારી બે આનાની ટિકિટની પ્રતિકૃતિ સામે આપી છે. 'કુમાર'ના ચાહકોને એ જાણીને પોરસ થશે કે ગાંધીજી અને ટિળકની ટિકિટોનો સૌપ્રથમ ખયાલ આજથી પચ્ચીસ કરતાં યે વધારે વર્ષ ઉપર (ઈ. ૧૯૩૦માં) 'કુમારે' કર્યો હતો, અને લોકો પોતાના કાગળપત્રો પર 'સીલ'ની રીતે ચોડી શકે એવું એ બંને ટિકિટોનું આખું પાનું 'કુમાર'ના વાચકોને ભેટ આપ્યું હતું.

મોનાકો, એ છે તો માત્ર આઠ ચોરસ માઈલના ક્ષેત્રફળનું અને ૨૫,૦૦૦ની વસતિનું, નાનું સરખું, ભૂમધ્ય સમુદ્રના કિનારે આવેલું અંગૂઠિયું રાજ્ય, પણ ટિકિટો કાઢવામાં ફાંકડું છે! આ નીચે છાપેલી તેની એક ટિકિટ પરનું



સમુદ્રમાંની હોડીનું ચિત્ર એકસુંદરકલાકૃતિ છે. હમણાં ત્યાંના રાજા રેઈનર (ત્રીજા)એ, ગઈ ૧૯મી એપ્રિલે જગખ્યાત અભિનેત્રી ગ્રેઈસ કેલી સાથે લગ્ન કર્યા તે પ્રસંગની એ દેશે કાઢેલી ટિકિટ આ નીચે આપી છે, (મોકલનાર શ્રી હિંમત સી. શાહ) જેમાં બંને બાજુ આપેલી





તેમની તસ્વીરોની વચ્ચે તેમના સંયુક્ત પ્રથમાક્ષરોની મુદ્રા તથા લગ્નની તારીખ છે.

આ વર્ષની બુદ્ધ-પરિનિર્વાણની ૨૫૦૦મી તિથિ નિમિત્તે ભારત ઉપરાંત સિલોન, બ્રહ્મદેશ, જાપાન આદિ બૌદ્ધધર્મી દેશોએ પણ સ્વાભાવિકરીતે જ ટિકિટો કાઢી છે, તે પૈકી સિલોનની ટિકિટ (શ્રી કીર્તિકુમાર દોશીએ મોકલેલી) આ સાથે આપી છે. એમાં પૃથ્વીના ગોળાને વીંટળાએલા ધર્મચક્રનું આલેખન છે. યોગાનુયોગે, બરાબર એ જ પ્રકારની આકૃતિ (શ્રી હિંમત સી. શાહે મોકલેલી) ઑસ્ટ્રિયાની એક નવી



ટિકિટ ઉપર પણ યોજાઈ છે. યુનાઈટેડ નેશન્સની દસમી જયંતી ઊજવતી એ ટિકિટ પર પૃથ્વીના ગોળાને ફરતું વીંટળાએલું જગતના દેશોના રાષ્ટ્રધ્વજોનું વર્તુલ છે.

ફિલિપાઈન્સને સ્વાતંત્ર્ય મળ્યું તેના સ્મ-





રણમાં કાઢેલી સ્વાતંત્ર્યદેવીની આકૃતિવાળી એ દેશની ટિકિટ મોટી કરીને ઉપર આપી છે.



જાપાને વળી 'જ્યુડો' નામની પોતાના દેશની વિશિષ્ટ કુસ્તી દાખવતી ટિકિટો કાઢી છે તે આ કૉલમને છેડે આપી છે, ને તેના ફર્સ્ટ-ડે-કવર ઉપરનું રેખાંકન મથાળે છાપ્યું છે.



પચ્ચીસ વર્ષ પહેલાં



અષાઢ ૧૯૮૭
અંક ૯૧

આ પણ એક અજબ યોગ છે કે આજે જ્યારે ગુજરાતના સ્વતંત્ર રાજ્યની સ્થાપનાનું પરોઢ ફૂટી રહ્યું છે, તેની બરોબર પચ્ચીસ વર્ષ પહેલાંના ઉપર્યુક્ત અંકમાં 'ગુજરાતના સંસ્કાર અને સંસ્કૃતિ' વિષે રસ, ગૌરવ અને અસ્મિતા પ્રકટાવે એવી એક લેખમાળા 'કુમાર'ના પરિચિત કલમબાજ શ્રી સુરેશ દીક્ષિત(સૈનિક)ને હાથે શરૂ થએલી. એના ચારેક હપતામાં ગુજરાતના ઇતિહાસના અદૃષ્ટ દોર ઉપર તેના સંસ્કારવિકાસના મણકા કઈ રીતે પરોવાતા ગયા તેની ટૂંકાક્ષરી રૂપરેખા આપવામાં આવી હતી. આજે પચ્ચીસ વર્ષને અંતે એમાંના કોઈ મુદ્દા ક્વચિત જુદા પડતા લાગશે; તોપણ એ લાંબી લેખમાળાના પહેલા હપતામાંથી આ નીચે માત્ર આસ્વાદ પૂરતા ઉતારેલા થોડા ફકરા ગુજરાતની સંસ્કારરચનાની પૂર્વભૂમિકાનો આછો ખયાલ આપશે:

ગુજરાતની નૈસર્ગિક સીમા એ ઉત્તરમાં લૂણી નદી અને જોધપુર; પૂર્વે મેવાડ અને માળવાથી છૂટો પડતો અરવલ્લી તથા ખાનદેશને જુદો પાડતો સહ્યાદ્રિ; દક્ષિણે તાપીને કોકણથી જુદો પાડતો પ્રદેશ (દમણ?) અને પશ્ચિમે દરિયાકિનારો. આખું યે ક્ષેત્રફળ ગ્રેટબ્રિટન જેટલું હશે. આપણા ઇતિહાસમાં દરિયાએ મુખ્ય ભાગ ભજવ્યો છે. ગુજરાતની સંસ્કૃતિ એટલે વેપારવણજના અને ખેતીવાડીના સંસ્કાર. સપાટ જમીન ઉપર વસતા ગુજરાતીઓની કલ્પનાને ઘેરે એવા પર્વતો નથી કે નશો ચડાવે એવાં જંગલ કે જળ નથી. જમીન કંઈક ગોરી, કંઈક કાળી, કંઇક રેતાળ, પણ પોચી અને ફળદ્રુપ. ધરતીના પેટમાં નથી ખનિજ જડયાં કે ખાણ. આબોહવા ત્રણ ઋતુમાં વહેંચાઈ રહેલી છે. ચોમાસે બહુ જળ નહિ, શિયાળે બરફ નહિ કે ઉનાળે અંગાર નહિ. સાપના ફૂંફાડા, વીંછીના ચટકા, વાઘસિંહના થોડા શોર–એ વિના બીજાં પ્રાણીનો ઝાઝો ત્રાસ નથી.

અરવલ્લીની પર્વતમાળા જગજૂની છે. એક વખત મહાસાગર કચ્છના રણને ડુબાડી સિંધના મોટા ભાગ પર ઊછળતો ત્યારે ગુજરાતના કિનારાની ભૂગોળ આજ કરતાં જુદી હતી. પછી દરિયો ધીરેધીરે પુરાતો ગયો.

ત્રણ હજાર વર્ષ પૂર્વે મધ્યએશિયાનાં ઘાસનાં બીડામાંથી પોપટનાં ટોળાં જેવા આર્યો નીકળ્યા. તેમના આક્રમણમાં અશ્વની ગતિ હતી. ધાતુનાં હથિયાર, ઓજાર અને વીજળી જેવા ઘોડાની સવારીથી તેમણે આર્યાવર્ત ઝડપ્યું. હિમાલયની શ્વેત મેઘાવલીમાં ઊગતા-આથમતા સૂર્યને નિહાળી, સિંધુ ને ગંગાજમનાના ખળખળ નાદ સાથે રચાએલી, જગતના સર્જનજૂના ભાવ જેવી એમની કવિતા ઋગ્વેદમાં પરિણમી. આર્યો ખેડૂત-ફિલસૂફ જેવા હતા. એમના પ્રવેશે દેશમાં ધર્મભાવના ખીલવી, દેહસૌંદર્ય પ્રગટાવ્યું ને બુદ્ધિની તીવ્રતા પ્રસારી.

આર્યો જ્યારે અહીં આવી વસ્યા ત્યારે વેદ રચાઈ ગયા હતા, ઉપનિષદ લખાઈ ગયાં હતાં, મહાભારત અને રામાયણ કંઠસ્થ થયાં હતાં અને 'બ્રાહ્મણ' ધર્મશાસ્ત્ર રચાતાં હતાં. ઉત્તર હિંદમાં વસ્યા બાદ સૈકાઓ પછી આર્યો અહીં આવ્યા. કાઠિયાવાડને સૌરાષ્ટ્ર કહેતા, દક્ષિણ ગુજરાતને લાટ કહેતા અને ઉત્તર ગુજરાતને આનર્ત કહેતા. ગુજરાત દક્ષિણે દ્રવિડો અને ઉત્તરે આર્યોથી દબાતું. પશ્ચિમે ઘૂઘવતો મહાસાગર તેનું ઘડતર ઘડવા ફૂંફાડા મારતો.

ઇ.સ. પૂર્વે ૨૬૮માં ચક્રવર્તી અશોકની આણ વર્તી. કાઠિયાવાડમાં ગિરનાર પાસે તેની રાજ્ય-આજ્ઞાનો શિલાલેખ આજ પણ તેની સાક્ષી રૂપે ઊભો છે. જૂનાગઢ પાસે વિશાળ સુદર્શન સરોવર બાંધેલું હતું. અશોકે બૌદ્ધ ધર્મને આશ્રય આપી અપનાવ્યો. ગુજરાતમાં બૌદ્ધ વિહાર સ્થપાયા. પર્વતોમાં ગુફાઓ કોરાઈ. ભારતનો સૂર્ય તે કાળે મધ્યાહ્ને તપતો. પરદેશ સાથે હિંદનો વ્યવહાર વધી પડયો. ભરૂચ, નાલાસોપારા, ઘોઘા ને સ્તંભતીર્થ(ખંભાત) બંદરેથી હિંદનું રેશમ, તેજાના, ત્રાંબાપિત્તળનાં વાસણો ને બીજી અમૂલ્ય વસ્તુઓ પરદેશ ચડતી. રોમના બજારમાંથી સોનું ભેગું થઈ હિંદને આબાદ કરતું. દક્ષિણ હિંદુસ્તાનના વેપારી માર્ગ જેવાં ગુજરાતનાં બંદરો હતાં. અશોક પછી શક નામની ભમતી તુર્ક જાતિએ સિંધને માર્ગે ઈ.સ. પૂર્વે ૨૭૦માં હલ્લો કરવા માંડયો. તેમને વિક્રમાદિત્યે રોકયા. શક લોકો થોડે અંશે ગુજરાત-કાઠિયાવાડના લોહી ભેગા મળી ગયા. શકને હરાવ્યા તે શુભ નિમિત્તે વિક્રમ સંવત શરૂ થયો.

બીજી બાજુએ હિંદુસ્તાનની ઉત્તર તરફની સરહદ પર કનિષ્ક કુશન રાજ્ય સ્થાપતો હતો. અંતે એ કુશન પ્રજા પંજાબ અને કાશ્મીરથી માંડી વિંધ્યાચળ સુધી ફરકવા માંડી. કાઠિયાવાડ ને ગુજરાતમાં તે કાળે ક્ષત્રપની આણ ફરતી. કુશન રાજાઓએ ત્રણસો વર્ષ પર્યંત અખંડ સાર્વભૌમ સત્તા ઉત્તર હિંદમાં ભોગવી. ગુજરાતમાં ભૂકંપ થઈ ગિરનારનું સરોવર તૂટી ગયું ને દરિયાકિનારાની જમીન ઊપસી આવી. બૌદ્ધ ધર્મમાં નવચેતન રૂપ નાગાર્જુને ધાર્મિક પરિવર્તન શરૂ કર્યું. ગુજરાતમાં પ્રથમ પ્રવેશ કરનાર બ્રાહ્મણો હતા. આ બ્રાહ્મણો ધર્મ સાચવતા એટલું જ નહિ, પરંતુ વખત આવ્યે યુદ્ધમાં ક્ષત્રિયના ગુણ દાખવતા. થોડા જ કાળમાં ભૃગુપુરમાં ભાર્ગવનું, મોઢેરામાં મોઢનું, ખેડામાં ખેડાવાળનું અને આનંદપુર(વડનગર)માં નાગરોનું એમ થાણાં જામી ગયાં.

પૅલેસ્ટાઇનમાં એક ગરીબ ભરવાડ યહૂદી-

૨૭૯ ('કુમાર' અંક ૩૯૧)

ચિત્રશિક્ષણની અગત્ય

માણસને કવિ કે સાક્ષર થવું હોય કે ન હોય તો યે વ્યવહાર ખાતર પણ જેમ તે અક્ષરો લખતાં શીખે છે, ગણિતી થવું હોય કે ન હોય તોપણ જેમ તે જીવનવ્યવહાર ખાતર આંકડા અને સરવાળા-બાદબાકી વગેરે પ્રાથમિક ક્રિયાઓ શીખે છે, તેવી જ રીતે દરેક ભણેલા માણસે પોતાના મનની કલ્પના વ્યક્ત કરવા સારુ, પોતે જોએલા પદાર્થો અથવા દશ્યો સમજાય એવી રીતે વ્યક્ત કરવા સારુ ચિત્રકળા શીખવી જોઇએ. જેમ કેળવણીની શરૂઆત જ લેખનવાચન, આંક અને પલાખાંથી થાય છે તેમ કેળવણીના મૂળમાં જ ચિત્રકળા દાખલ કરવી જોઇએ.

મૂંગો માણસ મનમાં ગમે તે વિચાર આવે તો યે તે બોલી બતાવી શકતો નથી, નિરક્ષર માણસ પોતાની વાણી લિપિબદ્ધ કરી બીજા આગળ રજૂ કરી શકતો નથી, તેવી જ રીતે આજે આપણા સમાજમાં લગભગ બધા જ લોકો જોએલી વસ્તુઓ, નિહાળેલા બનાવો અથવા ધારેલી યોજનાઓ ચિત્રબદ્ધ કરી શકતા નથી. વાણીવિહીન થવું એ જેમ દુર્દૈવ ગણાય છે, લખતાં ન આવડે એ જેમ જીવનની ભારે ઊણપ ગણાય છે, તેમ ચિત્ર-લેખનથી અજાણ રહેવું એ પણ કેળવણીની મોટામાં મોટી ખામી ગણાવી જોઇએ. અમુક માણસને લખતાં-વાંચતાં આવડતું નથી એમ કહેતાવેંત જેમ આપણે એની અમુક અશક્તિનો ખયાલ મનમાં તરત બાંધીએ છીએ તે જ રીતે અમુક માણસને ચીતરતાં આવડતું નથી એમ કહેતાવેંત તે કેળવાએલો નથી, અપંગ છે, એવો ખયાલ આવવો જોઇએ.

—દ. બા. કાલેલકર

વર્ગોને છિન્નભિન્ન કરતો હતો ત્યારે હિંદમાં હજારો વર્ષની જ્વલંત સંસ્કૃતિનાં પડ બાઝી ગયાં હતાં. બૅબિલોન ઇજિપ્ત ને બિઝેન્ટાઈનનાં મહારાજ્યો આથમતાં હતાં ત્યારે હિંદમાં મધ્યવર્તી સંસ્કાર પૂરા થયા હતા. મિસરમાં નાઇલની સસ્કૃતિ સુકાતી જતી હતી તે વેળા ગંગાના પટ પર ઋષિ-આશ્રમો બંધાતા હતા. આર્યોના [illegible]માં એવો તેજાબ હતો કે પરદેશીઓ અહીં પગ મૂકતાં જ આર્યસંસ્કૃતિને ઓળે ઢળી પડતા. આર્યાવર્તના માનવમહાસાગરમાં અનેક પ્રજા ભળી ગઈ હતી, અનેક ધર્મો સમાઈ ગયા હતા.

માણસના સર્વાંગી વિકાસ માટે આપણી કેળવણીમાં ચિત્રશિક્ષણનું મહત્ત્વ કેટલું છે તે બહુ વિશદ અને સચોટ રીતે ટૂંકમાં સમજાવતો એ અંકમાંનો એક અગત્યનો લઘુ લેખ સામેને પાને જુદા ચોકઠામાં મૂક્યો છે.

ભારતના સામયિક-પત્રકારત્વના સમસ્ત ઇતિહાસમાં કોઇ પણ માસિક એક ને અદ્વિતીય બની ગયું હોય તો તે 'મૉડર્ન રિવ્યૂ'. સાહિત્ય ને કલાનાં વિવિધ અંગોથી માંડીને ધર્મ, સમાજ, ઇતિહાસ, રાજકારણ, અર્થકારણ, પુરાવિદ્યા, માનવવંશશાસ્ત્ર આદિ જીવનના એકે એક ક્ષેત્રને સ્પર્શતા સંગીન, ચિંતનભર્યા ને પ્રમાણભૂત લેખોથી એ હિંદમાં જ નહિ પણ હિંદ બહાર પણ ભારતનું અગ્રણી ને જ્યોતિર્ધર માસિક ગણાતું. એની એ સર્વ સફળતા એના સમર્થ તંત્રી રામાનંદ ચટ્ટોપાધ્યાયને લીધે જ હતી. એ પીઢ પત્રકાર, ઓજસ્વી આલોચક, સામાજિક પ્રશ્નોના અગ્રણી ચિંતક તથા દેશના આર્થિક ને રાજકીય પ્રશ્નોના નીડર મીમાંસકનું ચરિત્ર ઉપર્યુક્ત અંકમાં આવેલું તેની ટૂંકી રૂપરેખા જોઇએ:

ભગવતી સરસ્વતીની પ્રસાદ-અંજલિથી પ્રૂતિ-વિભૂષિત એક બાળકને વિધાતાએ, ઈ. ૧૮૬૫માં બંગાળના બાંકુરા ગામમાં એક ગરીબ બ્રાહ્મણને ઘેર અવતાર્યો. લક્ષ્મીએ અકિંચન છતાં એ ચટ્ટોપાધ્યાય બ્રાહ્મણ કુટુંબ પર દેવી શારદાનાં કૃપાસ્મિતની સમૃદ્ધિ ઊતરી હતી. એ કુટુંબના ઘણાખરા પુરુષો સંસ્કૃતના પારંગત પંડિતો, વિદ્વાન અધ્યાપકો ને ધર્માચાર્યો તરીકે વિખ્યાત થયા હતા.

એવા વાતાવરણમાં ઊછરેલો બાળક અભ્યાસપરાયણ નીવડે એમાં શી નવાઈ? નાના રામાનંદનું મન બાળપણથી જ અભ્યાસરત રહેતું. પ્રાથમિક શિક્ષણ વહેલી ઉંમરે પૂરું કરી તેણે અંગ્રેજીનો અભ્યાસ શરૂ કર્યો ને કલકત્તા યુનિવર્સિટીની એન્ટ્રન્સ(મૅટ્રિક)ની પરીક્ષા પહેલા વર્ગમાં-અને આખી યુનિવર્સિટીમાં ચોથે નંબરે-આવીને પસાર કરી. અને બી.એ.માં તો એ ઇંગ્લિશ ઑનર્સ લઇને સમસ્ત કલકત્તા યુનિવર્સિટીમાં પહેલા વર્ગમાં પહેલે નંબરે ઉત્તીર્ણ થયા.

તરત જ એમને કલકત્તાની સિટી કૉલેજમાં અંગ્રેજીના લેક્ચરરની જગ્યા મળી, અને થોડા જ વખતમાં તે અંગ્રેજી લઇને એમ.એ.માં પહેલા વર્ગમાં ચોથે નંબરે પાસ થયા એટલે એ અંગ્રેજીના લેક્ચરર મટીને પ્રોફેસર થયા. ઓગણીસમી સદીનાં એ છેલ્લાં વર્ષોમાં બંગાળના જુવાનોનાં માનસ અને વિચારઘડતર ઉપર સ્વ. રાજા રામમોહનરાયની બહુ ભારે અસર પડેલી છે. ધસમસતા આવતા નવા યુગના તેજ-પ્રભાવનાં મોજાં ઝીલવાને આતુર તરુણવર્ગે એમનાં જીવન અને વિચારસરણીમાંથી અખૂટ પ્રેરણા પીધી છે.

નવયુગની પ્રેરણા પામેલો એ કાળનો કોઈ પણ બંગાળી યુવાન એ રાજા રામમોહનરાયના નવા ધર્મ-સમાજ-બંધારણ 'બ્રહ્મોસમાજ'ની અસર તળે આવ્યા વિના રહ્યો નહિ હોય. રામાનંદ બાબુ મૂળથી જ એમાં ભાગ લેતા અને સિટી કૉલેજમાં પ્રોફેસર હતા તે વેળાએ બીજી તરફ એ 'સાધારણ બ્રહ્મોસમાજ'ના તેમજ તેની કાર્યવાહક સમિતિના સભ્ય હતા. પાછળથી તે ઉત્તરોત્તર એ સમાજના મંત્રી તરીકે અને પછી પ્રમુખ તરીકે ચૂંટાયા.

એ સમયે કલકત્તામાં દાસાશ્રમ નામની એક શુદ્ધ પરોપકારી સંસ્થા ચાલતી હતી. તેનો ઉદ્દેશ નિરાશ્રિતોને આશ્રય આપવાનો, અનાથોને ઉછેરવાનો ને અસહાય તથા અસાધ્ય રોગવાળા અપંગોની સેવા કરી પાળવાનો હતો. આ દયાધર્મી સેવાસંસ્થાને પ્રમુખપદે રહીને એમણે પુષ્કળ સેવાકાર્ય કર્યું, એટલું જ નહિ પણ સંસ્થાને માટે 'દાસી' નામનું એક માસિક સ્થાપીને ઘણા વખત સુધી ચલાવ્યું.

ઊગતી વયે પોતાના પ્રાંતમાં આટલું કાર્ય કર્યા પછી ત્રીસ વર્ષની વયે પ્રયાગની કાયસ્થ પાઠશાળા કૉલેજના આચાર્ય તરીકે તેમની નિમણૂક થવાથી તેઓ અલ્લાહાબાદ ગયા અને લાગટ અગિયાર વર્ષ સુધી એ સ્થાને રહીને એમણે માત્ર શિક્ષણના જ નહિ પણ સામાજિક, ધાર્મિક તેમજ રાજકીય ક્ષેત્રમાં પુષ્કળ અને અખંડ કાર્ય કર્યા કર્યું.

ઓગણીસમી સદીના અંત સુધીનું એમનું જીવનકાર્ય આમ ઘણે ભાગે સામાજિક અને સેવામાર્ગી પ્રવૃત્તિઓમાં શાંત રીતે થયું હોવાથી એમની શક્તિ અને પ્રતિભા જનસાધારણની જાહેર જાણમાં આવેલાં નહોતાં. પણ ૧૯૦૧માં વીસમી સદીના પ્રારંભકાળે એમના જીવનપથનો એક અતિ ઉજ્જ્વલ સીમાસ્તંભ રોપાયો. સમસ્ત બંગાળમાં જ નહિ પરંતુ બંગાળી જાણનાર બીજા પ્રાંતના સંસ્કારી જનોમાં પણ માનભર્યું સ્થાન ભોગવનાર બંગાળી ભાષાનું અગ્રણી માસિક 'પ્રવાસી' એમણે શરૂ કર્યું. નવા યુગનું દર્શન કરેલા સંસ્કારી પ્રજાવર્ગની વિચારસરણી રજૂ કરતા એ માસિકને 'સત્યં શિવં સુન્દરમ્'ના ધ્યાનમંત્રથી પૂત કરીને એમણે તેની દ્વારા બંગાળનાં સાહિત્ય, કલા, સમાજજીવન, ધર્મ, રાજકારણ, અર્થવિદ્યા, એમ એકેએક જીવન અંગમાં સદા 'સત્ય' ને 'સુંદર'ની પ્રતિષ્ઠા કરીને તેનું 'શિવ'-કલ્યાણ કરવા અખંડ પ્રયત્ન કર્યા કર્યો.

પણ માત્ર આમ પ્રાંતીય સંસ્કાર-સુધારના સાંકડા ક્ષેત્રમાં જ પોતાની શક્તિ ને પ્રવૃત્તિ રોકી રાખવાથી તેમને સંતોષ ન વળ્યો. એમની દૃષ્ટિ તો સમસ્ત હિંદના વિશાળ સંસ્કારી પ્રજાસમૂહ પર હતી. એમણે જોયું કે ભારતના સર્વ પ્રાંતોના જીવનનાં મૂળમાં તો એક જ સંસ્કારિતાનો સ્રોત વહે છે, બધાંનું રાજકીય જીવન પણ એક જ છે; પણ એમના એ સાંસ્કારિક ઐક્યને પ્રગટ કરીને સ્થાપિત તથા મૂર્ત કરનારું એક પણ સાધન નથી, તેમજ હિંદની એ સંસ્કારસમૃદ્ધિ તથા તેની ચાલુ સ્થિતિ અને શક્તિનો સાચો સંદેશ જગતના ચોકમાં પહોંચાડનાર કોઇ પ્રબલ અવાજ નથી. આથી જે ભાષા એ બધા જ પ્રાંતો સમજી શકે તથા જે દ્વારા સમસ્ત સંસારને પણ હિંદનો અવાજ પહોંચાડી શકાય તે અંગ્રેજી ભાષામાં જ એવું એક સર્વક્ષેત્રવ્યાપી અને બલવાન મુખપત્ર સ્થાપવું જોઈએ કે જે હિંદની શક્તિ અને સંસ્કારિતાનું જ્યોતિર્ધર બની શકે. આ ખોટ પૂરવા એમણે ૧૯૦૬માં 'મૉડર્ન રિવ્યૂ' શરૂ કર્યું.

અને એ 'મૉડર્ન રિવ્યૂ' દ્વારા એમણે હિંદની જે અવિરત સેવા કરી છે તે એક પણ સંસ્કારી હિંદીથી અજાણ નથી. ભારતની સાચી કલા-પરંપરાનો તાર પકડીને પ્રજાજનોને દોરનાર હૅવેલ અને નિવેદિતા તથા આનંદ કુમારસ્વામી અને અવનીન્દ્રનાથનો પોકાર પહેલવહેલો હિંદની પ્રજાને કાને 'મૉડર્ન રિવ્યૂ'એ પહોંચાડ્યો; અને અવનીન્દ્રનાથ તથા નંદલાલ જેવા ભારતીય કલાને પુનર્જન્મ આપનાર કલાકારોના એ પુણ્યકાર્યમાં ખરો સાથ આપીને એણે જ હિંદની કલાની પતાકા ઊડતી કરી છે. જગદીશચંદ્ર બસુ, જદુનાથ સરકાર અને સરોજિની નાયડુને 'મૉડર્ન રિવ્યૂ'એ જ આટલાં જગવિખ્યાત કર્યાં, અને રવીન્દ્રનાથ ઠાકુરને જગકીર્તિ અપાવવામાં મોટામાં મોટો ફાળો 'મૉડર્ન રિવ્યૂ'એ જ આપ્યો છે. એ જ

રીતે હિંદના પ્રાંતેપ્રાંતમાં વિખરાએલાં કે ઓથે પડેલાં સાંસ્કૃતિક સાધનો ને બળોને એણે જ બહાર આણી એકઠાં કર્યાં છે, ને તેમાંથી સમસ્ત હિંદનું સાંસ્કારિક ઐક્ય જમાવ્યું છે. હિંદની સંસ્કારિતાને હિંદની પ્રજાને કે તેના હક્કોને જ્યારેજ્યારે અન્યાય થયો છે ત્યારેત્યારે એ જ 'મૉડર્ન રિવ્યૂ'એ અતિ ઉગ્ર અને ધીટ સ્વરે હિંદની પ્રજાનો સાચો અવાજ નીડરપણે જગતના ચોકમાં પહોંચાડયો છે.

રામાનંદ બાબુનો એ પ્રયત્ન કેટલો સફળ થયો તેના પુરાવા રૂપ ઈ. ૧૯૨૬મા'લીગ ઑવ નેશન્સ' તરફથી હિંદી પત્રકારોના પ્રતિનિધિ તરીકે એ સંસ્થાની બેઠકોમા હાજરી આપવાનું એમને ખાસ નિમંત્રણ મળ્યું. જીનીવાથી પાછા ફરતાં એમણે ફ્રાન્સ, ઇંગ્લંડ, સ્વિટ્ઝર્લાંડ, જર્મની, ઑસ્ટ્રિયા અને ચેકોસ્લોવાકિયામાં સફર કરીને તે તે દેશોના સસ્કાર અને લોકજીવનનો અભ્યાસ કર્યો.

પત્રકારત્વના ક્ષેત્રમાં કરેલી આ શાંત દેખાતી પણ સંગીન સેવાએ રામાનંદબાબુને છેલ્લા બે દશકામાં ભારતના અગ્રણી પુરુષોમાં સ્થાન આપ્યું ને દેશહિતના પ્રશ્નોના ચિંતક ને માર્ગદર્શક તરીકે પ્રજાએ તેમને સ્વીકારીને સમસ્ત ભારતની અનેકવિધ પ્રવૃત્તિઓના કર્ણધાર તેમને બનાવ્યા.

ભારતનાં શિલ્પ-સ્થાપત્યની ડૉ. હરિપ્રસાદની લેખમાળાના આ હપતામાં તો—

હવે આપણે ગુજરાતની શિલ્પકળા જોઇએ. આપણે ઘરઆંગણે પણ એવી વસ્તુઓ પડી છે કે જેમાંથી આપણે ઉચ્ચ આનંદ ભોગવી શકીએ, પ્રેરણા મેળવી શકીએ, ભૂતકાળને માટે ગૌરવ ધારણ કરી શકીએ ને દેશનું ભાવિ ઘડવામાં આપણાં જૂનાં સાધનોમાં યથાયોગ્ય ફેરફાર કરી તેમને કેવી રીતે ગોઠવવાથી આપણુ શ્રેય સધાય તે વિચારી શકીએ.

પાટણથી સાત ગાઉ મોઢેરામાં બારમી સદીનું એક ભગ્ન સૂર્યમંદિર છે. ગુજરાતની પ્રાચીન શિલ્પકળાના અનુપમ અવશેષો સાચવતું એ મોઘુ સ્થળ ગણાય. એના તોરણો, કમાનો, સ્તંભ, પગથિયાં, મંડપ ને મંદિર બહારની કોતરણી બધું દેલવાડાની જ જાતનું છે; પરંતુ દેલવાડામાં આરસ વપરાયો છે ત્યારે આ ઈડરિયા પથ્થરથી બાંધેલું છે. શિલ્પીને આરસમાં સૌંદર્ય ઉપજાવવું આ જાડા પથ્થરો કરતાં સહેલું પડે છે, છતાં મોઢેરામાં શિલ્પીઓ દેલવાડા કરતાં કોઇ પણ પ્રકારે સૌંદર્ય ઉપજાવવામાં ઊતરતા જણાતા નથી, બલ્કે ઘણી બાબતોમાં ચડિયાતા છે. દેલવાડાની મનુષ્યાકૃતિઓ મોઢેરા જેવી નથી. ગુજરાતના શિલ્પીઓ મનુષ્યાકૃતિઓ ઘડવામાં કેવા કુશળ હતા તે જોવું હોય તો મોઢેરા જવું.

મોઢેરાનું મંદિર સૂર્યનું હતું. બારમી સદી સુધી ગુજરાતમાં સૂર્યપૂજા હતી. પરંતુ પાછળથી, સૂર્યની પ્રત્યક્ષ મૂર્તિ તો દરરોજ આપણે જોઈએ છીએ, તેની તે વળી પથ્થરની મૂર્તિઓ શી કરવી, એની પૂજા તો રોજ દિવસ ઊગે ને આથમે ત્યાં સુધી સાક્ષાત થઈ શકે છે એમ ઠરાવી, સૂર્યને સ્થાને વિષ્ણુને ત્યાં બિરાજમાન કર્યા. એ શાથી અને કેવા સંજોગોમાં બન્યું એની તો કંઇ ખબર નથી, પરંતુ ત્રિવિક્રમની કથા જોડે એનો સંબંધ છે એમ વિદ્વાનોનું માનવું છે. ત્રિવિક્રમ વિષ્ણુએ ત્રણ પગલાંમાં સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ માપી નાખ્યાં અને અરધું પગલું બલિરાજા–એટલે અંધકાર–ના માથા પર મૂકી એને પાતાળમાં ચાંપ્યો હતો. એ વિષ્ણુ એટલે સૂર્ય, અને સવાર બપોર અને સાંજે થઇને એ ત્રણે લોકને ભરી દે છે તથા અંધકારનો નાશ કરે છે એમ કહી સૂર્ય એટલે વિષ્ણુ જ છે એમ મનાવા લાગ્યું. ઇ.સ. ૧૨૦૦ પછી ગુજરાતમાં સૂર્યમંદિરો કોઈ થયાં નથી. ખડાલમાં ખડાયતા વાણિયાના ઇષ્ટદેવ કોટયર્કજી (કોટિ+અર્ક=જ્યાં સૂર્ય કાટખૂણે આવે છે તે કર્કવૃત્ત ઉપર એ ખડાલ આવેલું છે)ની મૂર્તિ પણ વિષ્ણુની છે. એટલે સૂર્યમાંથી વિષ્ણુની પૂજા જે કાળે પ્રચલિત થઇ હશે તે જ સંધિકાળમાં એ કોટયર્કના નામથી વિષ્ણુને સંબોધવામાં આવ્યા હોય.


મૂર્તિપૂજાના રહસ્યને જાણનાર વિદ્વાનોએ કહ્યું છે કે ઉગ્ર મૂર્તિઓ ન પૂજવી જોઇએ, કેમકે એથી પૂજક સ્વભાવે ઉગ્ર થાય છે. શેષશાયી નારાયણ પણ નિર્ગુણ બ્રહ્મનું સ્વરૂપ છે. નિર્ગુણ બ્રહ્મ કલ્પનામાં લાવી શકાય એમ નથી, માટે સગુણ બ્રહ્મને સૌમ્ય સ્વરૂપે શ્રીકૃષ્ણના મુરલીધરને રૂપે પૂજવાનો આદેશ થયો ત્યારથી મૂર્તિપૂજક હિંદુઓનો મોટો ભાગ સૂર્ય કે શેષશાયી નારાયણ ને નૃસિંહરૂપને બદલે શ્રીકૃષ્ણની પૂજાભક્તિ કરવા લાગ્યો એમ સમજાય છે.

પરંતુ 'જેવા ઇષ્ટદેવની પૂજા કરો એવા થશો' એ વાત ખરી છે. ગુજરાતમાં બહુચરાજીની પૂજા કરનારમાંના કેટલાક સ્ત્રૈણ બન્યા છે અને શ્રીકૃષ્ણની પૂ • માં પણ ગોપીભાવની અતિશયતા આવી ગઈ છે. આમ કહીને શક્તિમાર્ગમાં બળ આપવાની જે તાકાત હતી અથવા શ્રીકૃષ્ણની ભક્તિપૂજાથી હૃદયમાં જે પ્રેમભાવનો આવિર્ભાવ થાય છે એની હું અવગણના કરવા માગતો નથી. અથવા શક્તિમાર્ગની કે વૈષ્ણવ સંપ્રદાયની નિંદા કરવાનો પણ આમાં આશય નથી; માત્ર પ્રજાના માનસિક પરિવર્તનોનાં કારણોની એ એક દૃષ્ટિ છે. પ્રજામાં બાયલાપણું આવવાનાં આ સિવાય બ જાં પણ ઘણાં કારણો છે.

સૂર્યપૂજકો શૂરા હતા. ખુદ મોઢેરાના મંદિરમાં મલ્લકુસ્તી કરનારા અને મોટા હાથીને ઊંચકી ફેંકી દેનારા પહેલવાનો કોતરેલા છે. મોઢેરામાં એ સમયે વજ્રમુષ્ટિ પહેલવાનો હતા. એ જેઠીમલ્લ પણ કહેવાતા. એ મોઢ (એટલે મોઢેરાના) બ્રાહ્મણો હતા.

મોઢેરાના સૂર્યની મુખ્ય મૂર્તિ ચોરાઇ ગઈ છે, પરંતુ શિખરની બાજુઓમાં અને મંદિરની આસપાસ સૂર્યની બીજી મૂર્તિઓ છે. એમણે હોલબૂટ જેવા જોડા પહેરેલા છે; પ્રતાપી રૂઆબથી વજ્ર ધારણ કરીને એ ઊભા છે; આકાશમાં ઊડતા સાત ઘોડા એમનો રથ ખેંચે છે. આ શિલ્પમાં ઢીલાશની કે નૃત્યની કે સ્વાસ્થ્યની વાત નથી. વીર યોદ્ધા જેવા, પહોળી છાતીવાળા, દૂર નજર કરતા આ તેજસ્વી સૂર્યદેવને જોતાં જ આપણું લોહી જોરથી ફરવા માંડે છે. પરંતુ આ તો બહારની ગૌણ મૂર્તિઓ છે. આના પ્રમાણમાં મુખ્ય મૂર્તિનો પ્રતાપ કેવો હશે ને એનાં પૂજક નરનારીઓ કેવાં વીર હશે એની તો કલ્પના જ કરવાની રહે છે.

આ મંદિર ઉપરની આકૃતિઓ, સ્તંભો, તોરણો અને ગોખનું સૌંદર્ય અદ્‌ભુત છે. દેલવાડાના કરતાં પણ શિલ્પકળામાં અમુક અંશે એ ચડિયાતું છે. આખા મંદિરનો કોઇ ભાગ કોતરણી વગરનો નથી. પશુ, પંખી, વૃક્ષો, વેલીઓ, પત્ર, પુષ્પ, કમળ, હાથીઓ, અને દેવદેવીઓ તથા નર્તકીઓ અને અપ્સરાઓ અહીં પણ છે. અંદર બ્રહ્મા, વરુણ, ઇંદ્ર વગેરે દેવતાઓ પણ જોવામાં આવે છે. ડાબી બાજુએ કોઇ સ્ત્રી કોઇ સંતપુરુષને ભક્તિભાવથી નમે છે, એના શરીરની કોમળતા અને વળેલા અંગની મનોહરતા આકર્ષક છે. મંદિરની જમણી બાજુએ વિશ્વામિત્ર-મેનકા છે. વિશ્વામિત્રના મુખપર કામવાસના જાગેલી સ્પષ્ટ જણાય છે ને મેનકાનું સ્વરૂપ પણ અત્યંત મોહક ને વેધક છે. જડ પથ્થરોમાં પણ આવા ભક્તિભાવ, શૌર્ય, વીરતા, બળ ને શૃંગારને મૂર્તિમંત કરવાં એ અત્યંત મુશ્કેલ કામ છે. ભાવથી ગીત ગાવાં એ સહેલું છે; ચિત્રોમાં પણ રંગ, રેખાઓ, છાયા, પ્રકાશ ઇત્યાદિની ચિત્રકારને મદદ છે; પરંતુ પથ્થર કોતરનાર શિલ્પીને તો વાણી કે રંગ કશાની મદદ નહિ છતાં તે આવાં ભાવાત્મક સર્જન કરે એ જેવીતેવી શક્તિનું કામ નથી.



આવો સૌ પુણ્યશાળી, અમલ કરણીના પુણ્યનો આ જ આરો,
નિઃસંકોચે પધારો, કલુષિત થયલા! વારિધિ આ તમારો;
પ્રાયશ્ચિત્તો અહીંઆ પ્રજળી ન કરવાં દામણાં દુઃખદાહે,
વામીને પાપપુણ્યો તણું મમત, રમો શુદ્ધ મુક્ત પ્રવાહે.

'શેષ'

પશ્ચિમ બંગાળના કર્ણધાર: ડૅા. વિધાનચન્દ્ર રાય

પશ્ચિમ બંગાળના વડા પ્રધાન ડૅા. વિધાનચન્દ્ર રાયનો વિશેષ પરિચય સારા યે ભારતવર્ષને આજે મળે છે તેમની ઊજવાઈ રહેલી ૭૫મી જન્મશતાબ્દી નિમિત્તે; પરંતુ બંગાળને તો તેમનો સઘન પરિચય અરધી સદીથી છે. બંગાળનાં સર્વ ક્ષેત્રોના પ્રશ્નોને હાલ અપૂર્વ કૌશલથી ઉકેલી રહેલા એવા તેઓ સ્વાતંત્ર્ય પહેલાંથી ઉચ્ચ રાજકીય હોદ્દાઓએથી બંગાળનાં સર્વાંગી સંયોગો અને પરિસ્થિતિઓનો તલસ્પર્શી અભ્યાસ કરતા આવ્યા છે, અને એટલે જ બંગાળના નવ-ઘડતરની તેમણે ત્યારથી વિચારી રાખેલી નિશ્ચિત યોજનાઓને સુરેખ આકાર આપવામાં આજે તેઓ સફળ બની રહ્યા છે.

'નૂતન બંગાળ'ના આ ઘડવૈયાનો જન્મ ઈ. ૧૮૮૨ની ૧લી જુલાઇએ પટણા ગામે વિદ્યા-સંસ્કારસંપન્ન માતપિતા–શ્રી પ્રકાશચન્દ્ર રાય અને શ્રીમતી અઘોરકામિની દેવી–ને ત્યાં થયો હતો. પ્રતાપાદિત્ય અને રાજ વસંત રાય એ તેમના પ્રતાપી પૂર્વજો હતા. વિધાનના જન્મ વખતે તેમના પિતા જકાતખાતાના ઇન્સ્પેકટર હતા, અને બાદ તેઓ ડેપ્યુટી કલેક્ટરના ઉચ્ચ હોદ્દા સુધી પહોંચેલા. તેઓ કવિવર રવીન્દ્રનાથ ઠાકુરના સુહૃદ હતા. માતા અઘોરકામિનીદેવી બાંકીપોર ગર્લ્સ હાઈસ્કૂલનાં સ્થાપક હતાં. માતાપિતા બંને શ્રી કેશવચન્દ્ર સેન સ્થાપિત બ્રાહ્મોસમાજનાં સભ્ય હતાં. પાંચ ભાંડુઓ–બે મોટી બહેનો અને ત્રણ ભાઇઓ–માં વિધાન સૌથી નાના. મોટા બંને ભાઈઓને પિતાએ વધુ અભ્યાસ અર્થે ઇંગ્લંડ મોકલેલા. પટણા કૉલેજમાંથી ગ્રૅજ્યુએટ તરીકે બહાર પડ્યા ત્યારે વિધાનના મનમાં ભવિષ્યનો કોઈ નિશ્ચિત કાર્યક્રમ નહોતો. પુત્ર સરકારી નોકરી ન કરે એવી પિતાની ઇચ્છા હોવાથી તેમણે વધુ અભ્યાસ માટે કલકત્તા મેડિકલ કૉલેજ તથા સાથેસાથે બૅંગૉલ એન્જિનીઅરિંગ કૉલેજમાં પ્રવેશ માટે અરજી કરી. એન્જિનીઅરિંગ કૉલેજ કરતાં અમુક કલાક જ વહેલું મેડિકલ કૉલેજ તરફથી દાખલ થવા માટેનું કાર્ડ મળતાં તેઓ તેમાં દાખલ થઇને પછી દેશભરના અગ્રણી દાક્તર બન્યા, અને સાથેસાથે આકસ્મિકરીતે તેમની ભવિષ્યગર્ભિત ઇજનેરી કારકિર્દી પર પડદો ઢળી ગયો. દાક્તર તરીકે ગ્રૅજ્યુએટ થયા પછી તેમણે કલકત્તામાં દવાખાનું ખોલ્યું. ત્યારે દર્દીની મુલાકાતે જવાની તેમની ફી બે રૂપિયા રહેતી. ધંધામાંથી ૧,૨૦૦ રૂપિયાની મામૂલી રકમ એકઠી થતાં તેઓ વધુ ઉચ્ચ અભ્યાસ માટે ઇંગ્લંડ ગયા અને ત્યાં રહી માત્ર બે વર્ષના ટૂંકા ગાળામાં તેમણે એમ. આર. સી. પી. તથા એફ. આર. સી. એસ.ની પરીક્ષાઓ પાસ કરી. ઇંગ્લંડથી ઈ. ૧૯૧૧માં તેઓ ભારત આવ્યા ત્યારે તેમની પાસે પાંચ રૂપિયા સિલિકમાં બચેલા! કલકત્તા આવી તેઓ કલકત્તા મેડિકલ કૉલેજ અને કૅમ્પબેલ મેડિકલ કૉલેજમાં જોડાયા. બાદ તેઓ કાર્માઇકલ મેડિકલ કૉલેજ(હાલની આર. જી. કાર. મેડિકલ કૉલેજ)ના દવાવિભાગના પ્રોફેસર નિમાયા.

ઈ. ૧૯૧૬માં તેઓ કલકત્તા યુનિવર્સિટીની સેનેટના સભ્ય અને પછી ફેલો નિમાયા. બાદ ઈ. ૧૯૨૩માં સર સુરેન્દ્રનાથ બૅનરજીને હરાવી તેઓ બંગાળની રાજસભામાં ચૂંટાઈ આવ્યા. અહીંથી તેમની રાજકીય તેમજ અન્ય જાહેર કારકિર્દીઓનાં સોપાન મંડાય છે: રાજસભામાં સ્વરાજ્ય-પક્ષના ડેપ્યુટી નેતા; ઈ. ૧૯૨૮માં કલકત્તા ખાતે ભરાએલા કૉંગ્રેસના અધિવેશન પ્રસંગે તેની સ્વાગત-સમિતિના જનરલ સેક્રેટરી; ઈ. ૧૯૩૦માં બંગાળ પ્રાંતીય કૉંગ્રેસ સમિતિના નેતા અને વર્કિંગ કમિટીના સભ્ય; કલકત્તા કૉર્પોરેશનના ઈ. ૧૯૩૦થી '૩૩ સુધી અને ઈ. ૧૯૩૮થી '૪૪ સુધી મેયર; દેશબંધુ-ટ્રસ્ટના મંત્રી; અસ્પૃશ્યતા નિવારણ-મંડળની



આપણાં પ્રાણીઓ–૧૩ : ઉંદર

ઉંદરને તો સહુ ઓળખે છે. ભારતમાં તેમજ દુનિયામાં બધે જોવા મળતા ઘરના ઉંદરની, કદ અને રંગના સ્પષ્ટ ભેદવાળી મુખ્ય ત્રણ જાતો છે. તેમાંની ઉપરના ભાગમાં ભૂરી ને નીચે સફેદ ટૂંકી ને સુંવાળી રુવાંટીવાળી જાતનું શાસ્ત્રીય નામ છે Mus Musculus, Urbanus. તેનું ઉદ્‌ભવસ્થળ ભારત ગણાય છે.

શરીર ને માથાની સંયુક્ત લંબાઈ કરતાં પણ મોટી (એટલે કે ૫ થી ૮ ઇંચ લાંબી!) પૂંછડી રંગે કાળી ને પાછી રુવાંટી વગરની ભીંગડાંવાળી. શ્રવણચકોર એના કાન ખાસ્સા અરધો ઇંચ લાંબા. મૂછો મોટી મોટી. ઉપરનીચેના બબ્બે મળીને કુલ ચાર સુતીક્ષ્ણ દાંત. આંખો બહાર પડતી, દયામણી. આગલા બે પંજામાં ચાર-ચાર ને પાછલા બેમાં પાંચપાંચ નહોર. તે બહુ જ ક્રિયાશીલ ગણાય છે. રાતે આખા ઘરમાં ને છાપરામાં દોડાદોડી કરી તે લીંડી-મૂત્રથી બધે ગંદકી કરી મૂકે છે. આડેઅવળે પડેલી ચીજો ખવાય તેવી હોય તો ખાય, નહિતર બેઠોબેઠો કાપેકોરે. પણ લગારે નવરો કે નિરાંતે તો ન જ બેસે. દોડવાકૂદવાની તેની શક્તિ પણ વિસ્મયકારક છે. ક્યારેક તો ભીંત પર સીધેસીધો પણ ચડે. પણ સ્વભાવે ગરીબ ને બીકણ હોઈ ભય વેળા દુશ્મનનો સામનો કરી શકે નહિ. પરંતુ ચતુર ખરો. એકને પુરાએલો જોઈ બીજો પાંજરા પાસે ઢૂકાય નહિ. મુખ્યતઃ ઘરમાં રહે, વાડીબગીચા–ખેતરોમાં યે ખરો. ખોરાકમાં બધું હોઈયાં કરે.

ખૂબ જ ઘાતક ગણાય તે તેની રોગવાહકતા. પ્લેગનાં જંતુને પોતાના શરીર પર ઉછેરી તેને તે ફેલાવે છે. સાથોસાથ મનુષ્યના આરોગ્યને લગતા સંશોધનના પ્રયોગો માટે તે એક ઉત્તમ સાધન પણ છે.

માદા, ઘરમાં પોચી વસ્તુઓના માળામાં વર્ષે ૩ થી ૫ વખત, આંધળાં ને રુવાંટી વગરનાં ૪ થી ૮ બચ્ચાં જણે છે, જે વરસેદહાડે પુખ્ત થઈ પ્રજનનક્ષમ બને છે.

બંગાળ ખાતેની શાખાના પ્રમુખ; નેતાજી સુભાષચન્દ્ર બોઝને હરાવીને ઈ. ૧૯૩૪માં બંગાળ પ્રાંતીય કૅાંગ્રેસ સમિતિના પ્રમુખ; અને કલકત્તા યુનિવર્સિટીના વાઈસ-ચાન્સેલર.

માનવતાની સેવા માટે દાક્તરીનું ક્ષેત્ર તેમને મન ઉત્તમ લાગેલું અને પોતાના મનભાવતા એ ક્ષેત્ર દ્વારા તેમણે આપેલી સેવાઓનો ખયાલ તો તેમને ઘેર પડેલા ૧૫૦ પૃષ્ઠોના એક એવા દર્દીઓનાં દર્દના હેવાલોના ૨૦૦ ચોપડાઓ પરથી આવી શકે તેમ છે. દર્દીની મુલાકાતે જવાની તેમની ફી કલકત્તા શહેર માટે રૂા. ૧૨૮ અને બહાર માટે રૂા. ૨૦૦૦ સુધીની અત્યંત ઊંચી રહેતી, છતાં કોઈ ગરીબ દરદી તેમને બારણેથી મફત સારવાર વિના બહાર ન નીકળતો. આજ વડા પ્રધાન-પદેથી ભરચક્ક કામગીરીઓનું વહન કરતા હોવા છતાં તેઓ રોજ ૨૦ ગરીબ દરદીઓને મફત તપાસે છે. કૅાંગ્રેસ વર્કિંગ કમિટીના સભ્ય તરીકે ઈ. ૧૯૩૦માં તેમને અલીપોર સેન્ટ્રલ જેલમાં મૂકવામાં આવ્યા ત્યારે તેમને જેલની ૧૨૦ ખાટલાવાળી ઑસ્પિટલમાં સારવાર કરવાનું કામ સોંપવામાં આવેલું. જેલમાં નહિ રખાતી કીમતી દવાઓ વાપરીને પણ તેમણે ઘણા દરદીઓને ન્યૂમોનિયા અને ટાઈફૉઈડનાં જીવલેણ દરદોમાંથી બચાવી લીધા. તેમની ઉમદા સારવારને પરિણામે ઑસ્પિટલમાં મરણપ્રમાણ સારું એવું ઘટયું, જેની અધિકારીઓએ સાભાર નોંધ લીધેલી છે. કલકત્તામાં ઈ. ૧૯૪૬માં ફાટી નીકળેલા કોમી હુલ્લડ વખતે વેલિંગ્ટન સ્ટ્રીટમાં આવેલા તેમના મકાનને હુલ્લડખોરોએ ઘેરો ઘાલી કબજે કરી લીધેલું, ત્યારે તેઓ ઉતાવળા ઉતાવળા ઘર બહાર નીકળી ગએલા, પોતાને થએલા નુકસાનને રડવા નહિ પણ ઘવાએલ વ્યક્તિઓની સારવાર અને શબોની અંતિમ ક્રિયા કરવા માટે! થોડા સ્વયંસેવકોની મદદથી માત્ર બે દિવસમાં તેમણે ૧,૪૦૦ શબોની અંતિમ ક્રિયા ત્યારે દોડાદોડી કરીને કરેલી.

તેમનું માયાળુ હૃદય સદા ગરીબો પ્રત્યેની લાગણીથી દ્રવતું હોય છે. જમણો હાથ શું કરે છે તેની ડાબા હાથને ખબર પણ ન પડે તેમ તેમણે અનેક ગરીબોને આર્થિક મદદો કરી છે. પોતાના આ ગુણ માટે તેઓ તો નમ્રપણે તેમનાં મમતાળુ માતાનો દાખલો જ આપે છે.

પૂનામાં આગાખાન મહેલમાં ગાંધીજી ઉપવાસ ઉપર ઊતર્યા ત્યારે ૨૧મે દિવસે તેમનું શરીર અત્યંત નબળું પડી ગએલું, અને સૌ કોઈનાં મન ઊંચાં થઈ ગએલાં. ત્યારે ઉપવાસને બાધા ન કરે એવો થોડો લીંબુનો રસ પીવાની તેમની સલાહે ગાંધીજીને બચાવી લીધેલા એ બહુ થોડા જાણતા હશે. ડૉ. મહમદ આલમની તેઓ સારવાર કરતા હતા ત્યારે ગાંધીજીએ ડૉ. મહમદ આલમને કહેલું કે તમે સૌથી સલામત માનવ-હાથમાં અત્યારે છો.

ઈ. ૧૯૪૭ના ડિસેમ્બર માસમાં ડૉ. શ્યામાપ્રસાદ મુખરજીએ અસ્વસ્થ તબિયતને કારણે પશ્ચિમ બંગાળની રાજસભામાંથી રાજીનામું આપતાં તેમની જગ્યાએ યુનિવર્સિટીના પ્રતિનિધિ મંડળ તરફથી ડૉ. બિધાનચન્દ્ર રાયની સર્વાનુમતે ચૂંટણી થઈ. થોડા જ માસ બાદ તેમને પ્રધાનમંડળ રચવાનું કહેવામાં આવેલું.

તેમની જીવનકારકિર્દીમાં પત્રકારત્વને યે મહત્ત્વનું સ્થાન છે. રાજકીય કારકિર્દીના ઊગમકાળમાં તેઓ 'ફૉર્વર્ડ' નામના અંગ્રેજી દૈનિકના ડાયરેક્ટર હતા અને તે બંધ થતાં અન્ય અંગ્રેજી દૈનિક 'લિબર્ટી' પોતાની દેખરેખ નીચે કાઢતા. 'યુનાઈટેડ પ્રેસ ઑવ ઈન્ડિયા'ની તેમણે સ્થાપના કરેલી અને ઈ. ૧૯૩૫ લગી તેના ડાયરેક્ટરોના મંડળની દરેક સભા વખતે તેમણે હાજરી આપેલી. વળી કલકત્તા યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલરપદે હતા ત્યારે યુનિવર્સિટીમાં પત્રકારત્વનો વિભાગ તેમણે દાખલ કરાવેલો.

પશ્ચિમ બંગાળના વડા પ્રધાન તરીકેની તેમની ઉજ્જ્વળ કામગીરીનો ખયાલ, ઈ. ૧૯૪૮ની તે પ્રાંતની વાર્ષિક આવક ૩૨ કરોડ રૂપિયા હતી તે હાલ ૪૫ કરોડ રૂપિયા સુધી પહોંચી છે તે વિગત પરથી આવી શકશે. વડા પ્રધાન તરીકેના ભારેખમ જવાબદારીઓભર્યા સૌથી મોટા હોદ્દા સિવાય ગૃહ, અર્થવ્યવસ્થા, વિકાસ, આયોજન, શિક્ષણ, ઉદ્યોગ અને વેપાર-વાણિજ્ય એ ખાતાંઓ પણ તેઓ જ સંભાળે છે!

સભાગૃહમાંનું તેમનું હાજરજવાબીપણું ખાસ નોંધપાત્ર હોય છે. તેમાં તેમની તીવ્ર બુદ્ધિમત્તા અને પ્રશ્નને સમજવાની ઉચ્ચ અને ઝડપી ગ્રહણશક્તિ ઉપરાંત પ્રસ્તુત પ્રશ્નો વિષેની પરિસ્થિતિનો પૂરેપૂરો ખયાલ ધરાવતા માનસનાં દર્શન થાય છે. બંગાળનો એવો કોઈ ભાગ્યે જ પ્રશ્ન હશે જે તેમણે ન સ્પર્શ્યો હોય કે તેમની નજર બહાર હોય. નૂતન બંગાળના આ સમર્થ સર્જકને માટે માત્ર બંગાળ જ નહિ પરંતુ આખું ભારત અભિમાન લઈ શકે એવી બહુલ બહુમુખી તેમની સેવા, કારકિર્દી, પારદર્શી બુદ્ધિમત્તા અને અનન્ય કર્તવ્યનિષ્ઠા છે.

પાંપણની સંભાળ

આંખ ઉપર પોપચાં અને તેના ઉપર હારબંધ ઝીણી રોમાવલિ—પાંપણ આપવાનો કુદરતનો હેતુ આંખની રક્ષા માટે છે. આ પાંપણો જ માત્ર જો કોઇને કુદરતે ન આપી હોય તો? અગર ત્યાંના વાળ કોઈ કારણવશાત ખરી પડયા તો? એવી વાળ ખરીને બોડી થઈ ગએલી પાંપણવાળા માનવીની સાડા ત્રણ મણની કાયામાં આંગળીના વેઢે ગણી શકાય એટલા ચપટી વાળ ચાલ્યા જવાથી પણ માણસ કદરૂપો લાગે છે.

આ પાંપણ જેટલું શરીરમાં મહત્ત્વનું સ્થાન બીજા વાળનું હશે કે કેમ તે પ્રશ્ન છે. આંખ જેવા કોમળ અને ઉપયોગી અંગના દરવાજે રહીને તે ખરેખર વફાદાર ચોકીદારનું કાર્ય કરે છે. હવા સાથે ભળીને ઊડતા સેંકડો રજકણો સીધા આંખમાં આવી પડવા ચોટ પર હોય છે ત્યારે પોપચાં મિંચાઇને એનો અવરોધ કરે એ પહેલાં પાંપણો એને બહાર ફેંકી દેવા પોતાના ઉપર જ ઝીલી લે છે. મકાનનાં વાછટિયાંની માફક વળાંક લેતી એ પાંપણો આંખોની વફાદારીભરી રખેવાળી કરે છે.

પણ આવી આ વફાદાર પાંપણને માનવી કદીયે યાદ કરતો નથી. મોઢું ધોતાં સાથોસાથ પાંપણો ધોવાઈ જાય તો ભલે, પરંતુ વિશેષ પ્રકારે પાંપણોની સંભાળ લેનાર ભાગ્યે જ મળે. પણ પાંપણો તરફ બેદરકાર રહેનાર માનવીની પાંપણોના મૂળમાં આછા મેલના પોપડા જામે છે, ને તેમાંથી એક પ્રકારની જીવાત પેદા થાય છે. આ જીવાતનું નામ 'નેવા' અથવા 'ચામજુ'. આ ચામજુ અથવા સૂવાની જીવાત એટલી નઠારી ને હઠીલી જાત છે કે શરૂઆતમાં તો એ થઈ છે એની તમને ખબર પણ ન પડે, પરંતુ પાંપણનાં મૂળમાં આછી મીઠી ખંજવાળ કોઈ વખત આવે.

બેદરકાર માનવીને આ જીવાત લોહી પીપીને મોટી થતી જાય ને ધ્યાનથી હાથ ફેરવતાં બહુ જ નાની ફોલ્લી-રતીની કણ જેવી દેખાય. તેને ખોતરીને આંગળી ઉપર લઈને જુઓ તો ખોતરેલી જગ્યાએથી ચામડી ઉપરનું ભીંગડું ઊખડી ગયું લાગે ને તમે ભુલાવામાં પડી તેને ફેંકી દ્યો. પરંતુ એ એક ચામજુએ મૂકેલો વંશવિસ્તાર વધતો જાય છે. એની ખાતરી કરવી હોય તો ચામજુને ખોતર્યા પછી હથેલીમાં મૂકી એકાદ મિનિટ એને જોયા કરો. કેટલીક પળો પછી તે હલનચલન કરશે!

મોં ધોતી વખતે પાંપણોનાં મૂળની કિનારી આંગળી વતી આસ્તેથી સાફ કરી નાખો. પાંપણો રોજ સંમાર્જન માગે છે. એથી આંખમાં ઝરેલો મળ ને બહારના સૂક્ષ્મ પદાર્થો ધોવાઇને સાફ થઈ જશે. પછી વવળાટ આવતો હોય ને જિવાતની શંકા થાય (અગર ન થાય તોપણ) દિવેલવાળી આંગળી પાંપણનાં મૂળની ધાર પર ફેરવી દ્યો.

(ગુજરાત સમાચાર) —વૈદ્યશાસ્ત્રી જાદવજી નરભેરામ

વિક્ટોરિયા ક્રૉસ શતાબ્દી ઉત્સવ

ગયા માસ(જૂન)ની ૨૫મી તારીખે લંડનના 'હાઇડ પાર્ક'માં વિક્ટોરિયા ક્રૉસના વિજેતાઓના બહુમાન માટે એક અનન્ય ઉત્સવ



ગોઠવાએલો. પ્રસંગ હતો ચન્દ્રકની પ્રથમ શતાબ્દીનો. તેમાં બ્રિટન, ઑસ્ટ્રેલિયા, કૅનેડા, ન્યૂઝીલૅન્ડ, ભારત, પાકિસ્તાન, દક્ષિણ આફ્રિકા, રૂહેડેશિયા-ન્યાસાલૅન્ડ વગેરે દેશોના આશરે ૩૦૦ જેટલા જીવન્ત વિજેતાઓએ, તેમજ મૃત્યુ પહેલાં ને મૃત્યુ પછી ચન્દ્રકો મેળવનાર વિજેતાઓની વિધવાઓ સહિત ૯૦૦ જેટલાં સ્વજનોએ, જવાઆવવાના કે રહેવાજમવાના એક પાઈના પણ ખર્ચ વિના ભાગ લીધો. નિમંત્રણનો સ્વીકાર કરી ભારતમાંથી કુલ ૧૧ વિજેતાઓ ઉત્સવમાં ગએલા.

વિક્ટોરિયા ક્રૉસ એ વીરતા ને સ્વાર્પણ માટે અપાતું સર્વોત્તમ બ્રિટિશ પારિતોષિક છે. તે ખુશ્કી, તરી કે હવાઈ સૈન્યના કોઈ પણ સૈનિકને સ્વદેશ માટે દુશ્મનનો સામે મોંએ સામનો કરવામાં દર્શાવાતાં અપૂર્વ વીરતા ને બલિદાન બદલ આપવામાં આવે છે. તે બહુ જ વિચારપૂર્વક ને ઓછો અપાય છે. ક્રીમિયન યુદ્ધ ને બાલ્ટિક સમુદ્રમાં અજોડ વીરત્વ દાખવનાર ૬૨ સૈનિકોને ઇ. ૧૮૫૬માં આવા ચન્દ્રક આપીને મહારાણી વિક્ટોરિયાએ તેની પ્રથમ યોજના કરી હતી, જે આજ પર્યંત ચાલુ છે. આજદિન સુધીમાં કુલ ૧૩૪૪ વીરોને આ ચન્દ્રક અપાયો છે. સૌથી વિશેષ ચન્દ્રક પ્રથમ વિશ્વયુદ્ધ દરમ્યાન અપાયા હતા.

ઇ. ૧૯૪૨ના માર્ચ સુધી તો તે ક્રીમિયન યુદ્ધ દરમ્યાન સેબૅસ્ટોપોલમાંથી બ્રિટિશોએ જે રશિયન તોપ કબજે કરેલી તેની કાંસાની ધાતુમાંથી બનાવવામાં આવતો. હાલ શાહી ટંકશાળમાંથી મળતી ગનમેટલમાંથી બનાવાય છે. ચિત્રમાં બતાવ્યા પ્રમાણે તેમાં વચ્ચેના તાજ ઉપર ઊભેલા સિંહનું આલેખન હોય છે, અને નીચેની પટ્ટી ઉપર For Valour (શૌર્ય માટે) એવા શબ્દો લખેલા હોય છે. સાદી લાલ ફીત વડે લટકાવીને તે ડાબી છાતી ઉપર પહેરાય છે.

હિંદી સૈનિકોને વિક્ટોરિયા ક્રૉસ મેળવવાનો પ્રથમ અધિકાર ૧૯૧૧માં પ્રાપ્ત થયો; અને ૧૯૨૦થી તો કોઈ પણ નારી ને નાગરિક પણ વિશિષ્ટ શૌર્ય માટે તે મેળવી શકે તેવી જોગવાઈ કરવામાં આવી. ૧૯૧૪-૧૮ના વિશ્વયુદ્ધમાં હિંદી લશ્કરને આવા ૧૧ ચન્દ્રક મળ્યા હતા, જ્યારે બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન ૩૧ ચન્દ્રક મળ્યા છે. સંયુક્ત રાજ્યોને બાદ કરતાં બ્રિટિશ સામ્રાજ્યના કોઈ પણ દળ કરતાં વિશેષ વિક્ટોરિયા ક્રૉસ મેળવવાનું બહુમાન હિંદી લશ્કરે પ્રાપ્ત કર્યું છે!

સર્વપ્રથમ ને અંતિમ ભારતીય ચન્દ્રક-વિજેતા અનુક્રમે હતા સીપૉય (હાલ સૂબેદાર) ખુદાદાદખાન ને રાઇફલમૅન લખમન ગુરુંગ.

ઉત્સવ નિમિત્તે વિક્ટોરિયા ક્રૉસના ઇતિહાસનાં સો યે સો વર્ષોને સાંકળી લેતા, હજાર કરતાં યે વધારે નમૂના રજૂ કરતું એક પ્રદર્શન પણ બ્રિટિશ વડા પ્રધાન સર ઍન્થની ઈડનને હાથે, અગાઉથી જૂનની ૧૫મીએ લંડનમાં માર્લબરો હાઉસમાં ખુલ્લું મુકાયું હતું.

કૃત્રિમ તંતુમાંથી બનેલો કાગળ

ચાલુ કાગળ કરતાં ૧૦ ગણો મજબૂત અને ગડી કરવાથી લાગતા ઘસારાનો ૨૦૦ ગણો વધુ પ્રતિકાર કરી શકે તેવો કાગળ અમેરિકામાં પહેલી જ વાર નાઇલોન અને બીજા કૃત્રિમ તંતુઓમાંથી બનાવવામાં આવ્યો છે. તે ક્ષયોત્પાદક રસાયણો, જંતુઓ, પ્રકાશ અને ભેજનો પણ પ્રતિકાર કરી શકે છે. આથી કાગળની કોથળીઓ માટે, રસાયણો ભરવાનાં પડીકાં માટે, ફાઇલોનાં પૂઠાં માટે અને દસ્તાવેજો માટે એ કાગળ ખાસ કામ લાગશે.

ક્રિકેટ અને શેક્સ્પીઅર

ઈ. ૧૮૭૨માં કૅનેડાની ટીમ અને ઇંગ્લિશ ટીમ વચ્ચે કૅનેડામાં ખૂબ જ રસાકસીવાળી એક મૅચ રમાએલી. તેનો અહેવાલ ક્રિકેટની એક જૂની નોંધપોથીમાં વાંચેલો. તેમાં મૅચના વર્ણન પછી એક સરસ તારવણી હતી. તેમાં એવી કલ્પના કરવામાં આવી છે કે શેક્સ્પીઅર આ મૅચ જોવાને હાજર હતો; અને એનાં નાટકોમાંથી વાક્યો ટાંકીને એમ બતાવવામાં આવ્યું છે કે શેક્સ્પીઅર આ મૅચનો રિપોર્ટ કેવી રીતે આપે છે. વળી એનાં નાટકોમાંથી વીણી કાઢેલાં વાક્યોથી એમ પણ સાબિત કરવાનો પ્રયત્ન છે કે રાણી ઇલિઝાબેથના સમયમાં ક્રિકેટની રમત નહોતી એવો સામાન્ય અભિપ્રાય છે તે બરાબર નથી.

શેક્સ્પીઅર ક્રિકેટ-ગ્રાઉન્ડ ઉપર મૅચ જોવા હાજર છે અને તેને ઇંગ્લંડની ટીમના ખેલાડીઓનું ઓળખાણ કરાવવામાં આવે છે. તે વખતે એ ખેલાડીઓને તે નીચે પ્રમાણે સંબોધે છે :

And you, good yeamen,
Whose limbs were made in England show us here
The mettle of your pasture.

(Henry V; Act III; Sc. 1)

શેક્સ્પીઅરને ક્રિકેટ-બૉલ દેખાડવામાં આવતાં એ બોલે છે :

'A Carbuncle entire, as big as thou art,
Were not so rich a jewel.' *(Coriolanus; I-4)*

કવિનો આ અભિપ્રાય ક્રિકેટની રમતના પ્રેમીઓ સિવાય બીજા ભાગ્યે જ કોઈ સ્વીકારે. હૅડૉક્સ (Haddocks) માટે કવિ કહે છે :

'How oddly he is suited! I think he bought his doublet in Oxford, his round hose (o') in America, and his bonnet in Madume Louise's.'

(Merchant of Venice; I-2)

હૅડૉક્સ–Haddocks–એ તો ઑક્સફર્ડ યુનિવર્સિટીનો જાણીતો મશ્કરો–harlequin–છે. અને એના વિચિત્ર વેશથી દરેક 'ઑક્સોનિયન' સુપરિચિત છે. એને માટેનું કવિનું ઉપર્યુક્ત લખાણ કેવું બંધબેસતું છે! કવિ હૅડૉક્સ માટે વધુ જણાવે છે : 'Haddocks seems to be more noble in being fantastical,—a great-man, I will warrant.' *(Winter's Tale; IV-3)*

મૅચ જોવા આવેલા પ્રેક્ષકો રમતની શરૂઆતમાં બહુ ગભરાટ અને આવેશ બતાવતા જણાય છે. તેમને કવિ નીચે પ્રમાણે સંબોધે છે :

'Because you want the Grace that others have
You judge it straight a thing impossible,
To compass wonders.' *(Henry VI; Part I, V-4)*

પછી ઇંગ્લિશ ટીમના કૅપ્ટન સામે સસ્મિત માથું હલાવી કહે છે :

'Prepare you, General,
The enemy comes in gallant show,
And some thing's to be done immediately.'

(Julius Caesar; V-1)

એટલામાં 'અમ્પાયર' બોલતો સંભળાય છે :

'The play's the thing.' *(Hamlet; II-2)*

અને 'બૅટ્સમન' જવાબ વાળે છે :

'Aye, Boy, ready.' *(Romeo and Juliet; I-5)*

કવિ પાછા કંઈક કહે છે :

'Make you ready your stiff bats:
Field, Gentlemen of England, field boldly.'

(Richard III; V-3)

કવિ એક ખેલાડીને કહે છે :

'Now be a freeman.' *(Julius Caesar; V-3)*

અને રમતની શરૂઆત કરનાર—ઓપનિંગ બૅટ્સમન—નાં કવિ કાંઈક વખાણ કરે છે, ત્યારે એ ખેલાડી કવિને જવાબ આપે છે :

'Sir, praise me not:
My work hath not yet warme'd me.' *(Coriolanus; I-5)*

બૅટિંગ શરૂ કરનાર ખેલાડીના કાનમાં ટીમનો કૅપ્ટન કાંઈક બોલે છે:

'We must do something, and in the heat.'
(King Lear; I-7)

અને પ્રેક્ષકો બૅટ્સમનને ધાંટો પાડી પ્રોત્સાહન આપે છે :

'Dispatch those Centuries to our aid.'
(Coriolanus; I-7)

આ પ્રોત્સાહનથી બૅટ્સમને 'ખભા ઊંચકયા'-opened his shoulders-અને એક આબાદ ફટકો માર્યો :

'A hit, a very palpable hit.' *(Hamlet; V-2)*

આમ ચાલે છે ત્યાં એક રમનારને વાગે છે, એટલે પ્રેક્ષકવર્ગમાં એની પ્રિયતમા હોય છે તે અકળાઈ જઈ બોલે છે :

'Is not that He lying on the ground?
He lies not like the living! O my heart!'
(Julius Caesar; I-3)

રન ચોરીને લેનારને કવિ નીચે પ્રમાણે વર્ણવે છે :

'A snapper up of unconsidered trifles.'
(Winter's Tale; V-2)

બીજા અચકાતાંઅચકાતાં રન લેનાર ખેલાડી માટે કહે છે :

'Stand, and go back,
Back-I mean,-go-back.
That is the utmost of your having, Back.'
(*Coriolanus; V-2*)

એક સારો ખેલાડી(જે સારો 'બોલર' પણ છે તે)ને માટે લખે છે :

'Marvellous good neighbour,
In sooth, and a very good bowler.'
(*Love's Labour Lost; V-2*)

એક આકર્ષક ખેલાડી પ્રેક્ષક-યુવતીઓમાં માનીતો થઈ પડ્યો છે. કોઇએ તેમને પૂછ્યું કે તમારો માનીતો ખેલાડી કોણ? ત્યારે કહે છે:

'Volumnia (replies), "Honourable George."
(*Coriolanus; I-1*)

છેલ્લે કૅપ્ટન, બાવીસ ખેલાડીઓ ને કમિટીના સભ્યોના ઉદ્‌ગારો જોઇએ. કૅપ્ટન ધાંટો પાડી પોતાના ખેલાડીઓને કહેતો જણાય છે :

'Come, let us to the field,
'Tis three o'clock, and, comrades, yet, ere night
We shall try Fortune in a second fight.'
(Julius Caesar; V-3)

મૅચ પૂરી થતાં બાવીસે રમનારાઓ ભેગા મળી મોટે સાદે બોલે છે:

'Beaten, but not without honour.
In this glorious and well-foughten field,
We kept together in our chivalry.' *(Henry V; IV-3)*

અને કમિટી ગણગણે છે :

'I will entertain them.' *(Julius Caesar; V.)* —ચૈ.

ખીલ

માર્ચ અંકમાં ભાઈ જયંતકુમારનો ખીલનો ઉપાય તથા એપ્રિલમાં મનીષભાઈનું તહેંગી લખાણ વાંચ્યું. 'ખીલ સામાન્ય રીતે બગડેલી પાચનક્રિયાનું પરિણામ છે' એ વાત ખરી છે ને મોટા ભાગનાને એ ખયાલ હોય પણ છે; પરંતુ ખીલ એ ચેપી રોગ પણ છે એ વિષે ઘણા અજાણ છે. 'મેડિકલ ડાઇજેસ્ટ'ના સપ્ટેમ્બરના અંકમાં જણાવ્યું છે કે 'દેખાય છે તદ્દન સાદું (ખીલનું દરદ), પરંતુ એ એક ચેપી દરદ છે. તે પરૂનાં જંતુઓથી થાય છે. આ દેખાતું નિરુપદ્રવી દરદ ઉપેક્ષા કરવા જેવું તો નથી જ. કેટલીક વખત આનો ચેપ શરીરમાં ઊંડો ઊતરે છે અને મૂત્રપિંડ, યકૃત તથા રક્ત-સ્થાનકો ઉપર ભયંકર અસર જન્માવે છે. એ ચેપી હોવા છતાં એને કોઈ ચેપી માનતું નથી; પરંતુ લોકમાનસમાં એ ઉતારવાની જરૂર છે, ને એટલા માટે યુવાન સ્ત્રીપુરુષો પોતાના હાથરૂમાલો, ટુવાલો, પથારી, કપડાં વગેરે દ્વારા બીજાને રોગ સંક્રાંત ન કરે એ ઠસાવવાની ખાસ જરૂર છે. સામાન્ય જનતા એને લોહીનો બગાડ માને છે અને એ વાત સાચી પણ છે, કારણકે ઘણી વખત તેના સફેદ કણો (W.B.C.) ૧૨ થી ૧૪ હજાર જોવામાં આવે છે. (સામાન્યરીતે તે ૫ થી ૭½ હજાર હોય છે.) આવા લોકો, મોટે ભાગે, પાણી બહુ ઓછું પીનારા હોય છે એટલે આહારના પાચનમાં—ખાસ કરીને પ્રોટીનના પાચનમાં તેથી વાંધો આવે છે. એટલે પ્રોટીનના કણો અને બીજા પદાર્થો પચ્યા સિવાયના રહે છે અને ઇન્ડીકન તરીકે પેશાબ વાટે બહાર પડે છે. આ અપૂર્ણ પાચન–અજીર્ણ લોહીને બગાડે છે અને તેને લઇને દરદી ચેપનો ભોગ જલદી બને છે.' ખીલ ન થવા દેવા માટે ઉપરની સૂચનાઓ પણ ધ્યાનમાં લેવી ઘટે, અને તેના ઉપાય કરતાં એ ન થાય એવા પ્રયત્નોમાં આહાર ને વ્યાયામ માટે આગ્રહ રાખવા ઉપરાંત એ દરદ ચેપી છે તે પણ જાણી લેવું જરૂરી છે.

'પ્લેઈન ફૅક્ટ્સ'માંથી એમણે જે દાખલો લીધો છે કે એક અધ્યાપક કૉલેરાનાં જંતુનો આખો કપ પી ગયા ને એના સહાયકે થોડાં જ પીધા તોપણ સહાયકને કૉલેરા થઈ આવ્યો જ્યારે અધ્યાપકને ન થયો, ને તેનું કારણ આપતાં એમણે જે કહ્યું કે 'એનો અર્થ એમ જ કે સહાયક પહેલેથી જ રોગી હતા.' એ વસ્તુ મૂકવામાં એમની સહેજ ભૂલ છે.

સહાયકે થોડાંક જંતુવાળું પાણી પીવા છતાં કૉલેરા થઇ આવ્યો તેનું કારણ એમનામાં 'કૉલેરા' સામે લડવાની રોગપ્રતિકારક શક્તિ-(immunity)નો અભાવ હતો, જ્યારે અધ્યાપકમાં રોગપ્રતિકારક શક્તિ પ્રબળ હતી. સંપૂર્ણ તદુરસ્ત માણસને જો જરા પણ કોઈ ચેપ લાગે ને એનામાં તે રોગ સામેની પ્રતિકારક શક્તિ ન હોય તો તે તરત જ રોગનો ભોગ થઈ પડે, જ્યારે બીજા દેખાવે સુકલકડી જેવા પણ તંદુરસ્ત માણસને એનો ચેપ લાગે છતાં એનામાં રોગપ્રતિકારક શક્તિ પ્રબળ હોય તો એને રોગ ન થાય.

કોઈ પણ રોગનો કે તેનાં જંતુનો ચેપ જો બહુ જ થોડી માત્રામાં માણસને લાગે તો શરીરમાં એની પ્રતિક્રિયા થાય છે ને શરીરમાં એ રોગ સામે લડવાની શક્તિ પેદા થાય છે; પરંતુ એ જ ચેપ જો જોરદાર માત્રામાં હોય તો રોગ થાય. બી.સી.જી.ની રસી પણ આ જ સિદ્ધાંત પર આપવામાં આવે છે. જેમનામાં ક્ષયની સામે લડવાની રોગપ્રતિકારક શક્તિ જોવામાં આવે છે તેમને રસી મૂકવામાં આવતી નથી, પણ જેમનામાં એ શક્તિ ન જણાય તેમને જ મૂકવામાં આવે છે. એટલે કે અધ્યાપકના સહાયક મૂળથી જ રોગી હતા એમ ન કહેવાય, પણ બિલકુલ નીરોગી હોવા છતાં તેમનામાં કૉલેરાનાં જંતુ સામે લડવાની જે રોગપ્રતિકારક શક્તિ જોઇએ તે ન હતી.

આયુર્વેદનું ચણતર પણ આના ઉપર જ છે. એ જંતુઓથી ગભરાતું નથી, પણ મનુષ્યની રો.પ્ર. શક્તિમાં માને છે. જંતુઓ મારફત ચેપ લાગવાના 'ઍલોપથી'ના સિદ્ધાંતને એ પ્રસંગ પડકારરૂપ છે અને મનુષ્યની રો.પ્ર. શક્તિ જ મુખ્ય વસ્તુ છે એવી એની મહત્તા સ્થાપિત કરે છે.

—ડૉ. પ્રફુલ્લ બી. વૈદ્ય

OUR FRIENDS ABROAD

જગત્સંપર્ક સાધતો પત્રમિત્ર-વિભાગ

હિંદી પત્રમિત્રો

(471) Arvind N. Patel–14, Khetwadi, 3rd St., 21 Sandhurst Rd., 3rd Floor, Bombay-4, Reading, Hand Crafts, Photos, View-Cards; (472) Vinod Apabhai Patel–19, Khari Kui, Sojitra (Kaira Dist.), Stamps, Photography, Driving, Novels; (473) Jayant Narottam-14, 53 Mint Road, 3rd Floor, Bombay-1, Riding, Reading, Swimming, View Cards; (474) Jayantilal Jivraj Vaghela–20, Raj-Mahel, Jetpur (Saur.), Playing Cards, Cycling, Embroidery, Painting; (475) Yogendra H. Thakrar–20, C/o Chandragopal R. Co., Near Sata-Bazaar, Veraval (Saur.), Stamps, Swimming; (476) Shakurbhai Ahmedbhai Baki–19. C/o Haji Ahmedbhai Shakurbhai Baki & Co, Wood-merchant, Moti Vohrawad, Visnagar (N. G.), Cycling, Photography, Reading, Cinema; (477) Vinodchandra Somlal Shah–18, Kanipur, Via Dahegam (Ahmedabad Dist.), Social Works, Stamps, Photos, Sports; (478) Niranjan Kanaiyalal Dave–17, C/o Kanaiyalal B. Dave, Salwi-wado, Patan (N. G.) Reading, Gujarati Literature, Swimming, Games, Poetry; (479) Jagdishkumar Shivabhai–16, Dahya Bhai's Street, Narsanda; Via Anand (Dist. Kaira), Stamps, Travelling, Nature, Photography; (480) Dhanvant S. Ranpura–22, State Bank of Saurashtra, Upleta (Saur.), View-Cards, Stamps, General Knowledge; (481) Umakant G. Majmudar–19, Amtha Parbhu's Chawl, Pilaji Ganj, Mehsana (N. G.), Stamps, Sports, Photography; (482) Indravadan C. Dave–20, C/o C. D. Dave Esq., Opp. Girls' School, Surendranagar (Saur.), Photography, Natural Science, Jungle-Tours, Swimming, News-Cuttings, Philosophy; (483) Manhar Chimanlal Patel–11, C/o Chimanlal Narandas Patel, 10 Shantiniketan, Ahmedabad-6, Stamps; (484) Rameshchandra V. Shah–17, C/o Kanu V. Shah, Vadod, Via Anand, Stamps, Music, Photography; (485) Amin Jayant P.–19, 52 Alembic Colony, Baroda-3, Stamps, Coins, View-Cards; (486) Navnit D. Sampat–13, C/o D. J. Sampat, Chordi Gate, Gondal (Saur.), General; (487) Dhirajlal Vallabhdas Sodha–20, Near Power-House, Tribhu-Nivas, Baharkot, Veraval (Saur.), Stamps, Cinema; (488) Amritlal J. Bhayani–22, 428 Khadkhad Lane 4, Veraval (Saur.), Stamps, Literature, Drawing, Swimming; (489) Kirtikumar M. Ringwala–20, 1578 Vichhi's Pole, Mandvi's Pole, Ahmedad, Nail-Art, Dancing, Correspondence. (ગયા '. ૪૬૭માં Jamnagar ઉમેરવું.)

(ચાલુ)

શ્રી ઈન્દિરા ગાંધી

C/o જવાહરલાલ નેહરુ • ન્યૂ દિલ્હી

બિલ નં. $\frac{XXX\ 10}{76}$ P. O. ધારી 12-1-1956

ટુ બૉટલ્સ ઑવ ઑઇલ પોસ્ટેડ બાય રજિસ્ટર્ડ પારસલ રિસીટ નં. ૯૪, મૅન્યુફૅક્ચર્ડ બાય સિલેક્ટેડ ભાંગરા પ્લૅન્ટ્સ, ઍન્ડ બ્લૅક ટીલ ઑઇલ. પ્રિસ્ક્રિપ્શન પોસ્ટેડ. —મૅનેજર

સ્વાનુભવેલો પ્રયોગ

અનુભવી : શાહ શાન્તિલાલ વસ્તાભાઈ

કાપડના વેપારી, **ધારી**–કાઠિયાવાડ

માથાના વાળ માટે વપરાતાં તેલોથી કેટલીક વાર માણસને નુકસાન થાય છે. વળી તેનાથી ફાયદો થવાને બદલે નુકસાન જ વધારે થાય છે. અમારા એક મિત્ર શાન્તિલાલ વસ્તાભાઇને આવા હેરઑઇલે ઘણો સરસ હાથ બતાવેલો હતો. તેવા હેરઑઈલના વપરાશથી તેમના બધા વાળ સફેદ થઈ ગયા હતા. ઘણા માણસોની આ બાબતમાં સલાહ લીધી. છેવટે શાળા-ખાતાના એક અધિકારી રા. હરિભાઈ પટેલે એમને શીર્ષાસન સાથે ભાંગરાના તેલનો પ્રયોગ બતાવ્યો. તે પ્રમાણે તેલ બનાવી ઉપચાર કરવાથી તેમના વાળ ફરી કાળા થઈ જાય છે.

પોતાને મળેલા આ લાભનો ફાયદો પોતાના સમાજબંધુઓને પણ મળે, ઊંધે રસ્તે દોરવાઈ જતા લોકોને સાચી વસ્તુસ્થિતિનો ખયાલ આવે તેવા ઉદ્દેશથી તેમણે તે પ્રયોગ પ્રમાણે વધારે પ્રમાણમાં તેલ બનાવી વેચવા રાખેલ છે. આ તેલ કોઇને તૈયાર જોઇતું હોય તો પણ મળી શકશે અને ઘેર બનાવવાની ઇચ્છા હશે તો તેમને પત્ર લખી પુછાવવાથી બધી હકીકત તેઓ લખી મોકલે છે. તો તે બાબત વધુ ખુલાસા માટે ઉપરના સ્થળે પત્રવ્યવહાર કરવો.

('વ્યાયામ'માંથી ટૂંકાવીને)

સદરહુ તેલના વપરાશથી ટાલ ઉપર વાળ ઊગે છે, ખરી પડતા અટકે છે. બહેનોએ ઘેર બનાવી વાપરવાલાયક છે. મગજનું કામ કરનારા વેપારીઓ, વિદ્યાર્થીઓ તથા વકીલોને ઉપયોગી હોઈ આંખોને હિતાવહ છે.

ડૉ. ચંદ્રચૂડ (વડોદરા) પ્રમાણિત

જવાબ માટે ચાર આનાની સ્ટૅમ્પ બીડો.

(મુંબાઇ સમાચાર) અઠવાડિકની વિનતિને માન આપી ઉપરનો પ્રયોગ બહાર પાડેલ છે.

આ માસ (જુલાઇ) ઈતિહાસમા:

વ્યક્તિવિશેષ: હેન્રી ડૅવિડ થૅારો

જીવનભર પ્રકૃતિના લાડીલા બાળ બનીને તેનો આનંદ આકંઠ માણી જનાર અમેરિકન



સાહિત્યકાર ને કરુણા તથા પ્રેમ નીંગળતા હૃદયથી સંપન્ન મહાત્મા હેન્રી ડૅવિડ થૅારોનો જન્મ ઈ.૧૮૧૭ની ૧૨મી જુલાઇએ અમેરિકાના માસાચુસેટ્સ પરગણાના કૅાન્કૉર્ડ મુકામે થયો હતો. માની ગાયોને ચરાવવા જતાં નાનપણથી જ તેમને પ્રકૃતિ ને એકાંત સાથે સઘન આત્મીયતા બંધાઈ, જે તેમના જીવન સાથે ઉત્તરોત્તર વધતી જ ચાલી. શિક્ષણ કરતાં નિરાળું જ જીવનલક્ષ્ય નિર્ધારી રાખ્યું હોઈ નિશાળમાં અને હાર્વર્ડ યુનિવર્સિટીમાં તેમણે પોતાનું શૈક્ષણિક વૈશિષ્ટ્ય બતાવેલું નહિ; જોકે વિદ્યાર્થી તરીકે તેઓ બુદ્ધિકૌશલવંતા ને બહુશ્રુત હતા જ. વળી ગ્રીક અને લાટિન ભાષાઓ પર તો તેમણે અદ્ભુત પ્રભુત્વ મેળવ્યું હતું. પહેલાં શિક્ષક, પછી લેક્ચરર અને લેખક તરીકેનો વ્યવસાય તેમણે નિભાવ માટે સ્વીકારેલો; પણ તેમના જીવનનો મુખ્ય વ્યવસાય તો મોજણીદાર તરીકેનો રહેલો. માત્ર પોતાની આત્યંતિક જરૂરિયાતોને જ સંતોષવા પૂરતો મનુષ્ય જેટલી ઓછી મહેનત કરે તેટલો તે પોતાના આત્માના અને માનવસમાજના કલ્યાણ માટે વધુ ઉપકારી ગણાય એ તત્ત્વસાર તેમણે પોતાના સમગ્ર ચિંતન-મંથનમાંથી મેળવ્યો હતો. તેમનું પોતાનું જીવન પણ એને સર્વાંશે અનુરૂપ અને તેના અત્યંત ઊજળા ઉદાહરણરૂપ હતું. સ્નેહ અને નિઃસ્પૃહતાના એ ફિરસ્તાની વાર્ષિક આવક માત્ર પચીસ ડૅાલરની હતી. સ્વાતંત્ર્યની તેમની ભાવના પણ એવી જ ઉદાત્ત અને ઉચ્ચ છે. સ્વાતંત્ર્યનું મૂલ્ય તેઓ સ્વાશ્રયમાં જુએ છે. મનુષ્યે માળો બાંધતા પંખીની જેમ સ્વતંત્ર બનવું જોઇએ એમ તેઓ માનતા. ઈ. ૧૮૪૫થી વૉલ્ડન જંગલના તળાવ આગળ જાતે ઝૂંપડી બાંધી ત્યાં પ્રકૃતિના સતત સાહચર્યમાં નિર્બંધ આનંદમય જે કાળ તેમણે વિતાવ્યો તે તેમનાં જીવન તેમજ તેમની સાહિત્યિક કારકિર્દી માટે પણ સુવર્ણકાળ હતો. મોજણી એ તેમનો અહીંનો કામચલાઉ વ્યવસાય હતો. જમીન ખેડી પોતા પૂરતાં અનાજ ને શાકભાજી તેઓ ઉપજાવી લેતા. પ્રકૃતિ સાથેનો તેમનો સહચાર પરાકાષ્ઠાએ પહોંચ્યો હતો. તેમના બોલાવવાથી પંખીઓ ને પશુઓ ઊડી ને દોડી આવતાં, તથા માછલીઓ પાણીમાંના તેમના બે હાથ વચ્ચે નિર્ભય રમતી. હવે તેમણે બહોળા પ્રમાણમાં વાચન-પરિશીલન અને ચિંતન-મનન કર્યું. અહીં રહી બે વર્ષ સુધી પ્રકૃતિ-સાહચર્યનો તેમણે માણેલો અકુંઠિત આનંદ તેમના ઈ. ૧૮૫૪માં બૅાસ્ટનથી પ્રકટ થએલા 'વૉલ્ડન' અથવા 'લાઇફ ઇન ધ વુડ્ઝ' પુસ્તકમાં યથાવત્ ઝિલાયો છે. ઈ. ૧૮૪૭માં વૉલ્ડન છોડ્યા પછી થોડા સમય પૂરતો સીસાની પેન્સિલ બનાવવાનો વ્યવસાય તેમણે હાથ ધરેલો. દરમ્યાનનાં થોડાં વર્ષોમાં અમેરિકન તત્ત્વજ્ઞાની ને સંત એમર્સન સાથે તેમનો સંપર્ક થયો, જે ગાઢ મિત્રાચારીમાં પરિણમ્યો. તેઓ આજીવન અવિવાહિત રહેલા. ઈ. ૧૮૬૨ની ૬ઠ્ઠી મેએ તેમનું અવસાન થયું.

ત્રીસ વર્ષ લગી તેમણે કાવ્યલેખન પાછળ કલમ ચલાવેલી. 'વૉલ્ડન' સિવાય તેમણે 'એક્સ્કર્શન્સ'(બૅાસ્ટન ૧૮૬૩), 'ધ મેઈન વુડ્ઝ' (૧૮૬૪), 'ધ લેટર્સ ઍન્ડ પોએમ્સ'(૧૮૬૫) અને ઈ.૧૮૩૫થી ઉત્તમ વિચારો અને મનોરમ વર્ણનો ભરી ડાયરીના ત્રીસ ગ્રંથો લખ્યા છે. સાહિત્ય-તત્ત્વજ્ઞાનમાં મૌલિક પ્રદાન છતાં પ્રકૃતિવિદ (પ્રકૃતિમય) તરીકેનું તેમનું સ્થાન તો અજોડ ને અપૂર્વ છે.

દિનવિશેષ

તા. ૧ હિંદી 'સ્ટૅન્ડર્ડ ટાઈમ' આખા હિંદુસ્તાનમાં સૌ પહેલી વાર દાખલ કરવામાં આવ્યો, ૧૯૦૫.
તા. ૨ હોમિયોપેથીના આવિષ્કારક જર્મન વૈદકશાસ્ત્રી સૅમ્યુઅલ હાનેમાનનું અવસાન, ૧૮૭૩.
તા. ૩ હિંદી પ્રજાશાસનનું ઈ. ૧૯૩૫નું બંધારણ બ્રિટિશ સરકારે બહાર પાડ્યું, ૧૯૩૬.
તા. ૮ દુનિયાના સૌથી મોટા નહેર-બંધ 'ભાકરા-નંગલ'નું પં. નેહરુએ ઉદ્ઘાટન કર્યું, ૧૯૫૪.
તા. ૧૨ જગતભરનાં રાષ્ટ્રોને સંડોવી લેતા ભીષણ પ્રથમ મહાયુદ્ધનાં મંડાણ થયાં, ૧૯૧૪.
તા. ૧૬ ગુજરાતના ગૌરવવંતા રસાયનશાસ્ત્રી ત્રિભુવનદાસ ક. ગજ્જરનું અવસાન, ૧૯૨૦.
તા. ૧૯ આવકવેરો 'ઇન્કમટૅક્સ' સમગ્ર હિંદુસ્તાન ખાતે પહેલી વાર અમલમાં મુકાયો, ૧૮૬૦.
તા. ૨૫ ગુજરાતમાં સમાજસુધારાના શ્રીગણેશ માંડનાર કરસનદાસ મૂળજીનો જન્મ, ૧૮૩૨.
તા. ૨૮ ધર્મઝનૂની ઔરંગઝેબે રાજ્યલોભને કારણે પોતાના ભાઈ દારાનો વધ કર્યો, ૧૬૫૯.
તા. ૩૦ ખેડામાં રાસ ગામે સત્યાગ્રહ કરવા નીકળેલા મહાત્મા ગાંધીજીની ધરપકડ, ૧૯૩૩.
તા. ૩૧ બ્રિટિશ સૈનિક સર રૅાબર્ટ બેડન-પૅાવેલે બૅાય-સ્કાઉટ પદ્ધતિ અમલમાં મૂકી, ૧૯૦૮.

પ્રસંગવિશેષ: બંધારણસભામાં રાષ્ટ્રધ્વજનું નિર્માણ, ૨૨મી જુલાઈ ૧૯૪૭

ઈ. ૧૯૦૦ના પહેલા દશકામાં કલકત્તા ખાતે નિર્માએલા ભારતના પહેલા રાષ્ટ્રધ્વજમાં મથાળે હિંદુના લાલ પટ્ટામાં આઠ કમળ, વચ્ચે પીળા પટ્ટામાં 'વંદેમાતરમ્' શબ્દો ને નીચે મુસ્લિમના લીલા પટ્ટામાં સૂર્ય ને ચાંદતારાનું અંકન હતું. તે પરથી યુરોપમાં ક્રાન્તિકારી માદામ કામાએ થોડો ફેર કરી 'સોશ્યાલિસ્ટ ઇન્ટરનૅશનલ'માં રજૂ કરેલ રાષ્ટ્રધ્વજમાં મથાળે લાલ પટ્ટામાં આઠ કમળને બદલે શરૂમાં એક કમળ અને તે પછી સપ્તર્ષિના સૂચક સાત તારકો હતા. ઈ. ૧૯૧૭ની હોમરૂલ ચળવળ વખતે ડૅા. ઍની બેસંટે યોજેલો તે નવ લાલ-લીલા પટ્ટા વચ્ચે સપ્તર્ષિના તારક, ચાંદ-તારા, તથા બ્રિટિશ કૅામનવેલ્થમાં રહેવાના સંકેત રૂપ મથાળે યુનિયન જૅકવાળો ધ્વજ. ગાંધીજીએ ઈ. ૧૯૨૧માં યોજાવેલા રાષ્ટ્રધ્વજમાં લઘુમતીઓના સફેદ, મુસ્લિમોના લીલા અને હિંદુઓના લાલ એવા ત્રણ પટ્ટાઓ ઉપર મોટા વાદળી રેંટિયાનું આલેખન હતું. શીખોએ પોતાનો પણ કાળો રંગ ઉમેરવાનો આગ્રહ કર્યાથી, મહાસમિતિએ નીમેલી ખાસ કમિટીમાં શીખ નેતા માસ્ટર તારાસિંગે એકલા કેસરી ધ્વજમાં ઉપલે ડાબે ખૂણે આસમાની રેંટિયો આલેખેલા ધ્વજનું સૂચન કર્યું હતું. અંતે કોમસૂચક રંગો કાઢી નાખી શૌર્ય માટે કેસરી, શુદ્ધિ માટે સફેદ અને શ્રદ્ધા માટે લીલો રંગ રાખી, ધોળા પટ્ટામાં વચ્ચે બ્લૂ રેંટિયાવાળો રાષ્ટ્રધ્વજ ઈ. ૧૯૩૩માં મુંબાઈમાં મળેલી મહાસમિતિએ માન્ય જાહેર કર્યો, જેની નીચે લડીને કૅાંગ્રેસે સ્વાતંત્ર્ય લીધું. અને છેવટે ઈ. ૧૯૪૭ની ૨૨મી જુલાઇએ બંધારણસભાએ રેંટિયાને બદલે અશોકચક્ર મૂકીને દેશસમસ્તના રાષ્ટ્રધ્વજ તરીકે આજના આપણા રાષ્ટ્રધ્વજને જે નિશ્ચિત ઠરાવથી માન્ય જાહેર કર્યો તેની વિગતો આ મુજબ છે: (૧) મથાળેથી અનુક્રમે ઘાટા કેસરી, સફેદ અને ઘેરા લીલા રંગના ત્રણ સરખા પટ્ટાવાળો ત્રિરંગી આડો ધ્વજ; (૨) વચ્ચેના સફેદ પટ્ટાની મધ્યે, પટ્ટાની પહોળાઈના જ કદનું, અશોકના સારનાથ-સ્તંભના સિંહ-શિખરની બેસણી પરના ચક્ર જેવું આબેહૂબ, ૨૪ આરાવાળું આસમાની રંગનું ચક્ર; (૩) ધ્વજની લંબાઈ અને પહોળાઈનું પ્રમાણ ત્રણ અને બેનું.







'માનવ કુટુંબનું મહાગાન'
પ્રદર્શનનાં ચિત્રો



પાછળની ચિત્ર-પ્લેટના અનુસંધાને

...અને પછી નવજાત શિશુ પગલીઓ પાડે છે (મથાળે મોટું ચિત્ર–યુ. સ્ટે. અમેરિકા : નેલ ડોર) Bone of my bones, flesh of my flesh *(Genesis)*–મારાં હાડકાંના હાડ, મારી માંસની પેશી... (નીચે જમણી બાજુ યુ. સ્ટે. અમેરિકા : લીઓ લેવિન્સ્ટાઈન) મારા દિલના દુલારા, મારા લોહીના લાલ * * માના પ્રેમનો–અરે દાદીમા સુદ્ધાંના પ્રેમનો ઉદ્રેક દુનિયાભરનાં માનવમાત્રમાં એકસરખો છે (જમણી બાજુ મથાળે–જર્મની : એમ. ઑાસમૅન) દાદી અને દીકરો (અને તેની નીચે ઑસ્ટ્રિયા : ટેડ કૅસલ) મા અને દીકરીનાં ચિત્રોમાંનાં મમતા અને શ્રદ્ધાભર્યાં હાસ્ય આ ચિત્રોની ચાર કિનાર વચ્ચે નહિ પણ સમસ્ત માનવ જગતમાં એકસરખાં વિલસી રહ્યાં છે; પછી તે જર્મનીમાં હોય કે જમાઇકામાં, ઑસ્ટ્રિયામાં હોય કે ઇન્ડોનેશિયામાં.

[કૌંસમાં પહેલું દેશનું નામ આપ્યું છે અને પછી ફોટોગ્રાફરનું નામ.]











'માનવકુટુંબનું મહાગાન' પ્રદર્શનનાં ચિત્રો
અહીં મુક્ત હૃદયનું હાસ્ય છે, (આ કૉલમને મથાળે–યુ. સ્ટે. અમેરિકા: ઑવ સ્વાલબર્ગ) અને દિલને વલોવી નાખતી વેદના છે. (સામેના કૉલમને મથાળે–યુ. સ્ટે. અમેરિકા : ડૉરૉથી લાન્જ); અહીં તેવતેવડાં જુવાનડાંઓની પ્રેમોન્મત્ત મસ્તી છે (આ કૉલમમાં વચ્ચે–યુ. સ્ટે. અમેરિકા : ગારી વિનોગ્રાન્ડ) અને પ્રગાઢ ધર્મભાવનામાં ઝૂકી પડતી શ્રદ્ધાન્વિત ભક્તિ છે(આ કૉલમને છેડે–કોરિયા: માર્ગારેટ બૂર્ક વ્હાઈટ); અહીં દિલનો ઉમંગ રેડીને થતાં વ્યક્તિગત અને સમૂહગત કામનાં ગાન છે(સામેના કૉલમમાં વચ્ચે–યુ.સ્ટે.અમેરિકા : સૅાલ લિબસોન), અને જીવનનો અંતિમ વિરામ ગાન પણ છે. (સામે–બિલ બ્રાન્ટ)



જાતિ ન પૂછો સાધકી, પૂછ લીજિયે જ્ઞાન;
મોલ કરો તલવાર કા, પડા રહન દો મ્યાન.

—કબીર


મનુષ્ય સાધનને અભાવે નહિ, સાધનાને અભાવે નિષ્ફળ જાય છે.

લોકો પાસેથી દ્રવ્ય ઓકાવવા મિસરના રાજાએ હજરત ઇસાને ગિરફતાર કર્યા. તેમને છોડાવવા લોકો અખૂટ દ્રવ્ય રાજાને ધરવા લાગ્યા. તેમાં એક રંક ડોસીમાને જાતે કાંતેલા સૂતરની ચાર-પાંચ આંટી રાજાને આપવા જતી જોઈ લોકો હસવા લાગ્યા. તેમને માજીએ કહ્યું, 'આનાથી હજરત સાહેબ છૂટે કે ન છૂટે તેનો વિચાર હું કયાં કરું? પણ ખુદાના દરબારમાં 'હજરતને છોડાવવા તમે શું કર્યું' એમ પુછાશે ત્યારે હું મોં નીચું ઘાલી ઊભી તો નહિ રહુંને!'

અનેકાર્થી શબ્દ: કોટ=કિલ્લો, ગઢ કે કાંટાની વાડ; વંડો; ડગલો; ગરદન કે ડોક; ઝૂંપડી; જથ્થો કે સમૂહ; શત્રુ ન ભેદી શકે એવી વ્યૂહરચના; શરીર; કુટિલતા (કૂટ); મહેલ; માળો; મદ્રાસ તરફ બોલાતી એક ભાષા; એક જાતનું ઝાડ; ઘણું.

કહેવતો: 'એંઠું ખાય તે ચોપડયાને ભરોસે'–લાલચનો માર્યો માણસ અણછાજતું કે હીન વર્તન દાખવે અથવા વધારે પડતો પરિશ્રમ કરે, તે દર્શાવવા માટે વપરાતી આ કહેવતને મળતાં બીજાં કથન: 'પેધ્યો આવે પરોણો, ને લપકે આવે ઢોર'; 'ઢોર જાળામાં મોં નાખે તે લીલાને ભરોસે'; દક્ષિણાની લાલચે બ્રાહ્મણ સો ગાઉની ખેપ કરે'.

ચોમાસામાં તુવેરની દાળના ડબ્બામાં થોડી હીંગ રાખવાથી તે કડક રહે છે.



દુનિયાની મોટામાં મોટી ગણાતી અમેરિકાની આ પાલોમર વેધશાળા પરના ૨૦૦ ઇંચી દૂરબીનની શક્તિ એટલી છે કે ૧૮,૦૦૦ માઈલ દૂરની મીણબત્તીની જ્યોત તેમાંથી જોઈ શકાય.



ગણિતગમ્મત: ઊતરતી ક્રમિક સંખ્યાવાળા કોઈ પણ ત્રણ આંકડા ધારો (દાખલા તરીકે ૭,૬,૫); અને હવે તેનો ઊલટો ક્રમ કરો (૫, ૬,૭). એ બેની બાદબાકીને અંતે જવાબ હમેશાં એકસરખો જ આવશે: ૧૯૮.

મ્હૈસૂર રાજ્યમાં આવેલો ૯૬૦ ફૂટ ઊંચેથી પડતો ગેરસપ્પાનો ધોધ આખા યે ભારતનો સૌથી ઊંચો ધોધ છે. વળી આપણા દેશનું સૌથી ઊંચું (૫૯ ફૂટ) મૂર્તિશિલ્પ પણ ત્યાં આવેલું છે.

ચશ્માં સૌપહેલાં ઉપયોગમાં આવ્યાં ઇ. ૧૩૫૨માં. ઇટાલીના શહેર ટ્રેવિસોના એક દેવળમાં ત્યાંના એક ચિત્રમાં કાર્ડિનલ યુગોને આંખ આગળ કાચની જોડી પહેરેલો બતાવવામાં આવ્યો છે. ચશ્માંની આ સૌથી જૂની પ્રાપ્ત માહિતી છે.

સ્તનપાયી જીવોમાં સૌથી તેજ દોડનાર ચિત્તો છે. કલાકે ૭૦ માઇલની રફતાર તે કાપે છે.

શ્રીમંતોનાં અજબ સ્નાન: રાણી ઇલિઝાબેથ દારૂથી સ્નાન કરતી એમ કહેવાય છે. રોમની રૂપવતી સ્રીઓ મધ અને ગધેડીના દૂધનું મિશ્રણ કરી તેનાથી નહાતી. કિમ્બરલીના કેટલાક ધનિક પુરુષો વળી નાહતાંનાહતાં જમણપાર્ટીઓ પણ ગોઠવતા. ત્યારે તેઓ વાનીઓની હેરફેર માટે લાકડાનાં તરતાં ટેબલ વાપરતા!

દુનિયાનો સૌથી ગરમ પ્રદેશ તે ૧૨૭ અંશ ફેરનહાઇટ ઉષ્ણતામાનવાળું કૅલિફૉર્નિયામાં આવેલું 'ડૅથ-વૅલી' (મૃત્યુ-ખીણ) નામનું સ્થળ છે; ને સૌથી ઠંડો પ્રદેશ તે ૦ અંશથી ૯૦ અંશ ફેરનહાઇટ નીચા ઉષ્ણતામાનવાળું સાઇબીરિયામાં આવેલું 'વૅરખોયાન્સ્ક' નામનું સ્થળ છે.

દુનિયામાં ઠંડામાં ઠંડું સ્થળ મધ્ય સાઈબીરિયાનું વર્ખોયાન્સ છે. એક જ છલંગે કાંગારુ લાંબામાં લાંબી ૭૦ ફૂટની ફાળ ભરી શકે. મુદ્દલ તરી ન શકતું હોય તેવું જાનવર માત્ર ઊંટ જ. વર્ષની પહેલી તારીખે જે વાર હોય તે જ વારે વર્ષની છેલ્લી તારીખ આવે છે. લીપ ઈયરમાં એક દિવસનો ફેર પડે. (ગજેન્દ્ર વ્યાસ)



કલાકણિકા: ઇજિપ્તમાં કાહિરા (કૈરો) મુકામે આવેલી ઈ. ૧૨૮૯ની સાલની, સુલતાન કલાઊનની મસ્જિદમાંના એક બારણા પરની તકતીમાંની લાકડાની કોતરણી.